# બાઇબલ અભ્યાસ

ભાગ ૫



## બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

-રેવ. જયાનંદ ભાઈ. ચૌહાણ

ગુજરાત કૉન્ફરન્સ (મેથોડિસ્ટ ચર્ચ ઇન ઇન્ડિયા)ની સાહિત્ય યોજનાના સહકારથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.

# બાઇબલ-અભ્યાસ

(બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

ભાગ ૫મો

# બાઇબલ - અભ્યાસ

## (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ ૫મો

લેખક


રેવ. જયાનંદ આઈ. ચૌહાણ એમ. એ. (જર્નાલિઝમ) યુ.એસ.એ.

કનાન, ખડાયતા કૉલોની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬



- પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન -

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

પ્રકાશક
ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

બાઇબલ-અભ્યાસ
ભાગ ૫મો
પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૧૯૮૫
નકલ ૨,૦૦૦
કિંમત રૂા. ૪-૦૦

મુદ્રક :
કાંતિલાલ ડી. પટેલ
મંગલ મુદ્રણાલય
રતનપોળ-અમદાવાદ ૩૮૦ ૦૦૧

## બે શબ્દો કહી લઉં—

આ 'બાઇબલ—અભ્યાસ'નો ભાગ ૫ મો આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં એના આવડે એવા ઉત્તરો આપ્યા-'ખ્રિસ્તીબંધુ' દ્વારા, એ પ્રશ્નોત્તરી ક્રમશઃ ૧૯૭૫થી ચાલતી આવી છે. કદાચ ૧૯૪૬થી કહું તોય સાચું. એનો આ સુધારાવધારાવાળો સંગ્રહ.

જાણકારીનો દાવો કરવાની ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ની સાલ ચાલતી હતી. મનમાં બાઇબલના ખુલાસા, ઇત્યાદિ સંબંધીના ઘણા ઘણા પ્રશ્નો મનમાં હતા, મેં ઘણા મિત્રોને પૂછ્યું -લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો નહિ. પણ પછી પરમપિતા પરમેશ્વરે ક્રમશઃ પ્રકાશ આપવા માંડયા.

એવાં કંઈક વર્ષોનો અંગત બાઇબલ-અભ્યાસ અને એ માટે કંઈક રાત્રિઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના! એ બધાંનો લાભ બીજાંને પણ મળે તો કેવું સારું! એટલે મારી જેમ બીજાંના પ્રશ્નો. મૂંઝવણોમાં સહાય બનવા આ પ્રશ્નોત્તરી શરૂ થઈ.

અને બાઇબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલાં બનીને આ પ્રયાસને વધાવી લીધો, પત્રો લખ્યા, જાતે મળ્યા,

આભાર અને આનંદ વ્યકત કર્યા, ખરું કહું ? મારી ઉપર મૂકેલાં આ ભાવના અને ભરોસા માટે મેં છૂપો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ, તમે સૌનો કેટલો આભાર માનું ?

આ કટારોને 'ખ્રિસ્તીબંધુ'નાં તંત્રીશ્રી શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાને ઉદાર ભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન આપી ઉત્તેજન આપ્યું માટે એમનો પણ આભાર.

છેલ્લે, પ્રભુ પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી એ માટે, અને તેમનાં અદ્દભુત વચન (બાઇબલ) માટે ત્રૈક ઈશ્વરનો આભાર.

—જયાનંદ આઈ. ચૌહાન

# વિષયાનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ખ્રિસ્તવિરોધી કોણ છે? | ૧ |
| ૨. | જગતના અંતની શી નિશાની? | ૫ |
| ૩. | ઉત્પત્તિ ૪૯:૧૦નો શો અર્થ થાય? | ૬ |
| ૪. | ગણના ૨૪:૧૭ માં બલઆમ કોના વિષે કહે છે? | ૮ |
| ૫. | "એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ." એટલે શુ? | ૯ |
| ૬. | "અનંતકાળનો નાશ" એટલે શું? | ૧૨ |
| ૭. | આપણાં પ્રભુમંદિરો (દેવળો) પવિત્ર સ્થળો છે? | ૧૫ |
| ૮. | "આકાશના રાજ્ય પર બળાત્કાર" એટલે શું? | ૧૮ |
| ૯. | માર્ક ૬:૧૧ માં અમુક ભાગ કેમ પડતો મૂકાયો છે? | ૧૯ |
| ૧૦. | 'નાતાલ' અને 'Xmas'નો અર્થ શો? | ૧૯ |
| ૧૧. | યહોવા કોણ? | ૨૧ |
| ૧૨. | 'ઓરડી' કે 'ઓરડીઓ'? ( ઉત્પત્તિ ૬ : ૧૪ ) | ૨૨ |
| ૧૩. | નૂહના વહાણમાં આટલા બધાં પ્રાણીઓ–પંખીઓ સમાઈ શકે ખરાં? | ૨૩ |
| ૧૪. | ખ્રિસ્તનો અભિષેક કયારે થયો? | ૩૦ |
| ૧૫. | મૂસાના શબની શી તકરાર હતી? (યહૂદા ૧ : ૮ ) (જુઓ નં. ૨૮ ). | ૩૧ |
| ૧૬. | પિત્તળના ઢાળેલા સમુદ્રનું માપ ખોટું? | ૩૪ |
| ૧૭. | પ્રભુના પુનરાગમનની હજી વાર છે? | ૩૬ |
| ૧૮. | "અગાઉ થયેલાં પાપ" કયાં? (રૂમી. ૩ : ૨૫ ) | ૪૭ |
| ૧૯. | પત્નીએ પતિને આધીન રહેવું. | ૪૮ |
| ૨૦. | 'મંડળી' એટલે શું? | ૪૯ |
| ૨૧. | પ્રાર્થના કોને સંબોધવી? | ૫૧ |
| ૨૨. | શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા? શું એમની કબર કાશ્મીરમાં છે? | ૫૩ |

૨૩. શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? (ચાલુ) ૬૧

૨૪. પ્રભુ ઈસુ ભારત બે વખત આવ્યા ? ૬૯

૨૫. 'આદિકરણ' એટલે શું ? (પ્રકટી. ૩ :૧૪ ) ૭૪

૨૬. 'નાશ' એટલે શું ? (યોહાન ૩ : ૧૬) ૭૬

૨૭. યહૂદીઓના પંથો અને ન્યાયની અદાલતો ૮૩

૨૮. મૂસાના શબ વિષે તકરાર ( જુઓ નં. ૧૫ ). ૮૯

૨૯. 'અંકુર' એટલે શું ? ૯૨

૩૦. 'બે પર્વતો વચ્ચેથી ચાર રથો' શું છે ? (ઝખાં. ૬:૧-૮ ) ૯૩

૩૧. 'શિનઆર' કયો દેશ ? ૯૩

૩૨ ઝખાર્યા ૧૩ : ૮-૯ માં 'ત્રીજો ભાગ' શું છે ? ૯૪

૩૩. 'હુસ્સાબ' એટલે શું ? ( નાહૂમ ૨ : ૭ ) ૯૪

૩૪. "સિયોન ખેતરની પેઠે ખેડાશે" આ ભવિષ્યવચન
કયા સમય માટે છે ? ૯૫

૩૫. યશાયા ૬૧ : ૪-૫ માં કોની પુનઃસ્થાપના વિષે આપ્યું છે? ૯૬

૩૬. "સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થા" ક્યારે ? ૯૬

૩૭. પ્રકટીકરણ ૧:૪ માંના "સાત આત્મા" શું છે ? ૯૭

૩૮. આપણે સ્વર્ગમાં ગએક ઈશ્વરને જોઈ શું ? ૯૮

૩૯. યાકૂબના કુટુંબનાં કેટલાં માણસ મિસર ગયાં ? ૧૦૦

૪૦. યહોશાફાટનું બે પ્રકારનું વર્તન-એમાં ખરું કયું ? ૧૦૨

૪૧ યૂસફને ઈસુની પૂર્વછાયા ગણી શકાય ? ૧૦૩

૪૨. યિર્મેયા કે ઝખાર્યા ? ( માથ્થી ૨૭ : ૯ ). ૧૦૬

૪૩. સિરકો શું છે ? ૧૦૭

૪૪. નિકોલાયતીઓ અને બલઆમ શું છે ? ૧૦૮

૪૫. પ્રભુ ઈસુએ ક્યારે બાપ્તિસ્મા આપ્યું ? ૧૧૧

૪૬. સ્વર્ગમાં જમવાનું હશે ? ૧૧૨

૪૭. લગનના પોશાક વગરનો માણસ ૧૧૪

૪૮. આકાશના રાજ્યની ચાવીઓ પિતરને આપી છે ? ૧૧૫

# ૧ ખ્રિસ્તવિરોધી કોણ છે?

**પ્રશ્ન :** "ખ્રિસ્તવિરોધી" કોણ છે? બાઇબલમાં એ નામ આવે છે; અને તમારાં પુસ્તકોમાં તમે વારંવાર એનો ઉલ્લેખ કર્યો છે. તો આ "ખ્રિસ્તવિરોધી" વિષે જરા વિગતવાર સમજાવશો?

**જવાબ :** નવા કરારમાં ૧યોહાન ૨ : ૧૮માં આ ખિતાબ "ખ્રિસ્તવિરોધી" આવે છે. ગ્રીકમાં "આન્તીખ્રિસ્તોસ" અને અંગ્રેજીમાં "એન્ટીક્રાઈસ્ટ" લખ્યું છે. જેમ પ્રભુ ઈસુ આવનાર છે, તેમ 'ખ્રિસ્તવિરોધી' પણ આવનાર છે. ભૂતકાળમાં શેતાને અનેક માણસોને જોરદાર રીતે વાપર્યા છે, પણ આખરને સમયે આ એક માણસ ઊભો થશે, જે ખરેખર શેતાનનો અવતાર બનશે. જેમ દૈવી ત્રીએકપણું (પિતા, પુત્ર અને પવિત્ર આત્મા) છે, તેમ એનું અનુકરણ કરીને શેતાને પણ પોતાનું શૈતાનિક ત્રીએકપણું રચ્યું છે; શેતાન (પિતા), ખ્રિસ્તવિરોધી (શેતાનનો અવતારી પુત્ર) અને જૂઠો પ્રબોધક (શેતાનનો આત્મા). પ્રકટીકરણના ૧૩મા અધ્યાયમાં 'સમુદ્રમાંથી નીકળતું શ્વાપદ' (૧૩ : ૧) તે ખ્રિસ્તવિરોધી છે, અને 'પૃથ્વી યા જમીનમાંથી નીકળતું બીજું એક શ્વાપદ' (૧૩ : ૧૧) તે 'જૂઠો પ્રબોધક' છે.

ઉત્પત્તિ ૩ : ૧૫માં સૂચવેલું "સ્ત્રીનું સંતાન" તે પુરુષ દ્વારા નહિ, પણ પવિત્ર આત્મા દ્વારા ગર્ભે રહેલો અને 'સ્ત્રીથી જન્મેલો' પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. તેમ જ એ જ કલમમાં સૂચવેલું 'સાપનું' (એટલે કે શેતાનનું) સંતાન એ જ આવનાર ખ્રિસ્તવિરોધી છે. બાઇબલમાં જુદાં જુદાં ૨૦ નામોથી ખ્રિસ્તવિરોધી ઓળખાય છે : **'બાબેલનો રાજા'** (યશાયા ૧૪ : ૪); **લ્યુસીફર** (યશાયા ૧૪ : ૧૨); **'નાનું શિંગડું'** (દાનિયેલ ૭ : ૮; ૮ : ૯); 'વિકરાળ ચહેરાનો તથા ગહન

વાતો સમજનાર રાજા' (દાનિયેલ ૮ : ૨૩); **'આવનાર સરદાર'** (દાનિયેલ ૯ : ૨૬); **'પોતાની મરજી પ્રમાણે વર્તનાર રાજા'** (દાનિયેલ ૧૧ : ૩૬). જેના વિષે પ્રભુ ઈસુએ આ પ્રમાણે કહ્યું છે : "હું મારા બાપને નામે આવ્યો છું, પણ તમે મારો અંગીકાર કરતા નથી; જો કોઈ બીજો પોતાને નામે આવશે તો તેનો તમે અંગીકાર કરશો" (યોહાન ૫ : ૪૩); "તે પોતાની મરજી મુજબ વર્તશે" (દાનિયેલ ૮ : ૨૪). તે પણ એ જ ખ્રિસ્તવિરોધી છે; **"પાપનો માણસ"** (૨ થેસ્સા ૨ : ૩); **"વિનાશનો** પુત્ર" (૨ થેસ્સા ૨:૩); **"તે અધર્મી"** (૨ થેસ્સા ૨ : ૮); **"ખ્રિસ્તવિરોધી"** (૧યોહાન ૨ : ૧૮); **"શ્વાપદ"** (પ્રકટી ૧૩ : ૧).

ડૉ. કલેરેન્સ લારકીન્સે પોતાના પુસ્તક 'ડીસ્પેન્સેશનલ ટ્રુથ'માં પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને 'ખ્રિસ્તવિરોધી' વચ્ચેના ૧૪ જેટલા તફાવત બતાવ્યા છે, જે અહીં ટાંકું છું :

૧ ખ્રિસ્ત ઉપરથી આવ્યા.–યોહાન ૬ : ૩૮.
ખ્રિસ્તવિરોધી ઊંડાણમાંથી નીકળશે.–પ્રકટી. ૧૧ : ૭.

૨ ખ્રિસ્ત પોતાના પિતાને નામે આવશે.–યોહાન ૫ : ૪૩.
ખ્રિસ્તવિરોધી પોતાના નામે આવ્યા.–યોહાન ૫ : ૪૩.

૩ ખ્રિસ્તે પોતાને નમ્ર બનાવ્યા.–ફિલિપી. ૨ : ૮.
ખ્રિસ્તવિરોધી પોતાને મોટો મનાવશે.–૨ થેસ્સા. ૨ : ૪.

૪ ખ્રિસ્ત તુચ્છકારાયા.–યશાયા ૫૩ : ૩ ; લૂક ૨૩ : ૧૮.
ખ્રિસ્તવિરોધીની આરાધના થશે.–પ્રકટી. ૧૩ : ૩, ૪.

૫ ખ્રિસ્ત શ્રેષ્ઠ મનાયા.–ફિલિપી. ૨ : ૯.
ખ્રિસ્તવિરોધી અગ્નિખાઈમાં નાખી દેવાશે.–યશાયા ૧૪ : ૧૪; પ્રકટી. ૧૯ : ૨૦.

૬ ખ્રિસ્ત પોતાના પિતાની ઇચ્છા પૂર્ણ કરવા આવ્યા.–યોહાન ૬:૩૮.
ખ્રિસ્તવિરોધી પોતાની મરજી પ્રમાણે વર્તશે.–દાનિયેલ ૧૧ : ૩૬.

૭ ખ્રિસ્ત મુક્તિ આપવા (શોધવા તથા તારવા) આવ્યા.–લૂક ૧૯:૧૦.
ખ્રિસ્તવિરોધી નાશ કરવા આવશે.–દાનિયેલ ૮ : ૨૪.

૮ ખ્રિસ્ત ભલા ભરવાડ છે.–યોહાન ૧૦ : ૧–૧૫.
ખ્રિસ્તવિરોધી નકામો (ચીરી નાખનાર) પાળક થશે.
–ઝખાર્યા ૧૧ : ૧૬, ૧૭.

૯ ખ્રિસ્ત ખરો 'દ્રાક્ષાવેલો' છે.–યોહાન ૧૫ : ૧. ખ્રિસ્તવિરોધી પૃથ્વીનો 'દ્રાક્ષાવેલો' છે જેને કાંપમાં ખૂંદી નંખાશે.
–પ્રકટી. ૧૪ : ૧૮.

૧૦ ખ્રિસ્ત સત્ય છે.–યોહાન ૧૪ : ૬.
ખ્રિસ્તવિરોધી જૂઠો છે.–૨ થેસ્સા ૨ : ૧૧.

૧૧ ખ્રિસ્ત 'દેવનો પવિત્ર' છે.–માર્ક ૧ : ૨૪.
ખ્રિસ્તવિરોધી 'અધર્મી' છે.–૨ થેસ્સા. ૨ : ૮.

૧૨ ખ્રિસ્ત દુ:ખી પુરુષ છે.–યશાયા ૫૩ : ૩.
ખ્રિસ્તવિરોધી 'પાપનો માણસ' છે.–૨ થેસ્સા ૨ : ૩.

૧૩ ખ્રિસ્ત ઈશ્વરપુત્ર છે.–લૂક ૧ : ૩૫.
ખ્રિસ્તવિરોધી 'વિનાશનો પુત્ર' છે.–૨ થેસ્સા ૨ : ૩.

૧૪ ખ્રિસ્ત મનુષ્યસ્વરૂપમાં પ્રગટ થયેલો 'સતધર્મનો મર્મ' છે.–૧ તિમોથી ૩ : ૧૬.

ખ્રિસ્તવિરોધી "અધર્મની ગુપ્ત અસર" અને મનુષ્યસ્વરૂપમાં પ્રકટ થયેલો શેતાન છે.–૨ થેસ્સા ૨ : ૭.

દાનિયેલ ૯ : ૨૬ પરથી સમજાય છે કે યરુશાલેમનો નાશ કરનાર પ્રજામાંથી (રોમનોમાંથી) તે આવનાર છે. દાનિયેલ ૮ : ૮, ૯ માં આપેલાં ૧૦ શીંગડામાંનું "નાનું શીંગડુ" તે આ ખ્રિસ્તવિરોધી છે. એટલે ભૂતકાળના રોમન સામ્રાજ્યના યુરોપીય વિસ્તારમાંથી આ ખ્રિસ્તવિરોધી આવશે. યુરોપનાં દશ રાજ્યો અત્યારે સંયુક્ત બન્યાં છે, તેમાંથી જ તે આખરે આવશે.

પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા ગગનમાં ઊતરશે અને મંડળી ઉપર ઊંચકાઈ જશે, તે પછી આ ખ્રિસ્તવિરોધી પોતાને જાહેર કરશે. અને આખી દુનિયા ઉપર તે હકૂમત ચલાવશે, અને આખી દુનિયા તેની આરાધના કરશે (પ્રકટી. ૧૩ : ૭, ૮). વળી દરેક જાતિ તથા પ્રજા તથા ભાષા તથા દેશ પર તેને (ખ્રિસ્તવિરોધીને) અધિકાર આપવામાં આવ્યો. જેઓનાં નામ સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં નથી, એવાં પૃથ્વી પર રહેનારાં સર્વ તેની આરાધના કરશે. તે સમયે આખી પૃથ્વી પર એક સરકાર થશે, અને ખ્રિસ્તવિરોધી આખા જગતનો અધિકારી બનશે. પ્રભુ ઈસુએ તેના વિષે આ પ્રમાણે કહ્યું હતું: **"આ જગતનો અધિકારી"** આવે છે અને મારામાં તેનું કંઈ નથી (યોહાન ૧૪ : ૩૦; પ્રકટી. ૧૭ : ૧૩).

શરૂઆતમાં તે ઘણા યહૂદીઓ સાથે કરાર કરશે. એટલે યહૂદીઓ 'નિર્ભય' બનશે, અને યરુશાલેમનું મંદિર બાંધશે. પણ પ્રથમનાં સાડા ત્રણ વર્ષના અંતભાગમાં આ ખ્રિસ્તવિરોધી યહૂદી સાથેનો કરાર તોડી નાખશે અને પોતાની મૂર્તિની સ્થાપના યરુશાલેમના મંદિરમાં પરમ પવિત્ર સ્થાનમાં કરશે તેમ જ યહૂદીઓની સામે ભારે સતાવણી લાવશે (દાનિયેલ ૯ : ૨૭; માથ્થી ૨૪ : ૧૫, ૨૧; ૨ થેસ્સા ૨ : ૩–૪).

છેલ્લે આ ખ્રિસ્તવિરોધી આખી દુનિયાનાં લશ્કરો યહૂદીઓ સામે લડવા યરુશાલેમ પાસે યહોશાફાટની ખીણમાં એકઠાં કરશે. એ જ સમયે પ્રભુ ઈસુ સંતોની સાથે, યરુશાલેમ સામેના જૈતૂન પહાડ પર ઊતરશે, (ઝખાર્યા ૧૪ : ૪) અને "પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે" (૨ થેસ્સા ૨ : ૮).

# ૨ જગતના અંતની શી નિશાની?

**પ્રશ્ન :** આ કોઈનો પૂછેલો પ્રશ્ન નથી. બાઇબલમાં યોગ્ય તરજુમો ન હોવાથી ગેરસમજ થવાનો સંભવ રહે છે. તેથી માત્ર અહીં ધ્યાન ખેંચું છું. માથ્થી ૨૪ : ૩ "જગતના અંતની શી નિશાની થશે?"

**જવાબ :** પ્રભુ ઈસુ શિષ્યોની સાથે યરુશાલેમમાં મંદિર સામે આવેલા જૈતૂન પર્વત પર બેઠા હતા, તે સમયે શિષ્યોએ તેમને પૂછયું કે, "એ બધું કયારે થશે? અને તારા આવવાની તથા **જગતના અંતની** શી નિશાની થશે?" (માથ્થી ૨૪ : ૩). અહીં "જગતના અંતની" તરજુમો કર્યો છે એ બરાબર નથી; "યુગના અંતની" એવો તરજુમો જોઈએ. મૂળ ગ્રીક લખાણમાં અહીં **'ઈયોન'** (અથવા 'એયોન') છે, અને એનો અર્થ 'યુગ' થાય છે, નહિ કે જગત. પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરશે ત્યારે જગતનો અંત નહિ આવે, પણ નવા યુગનો આરંભ થશે, એટલે કે "આકાશનું રાજ્ય" પૃથ્વી ઉપર આવશે, જેમાં પ્રભુ ઈસુ પોતે પૃથ્વી ઉપર સદેહે આવ્યા હશે, અને યરુશાલેમથી આખી પૃથ્વી ઉપર રાજ્ય કરશે. દુનિયાનો અંત તો એ એક હજાર વર્ષના રાજ્ય પછી આવશે, જ્યારે આકાશ તથા પૃથ્વી બાળી નંખાશે (૨ પિતર ૩ : ૧૦-૧૩). રોમન કેથોલિક તરજુમામાં "યુગના અંતની" વાપર્યું છે તે બરાબર છે. હિબ્રૂ ૯ : ૨૬ માં પણ 'યુગો' શબ્દ જોઈએ.

બીજું કે **'અંત'** શબ્દ પણ બરાબર નથી. 'અંત' માટે ગ્રીકમાં 'તેલોસ' શબ્દ છે, જ્યારે માથ્થી ૨૪ : ૩માં 'સુન્તેલિયા' શબ્દ વાપર્યો છે. એનો અર્થ **પરાકાષ્ઠા,** અથવા **'ચરમ સીમા'**

થાય છે, એટલે કે 'આ યુગ એની પરાકાષ્ટાએ અથવા ચરમ સીમાએ ક્યારે પહોંચશે?' પણ વાસ્તવમાં 'અંત' શબ્દ ચાલે ખરો.

## ૩ ઉત્પત્તિ ૪૯ : ૧૦નો શો અર્થ થાય?

**પ્રશ્ન :** 'શીલોહ નહિ આવે ત્યાં સુધી યહૂદાહમાંથી રાજદંડ ખસશે નહિ, ને તેના પગ મધ્યેથી અધિકારીની છડી જતી રહેશે નહિ..." (ઉત્પત્તિ ૪૯ : ૧૦). આ 'શીલોહ' શું છે? અને 'શીલોહ નહિ આવે ત્યાં સુધી' એટલે શું? આ આખી કલમ સમજાવશો તો આભાર.

**જવાબ :** (૧) **'શીલોહ'** યરુશાલેમમાં મંદિર અને અર્પણ-વેદી બંધાયા પહેલાં યજ્ઞો અને ભજન ભક્તિ કરવા માટેનું પસંદ કરેલું સ્થળ હતું. યરુશાલેમ અને બેથેલના રસ્તાની પૂર્વે તે આવેલું હતું. બેથેલથી નવ માઈલ ઉત્તરે શખેમ આગળ આવેલું હતું. ઇઝરાયલીઓએ મિસરથી કનાનમાં આવ્યા પછી ત્યાં વેદી બાંધી હતી, અને ન્યાયાધીશોના સમયમાં પણ વેદી ત્યાં જ હતી. પલિસ્તીઓ ત્યાંથી 'કરારકોશ' ઉપાડી લઈ ગયા (૧ શમુએલ ૪). તે સમયે ઈ. પૂર્વે ૧૦૫૦માં તેઓએ શીલોહનો નાશ કર્યો, એમ લાગે છે. ઇઝરાયલીઓએ કરારકોશ પલિસ્તીઓ પાસેથી પાછો મેળવ્યો; (૧ શમુએલ ૬ : ૨૧-૭ : ૨) ત્યાર પછી તેઓ એને પાછા શીલોહમાં લઈ ગયા નહોતા.

(૨) પણ આપણી આ કલમમાંનો શબ્દ 'શીલોહ' કોઈ સ્થળ સૂચવતો નથી, પણ વ્યક્તિ સૂચવે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે રાજા છે, તેના માટે એ શબ્દ વાપર્યો છે. યહૂદી રાબ્બીઓ અને ખ્રિસ્તી અભ્યાસકો એ વાતને ટેકો આપે છે. એ નામનો ઉચ્ચાર **'શીલો'**

થાય છે; 'હ' ઉચ્ચારાતો નથી, એટલે ગુજરાતીમાં 'શીલો' લખાવું જોઈએ.

આ ૪૯મા અધ્યાયમાં યાકૂબ પોતાના બાર દીકરાઓને આશીર્વાદ આપે છે. 'રાજદંડ' યહૂદાહને મળે છે, નહિ કે એનાથી મોટા રેઉબેન, શિમઓન કે લેવીને. રેઉબેને પોતાના "બાપની પથારી ભ્રષ્ટ કરી" તેથી જ્યેષ્ઠ પદનો તેનો આશીર્વાદ તે ખોઈ બેઠો (ઉત્પત્તિ ૪૯ : ૩-૪). એમ જ શિમઓન અને લેવીએ શખેમીઓને મારી નાખવાનું કાવતરું કર્યું હતું (ઉત્પત્તિ ૩૩ : ૧૮–૨૦; ૩૪ : ૧–૩૧ ખાસ કરીને ૩૪ : ૨૫), તેને લીધે તેઓ પણ જ્યેષ્ઠ-પણાનો આશીર્વાદ ન પામી શકયા (૪૯ : ૫-૬). એટલે તેઓના પછી આવતા યહૂદાહને એ આશીર્વાદ મળ્યો, અને રાજગાદી તેના વંશવારસોમાં આવી.

આ કલમનો અર્થ થાય છે કે, 'શીલો' એટલે પ્રભુ ઈસુ આવે ત્યાં સુધી રાજગાદી અથવા અધિકાર યહૂદાહના વંશવારસોમાં રહેશે. પ્રભુ ઈસુ આવે ત્યાં સુધી જ અધિકાર યહૂદાહમાં રહેશે એવું ભવિષ્યકથન છે. એમ જ બન્યું! પ્રભુ ઈસુ પૃથ્વી પર આવ્યા એ પછી સત્તા યહૂદીઓના હાથમાંથી જતી રહી. યહોશુઆના મરણ પછી ઈશ્વરની દોરવણી મુજબ, યહૂદાહના કુળના જ સૈનિકો યુદ્ધમાં પહેલા ઊતર્યા (ન્યાયાધીશો ૧ : ૧. વળી જુઓ ન્યાયાધીશો ૨૦ : ૧૮). સૌથી પહેલો ન્યાયાધીશ યહૂદાહમાંથી થયો–ઓથનીએલ (ન્યાયા. ૩ : ૯). દાઉદ રાજા અને પછીના રાજાઓ યહૂદાહ કુળના હતા. ઝરૂબ્બાબેલ પણ (હાગ્ગાય ૨ : ૨). પ્રભુ ઈસુ યહૂદાહના કુળના હતા. જો યહૂદીઓએ તેમને રાજા તરીકે સ્વીકાર્યા હોત તો રાજદંડ યહૂદાહ કુળમાં જ રહેત. પણ રાજા નકારાયા, અને યહૂદીઓ આખી દુનિયામાં ૨૦૦૦ વર્ષ સુધી વિખેરાઈ ગયા. એમ '**શીલો**' આવ્યો ત્યાં સુધી જ રાજદંડ યહૂદાહ કુળમાં રહ્યો.

## ૪ ગણના ૨૪:૧૭માં બલઆમ કોના વિષે કહે છે?

**પ્રશ્ન :** બલઆમે યહૂદી પ્રજાને શાપ આપતાં આપતાં આશીર્વાદ જ આપી દીધો. એ આશીર્વાદની આ કલમમાં તે કોનો ઉલ્લેખ કરે છે?

**જવાબ :** કલમ આ પ્રમાણે છે, "હું તેને જોઉં છું, પણ હમણાં નહિ; હું તેને દેખું છું, પણ સન્નિદ્ધ નહિ; યાકૂબમાંથી તારો ઝબકી નીકળશે, અને ઇઝરાયલમાંથી રાજદંડ ઊભો થશે" (ગણના ૨૪ : ૧૭).

યાકૂબમાંથી તારો ઝબકી નીકળશે, અને ઇઝરાયલમાંથી રાજદંડ ઊભો થશે" એ ભવિષ્યકથન પ્રાથમિકપણે દાઉદ રાજા માટે વાપર્યું છે, પણ એ ભવિષ્યકથન એના આખરી હેતુ અને પૂર્ણરૂપમાં આવનાર મસીહા, એટલે કે દાઉદ પુત્ર પ્રભુ ઈસુ માટે વાપર્યું છે. ભવિષ્યવાણી વદનાર કહે છે, "હું તેને જોઉં છું, પણ હમણાં નહિ," એટલે કે દૂર, બહુ દૂરના ભવિષ્યમાં એ પ્રભુ ઈસુ આવશે. "હું તેને દેખું છું, પણ સન્નિધ નહિ," એ શબ્દો પણ દૂરનું ભવિષ્યકથન સૂચવે છે.

યહૂદી લોકોનું નિશાન તારો છે, અને તે આ ઉપરથી લેવાયેલું છે. 'તારો' પ્રભુ ઈસુને 'મસીહ' અથવા 'ઉદ્ધારક' તરીકે દર્શાવે છે, અને 'રાજદંડ' તેમને 'રાજા' તરીકે દર્શાવે છે.

બલઆમ **"પાછલા કાળમાં"** (ગણના ૨૪ : ૧૪) બનનાર બનાવો વિષે કહે છે. "પાછલો કાળ" શબ્દયુગ્મ બાઇબલમાં યહૂદીઓ ફરી ઇઝરાયલના મુલકમાં એકત્ર કરાશે તે 'કાળ' સૂચવે

છે. એટલે એ કાળમાં પ્રભુ ઈસુ "રાજાઓના રાજા" તરીકે ૧૦૦૦ વર્ષનું રાજ કરશે. વળી એ જ અધ્યાયની ૭મી કલમમાં ભવિષ્ય-વચન આપ્યું છે: "અને તેનો રાજા અગાગના કરતાં મોટો થશે," એમાં ઇઝરાયલના કાયમી શત્રુ અમાલેક પ્રજા વિષે અને એના રાજા અગાગ વિષે ઉલ્લેખ (જુઓ નિર્ગમન ૧૭ : ૮–૧૬). એ કલમોમાં આપ્યું છે; "યહોવાએ સોગન ખાધા છે કે, યહોવા અમાલેક સાથે વંશપરંપરાનું યુદ્ધ કરશે" (નિર્ગ. ૧૭ : ૧૬). એ દ્વારા "પાછલા કાળમાં" ખ્રિસ્તવિરોધી વિષે સૂચવ્યું છે. પ્રભુ ઈસુનું રાજ્ય આ ખ્રિસ્તવિરોધીના રાજ્ય કરતાં મોટું થશે, અને ચમત્કારોથી દુનિયાને છક કરી નાખનાર **ખ્રિસ્તવિરોધી** કરતાં પ્રભુ ઈસુ મહાન રાજા બનશે, ના, 'રાજાઓના રાજા' બનશે.

જાણવા જેવું એ છે કે, આ બલઆમ મેસોપોટેમિયા (બાબિલોન)ના પેથોર નામના શહેરનો વતની હતો (પુનર્નિયમ ૨૩ : ૪). તે યહૂદી નહોતો. તે જાદુક્રિયા, અને મંત્રતંત્ર કરનારો, તથા શેતાની વિદ્યાનો સાધક હતો. મોઆબના રાજા બાલાકે ઇઝરાયલ પ્રજાને શાપ દેવા તેને બોલાવ્યો હતો.

## ૫ "એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ." એટલે શું ?

**પ્રશ્નો :** આ કલમ (માથ્થી ૫ : ૧૮ )નો અર્થ શો થાય છે ? બહુ જુદા જુદા પ્રસંગો માટે આ શબ્દો વાપરવામાં આવે છે, અને અનેક પ્રકારનું અર્થઘટન કરવામાં આવે છે, તો ખરો અર્થ શો?

**જવાબ :** આગળની કલમમાં (૫ : ૧૭ માં) પ્રભુ ઈસુએ જ જણાવ્યું છે તેમ તે પોતે ઈશ્વરપુત્ર હોવા છતાં બાઇબલનું એકેય વચન રદ કરવા આવ્યા નહોતા; તે તો સૌ વચનો પૂર્ણ કરવા

આવ્યા હતા. બાઇબલનાં બધાં જ વચન ઈશ્વરપ્રેરિત છે, અને એક પણ વચન મનુષ્યપ્રેરિત નથી. એકેએક વચન પૂર્ણ થવા માટે જ અપાયેલું છે. હા, નિયમશાસ્ત્રમાં પશુઓનાં બલિદાન વિષે આજ્ઞા આપવામાં આવી છે. પ્રભુ ઈસુએ આ કૃપાના જમાનામાં એ યજ્ઞો અને બલિદાનોને રદબાતલ કર્યાં નથી, પણ પ્રભુ ઈસુમાં એ પૂર્ણ થયાં છે. નિર્દોષ પશુઓને બદલે 'ઈશ્વરનો ખરો હલવાન' વધેરાઈ ચૂકયો છે. એમ એ બલિદાનો અને યજ્ઞોનો નિયમ પ્રભુ ઈસુમાં પૂરેપૂરો પૂર્ણ થઈ ચૂકયો છે,—પળાઈ ચૂકયો છે.

આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ બાઇબલનું એક પણ વચન પૂર્ણ થયા વગર રહેવાનું નથી. એટલે કોઈ પણ માણસને એ વચનોમાંથી કશું જ કાઢી નાખવાનો અધિકાર નથી, કે કંઈ ઉમેરવાનો પણ અધિકાર નથી. બાઇબલમાં આ વચન પ્રભુ ઈસુએ બોલેલાં છે માટે એ ઉપયોગી છે; અને આ પાઉલે કે પિતરે બોલેલાં કે લખેલાં છે માટે એની કિંમત ઓછી છે, માટે એ પ્રમાણે ન વર્તીએ તો ચાલે, અથવા એ આપણને/અમને બાધિત નથી, એમ કોઈથી યે બોલી કે વર્તી શકાય નહિ. બાઇબલની એકેએક કલમ, હા, એકેએક શબ્દ ઈશ્વરપ્રેરિત છે.

બાઇબલનું એકેએક વચન ઈશ્વરપ્રેરિત છે એમ કહીએ છીએ, ત્યારે એ વાત મૂળ હિબ્રૂ અથવા ગ્રીકમાં અથવા આરામીમાં મૂળ પ્રથમ વખતે ઈશ્વરે જે આપ્યું તેને માટે એ સત્ય છે. આમ છતાં મૂળ પરથી ઊતરી આવેલી અન્ય આવૃત્તિઓ અથવા પ્રતોમાં કોઈ સિદ્ધાંત જોખમાય કે કોઈ ભવિષ્યકથનનો અર્થ પલટાઈ જાય, કે કોઈ શિક્ષણનો મૂળ અર્થ પલટાઈ જાય એવું નકલોમાં બન્યું નથી. નકલો બનાવવામાં કોઈ મહત્ત્વનો ફેરફાર થવા પામ્યો નથી.

હવે જુદી જુદી ભાષાઓમાં થયેલા તરજુમાઓની વાત લઈએ.

જો પવિત્ર આત્માની સહાયથી તરજુમો કરવામાં આવે તો મૂળ અર્થ જાળવી રાખવામાં પવિત્ર આત્મા સહાય કરશે જ. અત્યાર સુધી આપણે જે ગુજરાતી તરજુમો વાપરતાં આવ્યાં છીએ તે તરજુમો ઘણી બીજી ભાષાઓનાં તરજુમાઓ કરતાં ક્યાંય ચઢિયાતો અને વિશ્વાસુ છે. જમાના પ્રમાણે અને પલટાતી ભાષા પ્રમાણે અવારનવાર તરજુમામાં ફેરફાર કરવાની જરૂર રહે છે, જેથી લોકો સ્પષ્ટપણે અને સરળ રીતે બાઇબલ સમજી શકે. પણ એ તરજુમા પ્રાર્થના સાથે, અને પવિત્ર આત્માની સહાય શોધીને જ કરવામાં આવવા જોઈએ. પ્રભુની આગળ એ બહુ ગંભીર કામ છે.

'કાનો અને માત્રા' એટલે શું ? અસલ ભાષામાં હિબ્રૂ અક્ષરોનો ઉલ્લેખ છે : **'કાનો'** ત્યાં હિબ્રૂ 'યોધ' અક્ષર છે. વાક્યમાં વપરાતા અલ્પવિરામ જેવો અને જેટલો જ અક્ષર છે અને **'માત્રા'**ની જગાએ મૂળમાં હિબ્રૂ અક્ષરોમાં તફાવત દર્શાવવા નાનું ઝીણું ટપકું કે તદ્દન નાની લીટી વપરાય છે તે વિષે ઉલ્લેખ છે. પ્રભુ ઈસુ આ બેનો ઉલ્લેખ કરીને કહેવા માગે છે કે તલમાત્ર (તલ જેટલું યે)વચન પૂર્ણ થયા વગર મિથ્યા થશે નહિ.

ગુજરાતી તરજુમો કરવામાં હિબ્રૂ ભાષામાં કે ગ્રીકમાં કે અંગ્રેજીમાં 'આર્ટિકલો (હિબ્રૂ : 'હા;' ગ્રીક: 'એન', 'હો'; અંગ્રેજી : 'એ', 'એન', 'ધી') તરજુમામાં મૂકી શકાય નહિ, પણ એ ઉપરથી અર્થ અથવા ભાવ તારવીને મૂકવો રહ્યો. જમાના પ્રમાણે અને પલટાતી ભાષા પ્રમાણે તરજુમામાં નવા શબ્દોની જરૂર છે, અથવા અર્થ વધારે સ્પષ્ટ કરવાની નવી શબ્દ-પસંદગી અને વાક્ય-રચનાની અવશ્ય જરૂર છે. એટલે શબ્દો ભલે બદલાય, મૂળ અર્થ સંપૂર્ણ સચવાવો જોઈએ. એટલે જ તરજુમામાં પ્રાર્થના અને પવિત્ર આત્માની સહાય બહુ જરૂરનાં છે.

# ૬ "અનંતકાળનો નાશ" એટલે શું?

**પ્રશ્ન :** "અનંતકાળનો નાશ" એટલે શું? આપણે માનીએ છીએ કે દુષ્ટો અને ઈશ્વરને વિસરનારાંઓના આત્મા નર્કમાં અનંતકાળ માટે આગ અને ગંધકની ખાઈમાં બળ્યા કરશે. પરંતુ ૨ થેસ્સાલોનિકા ૧ : ૯, તેમ જ પ્રકટીકરણ ૨૦ : ૧૪, ૧૫ માં તથા ૨૧ : ૮માં જણાવવામાં આવ્યું છે કે દુષ્ટો **"અનંતકાળના નાશ"** ની શિક્ષા ભોગવશે, આ તરજુમાથી કેટલાક એમ સમજે છે કે તેમનો નાશ સદાકાળને માટે થશે. આમ, ઉપર જણાવી તે માન્યતામાં અને બાઇબલ–શિક્ષણમાં ભારે તફાવત પડે છે. તો એ વિષે ખુલાસો કરશો તો આભાર.

**જવાબ :** ધર્મવિશ્વાસની આપણી માન્યતા, એટલે કે દુષ્ટો તથા ઈશ્વરને વિસરનારાં સર્વ (એમના આત્મા અને શરીર) નર્કમાં અનંતકાળ માટે બળ્યા કરશે, એ માન્યતા બાઇબલના તમામ શિક્ષણ સાથે બિલકુલ સુસંગત છે. માન્યતા અને બાઇબલ–શિક્ષણ વચ્ચે કોઈ તફાવત નથી. પ્રશ્નમાં ટાંકેલી કલમોના શબ્દો ઉપરથી જે આભાસી તફાવત લાગે છે તે અસલ ગ્રીક શબ્દોનો અર્થ આપણે જાણતા નથી તેથી થાય છે.

યોહાન ૩ : ૧૬ માં "તેનો **નાશ** ન થાય" એમાં વાપરેલો "નાશ"શબ્દ (ગ્રી. "આપોલેતાઇ" અને ૨ થેસ્સાલોનિકા ૧ : ૯ માં આપેલો "નાશ" શબ્દ ગ્રી. "ઓલેથ્રોસ") અને એવા બીજા ઘણા શબ્દ નવા કરારમાં વાપર્યા છે, તે બધાનો અર્થ 'સર્વનાશ', 'સત્યાનાશ', કે 'વિધ્વંસ' એટલે પૂરેપૂરો નાશ નથી થતો, એટલે કે હયાતીલોપ કે હસ્તીલોપ થવો એ નથી થતો,—એમની હયાતી મટી

જતી નથી. ઉલટું, આત્મા તથા શરીરની હયાતી ચાલુ રહે છે, અને પીડા અનંતકાળ માટે ભોગવ્યા કરે છે.

નર્કમાં **શરીર** પણ પીડા ભોગવશે તે વિષે બાઇબલનું શિક્ષણ સ્પષ્ટ છે. (૧) મરી ગયેલાં શરીરોનું પુનરૂત્થાન થશે તે વિષે જુઓ પ્રકટીકરણ ૨૦ : ૫ ('મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ"); પ્રકટીકરણ ૨૦ : ૧૨ ("પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને દેવની સમક્ષ ઊભાં રહેલાં જોયાં"; યોહાન ૫ : ૨૯ ("જેઓએ સારાં કામ કર્યાં છે, તેઓ જીવનનું ઉત્થાન પામવા સારુ, અને **જેઓએ ભૂંડાં કામ કર્યાં છે, તેઓ દંડનું ઉત્થાન પામવા સારુ,** નીકળી આવશે.") માર્ક ૯ : ૪૩ ("અને જો તારો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી નાખ; **તને બે હાથ છતાં ન હોલવનાર અગ્નિમાં જવું તેના** કરતાં ઠૂંઠો થઈ ને જીવનમાં પેસવું એ તારે માટે સારું છે."); ઇત્યાદિ. (૨) અને એ પીડા અનંતકાળ માટે ચાલ્યા કરશે. "...નરકાગ્નિમાં નંખાવું કે જ્યાં **તેઓનો કીડો મરતો નથી,** ને અગ્નિ હોલવાતો નથી..." (માર્ક ૯ : ૪૭, ૪૮). "સાર્વકાલિક અગ્નિ" (માથ્થી ૨૫ : ૪૧, ૪૬).

નવા કરારમાં વપરાયેલા આ ગ્રીક શબ્દો નવા કરારમાં કોઈ પણ ઠેકાણે **સભાન હયાતી બંધ પડવી** એવો અર્થ બતાવતા જ નથી. મૂળ હેતુને માટે એ લાયક રહેતું નથી એવો એનો અર્થ થાય છે. બેસ્વાદ બનેલું મીઠું ફેંકી દેવા માટે જ રહે છે. નીચેના સંદર્ભોમાં એ શબ્દ (ગ્રી : એપોલ્યુમી) વપરાયો છે ત્યાંના અર્થ જોઈ લઈએ : (૧) "દ્રાક્ષારસ તથા મશકો એ બંનેનો **'નાશ'** થાય છે." (માર્ક ૨ : ૨૨), ત્યાં ઢોળાયેલા દ્રાક્ષારસની કે ફાટી ગયેલી મશકોની હયાતી મટી ગઈ નથી, માત્ર તેઓ 'નકામાં' બની ગયાં છે. એટલે 'નાશ' પામ્યાં' શબ્દપ્રયોગ વાપર્યો છે. "ઇઝરાયલનાં ઘરનાં ખોવાયેલાં

ઘેટાંની પાસે જાઓ" (માત્થી ૧૦ : ૬). અહીં પણ પેલા જ ગ્રીક શબ્દનું રૂપ (ગ્રી : 'આપોલોલોતા') વપરાયું છે, જેનો અર્થ ગુજરાતીમાં **'ખોવાયેલાં'** કર્યો છે, નહિ કે 'હયાતી વગરનાં.' (માત્થી ૧૫ : ૨૪)માં અને ૧૮ : ૧૧માં પણ એમ જ છે. લૂક ૧૫ : ૪માં 'ખોવાયેલા ઘેટા' માટે પણ એ જ શબ્દ વાપર્યો છે, અને ગુજરાતીમાં "ખોવાયેલું" શબ્દપ્રયોગ વાપર્યો છે, નહિ કે હસ્તલોપ થયેલું ઘેટું (જેની હયાતી મટી ગઈ છે એવું ઘેટું).

આત્માનું મૃત્યુ એટલે આત્માનું ઈશ્વરથી અલગ થવું. ઈશ્વર સાથેના સમાગમથી દૂર રહેવું. યોહાન ૩ : ૧૬માં વાપરેલો 'નાશ' શબ્દ એ જ અર્થમાં વપરાયો છે. પાપી માણસનો આત્મા મરેલો છે, એનો અર્થ એ જ કે પાપી માણસનો આત્મા ઈશ્વરથી દૂર કરાયેલો, હાંકી કાઢેલો, અને ઈશ્વરની સંગતની બહાર નીકળી ગયેલો છે. અને જ્યાં સુધી એનું પાપ દૂર કરાતું નથી ત્યાં સુધી તે ઈશ્વરની સંગતમાં પાછો પ્રવેશી શકતો નથી.

૨ થેસ્સાલોનિકા ૧ : ૯માં આપેલા શબ્દો **"અનંતકાળનો નાશ"** તે પણ એ જ અર્થમાં છે. પુનરુત્થાનમાં તેઓ અનંતકાળ માટે ઈશ્વરની સંગતથી દૂર કરાશે; તેઓ જાણે કે ઈશ્વરની સંગતમાંથી અનંતકાળ માટે 'દેશનિકાલ' કરાયા હશે. 'અનંતકાળના નાશ'ની શિક્ષા એટલે કે આત્મા તથા શરીરની સભાન અવસ્થામાં તેઓ **અનંતકાળ માટે** ઈશ્વરની સંગતથી દેશનિકાલ બનેલાં રહીને અનંતકાળ માટે પીડા ભોગવ્યા કરશે.

આ બધા ઉપરાંત ૨ થેસ્સાલોનિકા ૧ : ૯માં એનો અર્થ અંદર જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે : **"તેઓ** (પ્રભુ ઈસુની સુવાર્તા ન માનનારાઓ) **પ્રભુની હજૂરમાંથી દૂર તથા તેના મહિમાવાન સામર્થ્યથી [ દૂર રહેવાની ] શિક્ષા એટલે અનંતકાળનો**

નાશ ભોગવશે." અનંતકાળના નાશની શિક્ષા એટલે શું તે કલમની અંદર જ સમજાવવામાં આવ્યું છે.

ખ્રિસ્તી મંડળીમાંના એક ફાંટાનું શિક્ષણ દુર્મત અથવા ખોટા મત તરીકે જાણીતું છે. આ દુર્મત ધરાવનારાઓનું કહેવું છે કે બધાં મનુષ્યના આત્મા અમર નથી, (એટલે કે બધાં માણસોના આત્મા પહેલાંથી અમર નથી,) પણ જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે, અને જેઓએ પોતાની સોંપણી પ્રભુ ઈસુને કરી છે, તેઓના જ આત્મા **'નાશ** નહિ પામે' પણ અમર બની અનંતકાળ માટે આનંદમાં રહેશે. પણ પ્રભુ ઈસુમાં નહિ માનનારાંઓના આત્મા નાશ પામશે, મતલબ કે તેઓની હયાતી રહેશે નહિ. આવું માનનારા **'નાશ'** શબ્દનો ખોટો અર્થ કરે છે, અને 'નાશ' એટલે હસ્તીલોપ ગણે છે. આ માન્યતાને "શરતી અમરપણું" કહે છે. અંગ્રેજીમાં એને Conditional Immortality કહે છે. આ દુર્મત અથવા ખોટું શિક્ષણ છે. (હું એક પુસ્તક તૈયાર કરી રહ્યો છું એમાં એ વિષે ઝીણવટથી સમજાવ્યું છે.)

## ૭ આપણાં પ્રભુમંદિરો (દેવળો) પવિત્ર સ્થળો છે?

**પ્રશ્ન :** શું આપણાં પ્રભુમંદિરો અથવા દેવળો અન્ય જગાઓ કરતાં વધુ પવિત્ર સ્થળો નથી? લોકો જોડા યા ચંપલ પહેરીને અંદર કેમ જતા હશે? પુલપીટ પર પાળકો જોડા પહેરીને કેમ જતા હશે? યરુશાલેમનું મંદિર કેટલું પવિત્ર સ્થળ હતું? આપણાં મંદિરોની પવિત્રાઈ એટલી જ જળવાવી જોઈએ કેમ કે એમાં પ્રભુની હાજરી છે.

**જવાબ :** મંદિર અથવા દેવળ સંબંધી લોકોના મનમાં

જાતજાતના પૂર્વગ્રહો બંધાયેલા હોય છે, એટલે એ બાબતના સાચા શિક્ષણથી કેટલાકને આંચકો પણ લાગવાનો સંભવ ખરો.

યરુશાલેમમાંના મંદિર સાથે આપણાં મંદિરો કે દેવળોને સરખાવી શકાય નહિ. એ બંને તદ્દન ભિન્ન ભિન્ન છે. યરુશાલેમના મંદિરની ડિઝાઈન મૂસાના મુલાકાતમંડપ પરથી લેવામાં આવી હતી. અને એ મુલાકાતમંડપનું માપ, રચના; આકાર વગેરે યહોવાએ મૂસાને રૂબરૂ સૂચવ્યું હતું. આકાશી મુલાકાતનો નમૂનો મૂસાને બતાવવામાં આવ્યો. અને એ પ્રમાણે મૂસાએ મુલાકાતમંડપ બનાવવાનો હતો. **"અને તેઓ મારે સારુ પવિત્રસ્થાન બનાવે, કે હું તેઓ મધ્યે રહું. જે સર્વ હું તને દેખાડું છું, એટલે મંડપનો નમૂનો તથા તેના સર્વ સામાનનો નમૂનો, તે પ્રમાણે તમે તે બનાવો"** (નિર્ગમન ૨૫ : ૮, ૯). **"અને પર્વત પર મંડપનો નમૂનો તને દેખાડવામાં આવ્યો છે, તે પ્રમાણે તું મંડપ ઊભો કર"** (નિર્ગમન ૨૬ : ૩૦). "જેમ પર્વત પર તને દેખાડવામાં આવ્યું તેમ તેઓ બનાવે." (નિર્ગમન ૨૭ : ૮).

યરુશાલેમના મંદિર માટે પણ યહોવાના દૂતે દાઉદને હુકમ આપ્યો હતો. "ત્યારે યહોવાના દૂતે ગાદને આજ્ઞા કરી કે, દાઉદને કહે કે, તે જઈને યબૂસી ઓર્નાનની ખળીમાં યહોવાને સારુ વેદી બાંધે" (૧ કાળવૃત્તાંત ૨૧ : ૧૮). (વળી આના સંદર્ભમાં વાંચો ૧ કાળવૃત્તાંત ૧૭ : ૧-૧૨). આમ મુલાકાતમંડપ તથા યરુશાલેમનું મંદિર ઈશ્વર-આજ્ઞા પ્રમાણે બાંધવામાં આવ્યાં હતાં. હવે સહસ્રાબ્દી રાજ્યમાં (પ્રભુ ઈસુના એક હજાર વર્ષના રાજ્યમાં) બંધાનાર મંદિરનું માપ રચના, આકાર, ઇત્યાદિ હઝકીએલના પુસ્તકમાં આપવામાં આવ્યા છે.

પણ એવું મંડળીના જમાનામાં બંધાતા મંદિરો, દેવળો,

ચેપલો કે કેથેડ્રલો માટે કહી શકાય નહિ. ઉલટું, પ્રભુ ઈસુએ તો સૈખારની સમરૂની સ્ત્રીને આ પ્રમાણે કહ્યું, "બાઈ, મારું માન; એવી વેળા આવે છે કે જ્યારે તમે આ પહાડ પર અથવા યરુશાલેમમાં પણ બાપનું ભજન નહિ કરશો...પણ એવી વેળા આવે છે, અને હાલ આવી છે કે, જ્યારે ખરા ભજનારા આત્મા તથા સત્યતાથી બાપનું ભજન કરશે" (યોહાન ૪ : ૨૧, ૨૩).

એમ, આ મંડળીના જમાનામાં મકાનરૂપી મંદિરને સ્થાન નથી. નવા કરારનું શિક્ષણ તો આ છે કે, "તમે દેવનું મંદિર છો" (૧કોરીં. ૩ : ૧૬), એટલે કે ઇંટ, માટી, પથ્થર, સિમેન્ટનાં મંદિરોમાં ઈશ્વર નથી રહેતો. યરુશાલેમના મંદિરમાં જેમ ઈશ્વરનો ખાસ વાસો હતો, એવું મંડળીના જમાનાનાં મંદિરો/દેવળોમાં નથી. ઈશ્વરનો વાસ બહારના કરતાં મંદિરમાં વધારે નથી હોતો. નવા કરારમાં અસલની મંડળીનો ઇતિહાસ પહેલી સદીની આખર સુધી આપેલો છે, પણ એમાં ક્યાંયે મંદિર, દેવળ બાંધવામાં આવેલું બતાવ્યું નથી.

મંડળીના જમાનામાં મંદિર/દેવળનો અર્થ એટલો જ છે કે, આ મકાન બાંધીને એમાં પ્રભુભજન કરવા અને એકબીજાની ખ્રિસ્તી સંગતમાં આવવા આપણે આ સ્થળને મુકરર કર્યું. મંદિરમાં કે પુલપીટ પર જોડાં કાઢનાર પવિત્રાઈ આચરે છે, અથવા નહિ કાઢનાર પાપ કરે છે, એવું છે જ નહિ. એમાં ભાવનાનો સવાલ છે. અને વ્યક્તિએ વ્યક્તિએ ભાવના બદલાતી હોય છે. હા, આપણા દેશની રીત પ્રમાણે વર્તીએ તો સારું.

"આત્મા તથા સત્યતાથી ભજનારાઓ" માટે તો ભવ્ય કેથેડ્રલ કે ઘરની ઓસરી, કે ઝાડ નીચે કે અરણ્ય-બધાં સરખાં જ છે. યરુશાલેમના મંદિર માટે એવું નહોતું:

# ૮ "આકાશના રાજ્ય પર બળાત્કાર" એટલે શું?

**પ્રશ્ન :** માથ્થી ૧૧ : ૧૨માં આમ લખ્યું છે : "અને યોહાન બાપ્તિસ્મા કરનારના વખતથી તે હજી સુધી આકાશના રાજ્ય પર બળાત્કાર કરાય છે, ને બળાત્કાર કરનારાઓ બળાત્કારથી તે લઈ લે છે." આ કલમનો અર્થ સમજાવશો તો આભાર.

**જવાબ :** લૂક ૧૬ : ૧૬માં પણ એ વાતનો જ ઉલ્લેખ છે. આ (માથ્થી ૧૧ : ૧૨) કલમના તરેહ તરેહના અર્થ કરવામાં આવે છે. પણ એમાં બે મુખ્ય છે, અને એ બંને અર્થ એકબીજાના પૂરક બની રહે છે.

પહેલો અર્થ પહેલા વાક્ય માટે છે. "આકાશના રાજ્ય પર બળાત્કાર કરાય છે." યોહાન બાપ્તિસ્ત આકાશના રાજ્યના આગમનની છડી પોકારનાર હતો, અને પ્રભુ ઈસુ એ રાજ્ય સ્થાપવાના હતા. એ બંને ઉપર શાસ્ત્રી, ફરોશીઓ, અને સાદુકીઓ, તેમ જ અન્ય કેટલાક લોકો ઉશ્કેરાટ ભરી નજરે જોતા હતા અને વર્તતા હતા. આમ, આકાશના રાજ્યના એ અગ્રેસરો પર જે જુલમ, ત્રાસ, યા બળાત્કાર કરાતો તે આકાશના રાજ્ય ઉપર જ બળાત્કાર થયો ગણાય.

વાક્યના બીજા ભાગમાં બીજી રીતનો અર્થ છે : "ને બળાત્કાર કરનારાઓ બળાત્કારથી તે (આકાશનું રાજ્ય) લઈ લે છે." એટલે કે યહૂદી સમાજમાં શાસ્ત્રીઓ, ફરોશીઓ, યાજકો વગેરેનો ઉગ્ર વિરોધ હોવા છતાં યે ઘણા બધા લોકો હિંમત રાખીને તથા સામનો વેઠીને પણ આકાશના રાજ્યના વારસદાર બનતા હતા, એટલે કે યોહાન બાપ્તિસ્તના તથા પ્રભુ ઈસુના શિક્ષણનો સ્વીકાર કરતા હતા, અને એમના પક્ષમાં ભળતા હતા. કેટલાકને તો સમાજમાંથી કાઢી મૂકવામાં

આવતા હતા તો પણ નિડરતાથી ("બળાત્કારથી") અડગ રહેતા હતા અને સામનો વેઠતા હતા. "**યોહાન બાપ્તિસ્તના વખતથી**" એમ બનવું શરૂ થયું હતું.

## ૯ માર્ક ૬ : ૧૧માં અમુક ભાગ કેમ પડતો મૂકાયો છે?

**પ્રશ્ન :** લૂક ૧૦ : ૧૨માંના આ શબ્દો, "હું તમને કહું છું કે, તે દહાડે તે શહેરના કરતાં સદોમના હાલ સહેલ થશે." માર્ક ૬ : ૧૧માં ગુજરાતી બાઇબલમાં આ શબ્દો પડતા મૂકવામાં આવ્યા છે, જયારે અંગ્રેજીમાં આપવામાં આવ્યા છે, એમ કેમ?

**જવાબ :** અંગ્રેજીમાં માર્ક ૬ : ૧૧માં ફક્ત "ઓથોરાઈઝડ" અથવા "કીંગ જેમ્સ" આવૃત્તિમાં જ આપવામાં આવ્યા છે. પણ બીજી અંગ્રેજી આવૃત્તિઓમાં એ શબ્દો આપવામાં આવ્યા નથી. વળી આપણા ગુજરાતી બાઇબલની જેમ રોમન કેથોલિક "શુભસંદેશ" (નવો કરાર)માં પણ માર્કમાં એ શબ્દો પડતા મૂકાયા છે. ગ્રીક નવા કરારમાં પણ મોટા ભાગની આવૃત્તિઓમાં માર્ક ૬ : ૧૧માં એ શબ્દો જોવા મળતા નથી. મૂળ વજનદાર પત્રોમાં એ શબ્દો નહિ હોય એટલે મોટા ભાગની આવૃતિઓમાં એ શબ્દો મૂકાયા નથી. ઘણી બધી અંગ્રેજી આવૃત્તિઓમાં લૂક ૧૦ : ૧૦–૧૧ના પ્રભુ ઈસુના શબ્દો અવતરણમાં મૂકયા છે, પણ ૧૨મી કલમ અવતરણમાં મૂકી નથી.

## ૧૦ 'નાતાલ' અને 'Xmas'નો અર્થ શો?

**પ્રશ્ન :** 'નાતાલ' મૂળ કયા શબ્દ પરથી આવ્યો છે, અને

એનો અર્થ શો થાય છે? વળી નાતાલનાં કેટલાંક કાર્ડમાં 'Xmas' લખેલું હોય છે એટલે શું?

**જવાબ :** દક્ષિણ આફ્રિકાના એક નાના પ્રદેશનું નામ નાતાલ છે. અંગ્રેજોએ ઈ. સ. ૧૮૪૩માં એ પ્રદેશને ખાલસા કર્યો. એ સ્થળે યુરોપિયનોએ 'ખ્રિસ્તજયંતી' ઊજવી. એટલે ત્યારથી 'ખ્રિસ્તજયંતી' અથવા ઈસુના જન્મદિન માટે 'નાતાલ' શબ્દપ્રયોગ વપરાશમાં આવ્યો. ગુજરાતમાં પોર્ટુગીઝો મારફતે 'નાતાલ' શબ્દ પ્રચલિત બન્યો. ભારતની બીજી ભાષાઓમાં આ શબ્દ વપરાતો નથી. હિંદીમાં 'બડા દિન' તરીકે ઓળખાય છે, અંગ્રેજીમાં 'નેટલ' એટલે જન્મ એ પરથી 'નેટીવ' શબ્દ ભારતનો નેટીવ=જન્મે ભારતનો વાસી. અંગ્રેજીમાં 'પ્રીનેટલ' 'પોસ્ટ–નેટલ' વિગેરે શબ્દો વપરાય છે. એ પરથી આપણો 'નાતાલ' શબ્દ આવ્યો છે. એનું મૂળ યુરોપીય ભાષા છે.

'**ક્રિસ્ટમસ**' એટલે ખ્રિસ્તી જયંતી યા નાતાલ. 'ખ્રિસ્ત' પરથી એ શબ્દ બન્યો છે. મૂળ ગ્રીકમાં Xpristos (ખ્રિસ્તોસ એટલે 'ખ્રિસ્ત') છે, તેનો પહેલો અક્ષર X લઈને પછી 'mas' શબ્દ જોડીને કેટલાક લોકો Xmas એટલે કે ક્રિસ્ટમસ (ક્રિસમસ) ટૂંકાણમાં લખે છે, તે બરાબર નથી. ધંધાદારીઓ એ પ્રયોગ ભલે વાપરે, પણ આપણે એવું રૂપ વાપરવું સારું નથી.

'**માછલી**' માટેનો ગ્રીક શબ્દ '**ઈખથુસ**' 'ઈસુ ખ્રિસ્ત ઈશ્વર' ને મળતો આવતો શબ્દ છે: પહેલો 'ઈ' એટલે 'ઈસુ' પછીનો 'ખ' (અથવા ગ્રીક X) એટલે 'ખ્રિસ્ત'; અને છેલ્લા 'થુસ' (ઈશ્વર માટેનો ગ્રીક શબ્દ 'થીઓસ' એટલે ઈશ્વર. એટલે રોમન સતાવણીથી ડરતા–છૂપાતા પહેલી સદીના ખ્રિસ્તીઓ એકબીજાને મળે ત્યારે પોતે ખ્રિસ્તી છે એવી પોતાની ઓળખ આપવા માટે લાકડીથી કે આંગળીથી જમીન ઉપર માછલીનો સાદો આકાર પાડતા. પણ 'Xmas' સાથે એને કોઈ સંબંધ નથી.

## ૧૧ યહોવા કોણ?

**પ્રશ્ન :** યહોવા કોણ છે? શું એ પ્રભુ ઈસુના પિતા છે?

**જવાબ :** જૂના કરારમાં વપરાયેલો શબ્દ 'યહોવા' શબ્દ ઈશ્વરના ત્રૈકપણાના (ત્રી-એકપણાના) પિતા માટે વપરાયો છે એવી કેટલાકની માન્યતા છે, પણ એ ભૂલભરેલી માન્યતા છે. વળી કેટલાક એમ પણ માને છે કે જૂના કરારમાં 'પિતા' કામ કરે છે, સુવાર્તાઓમાં 'પુત્ર' (પ્રભુ ઈસુ) કામ કરે છે, અને પ્રેરિતોના કૃત્યોથી માંડીને બાકીના નવા કરારમાં 'પવિત્ર આત્મા' કામ કરે છે. આ માન્યતા પણ ખરી નથી.

**'યહોવા'** એ જ પુત્ર ઈસુ ખ્રિસ્ત જે આદિએ **શબ્દ** હતો, અને તેનામાં જ સઘળું ઉત્પન્ન થયું. 'યહોવા'નો અર્થ **સ્વયંભૂ** થાય છે, અને શાબ્દિક તરજુમો કરીએ તો **"હું છું"** અથવા **"હું જે છે તે હું છું"**, એટલે કે સનાતન **'હું છું'**. અને એ નામ 'તારણ' યા 'મુક્તિ' ના અનુસંધાનમાં વપરાયેલું છે (ઉત્પત્તિ ૩ : ૨૧; નિર્ગમન ૧૪ : ૩૦). યહોશુઆ એટલે **'યહોવા બચાવે છે કે મુક્તિ આપે છે.'** યહોશુઆનું ટૂંકાવેલું રૂપ **યોશુઆ** અને એનો અર્થ એ જ થાય છે. યહોશુઆ એ હિબ્રૂ રૂપ છે, અને એ જ શબ્દ ગ્રીકમાં ઇસુસ (ઈસુ Jesus) લખાય છે. સિમઓન બાળ ઈસુને હાથમાં લઈ ને કહે છે : "મેં **તારું તારણ** દીઠું છે," એને ગ્રીક પ્રમાણે આમ લખાય; "મેં તારો **યેશુઆ** (=ઈસુ) જોયો છે." એમ જૂના કરારનો 'યહોવા' અને નવા કરારનો **'ઈસુ'** એ બંને એક જ છે.

અંગ્રેજી બાઇબલમાં 'યહોવા' (Jehovah) નથી વાપર્યો, પણ એની જગ્યાએ કેપિટલ અક્ષરોમાં LORD (લોર્ડ) એમ લખેલું હોય છે, અને નવા કરારમાં એમ જ લખવાનું ચાલુ રાખ્યું છે.

ગુજરાતી બાઇબલમાં જૂના કરારમાં 'યહોવા' વાપર્યું છે, અને નવા કરારમાં 'પ્રભુ' વાપર્યું છે (યહોવા નહિ).

'યહોવા' એ જ 'ઈસુ ખ્રિસ્ત' છે, એને માટે બીજી કેટલીક સાબિતીઓ આપી શકાય. પણ સ્થળ સંકોચને લીધે એક જ અહીં રજૂ કરું છું; ઝખાર્યા ૧૪ : ૫માં છે; "અને મારો દેવ **યહોવા** પોતાની સાથે સર્વ પવિત્રોને લઈને આવશે." અહીં પ્રભુ ઈસુના પુનરાગમન વિષે લખવામાં આવ્યું છે. એ પુનરાગમનમાં પ્રભુ પિતા નહિ, પણ પ્રભુ પુત્ર એટલે કે પ્રભુ ઈસુ જ પાછા આવનાર છે. હા, મારો દેવ **યહોવા** પોતાની સાથે સર્વ પવિત્રોને લઈને આવશે."

'યહોવા' એટલે ઉપર જોયું તેમ સનાતન '**હું છું**' અને એ જ પ્રયોગ પ્રભુ ઈસુએ પોતાને માટે વાપર્યો : "હું છું" (યોહાન ૮ : ૫૮ )– "**ઇબ્રાહમનો જન્મ થયા પહેલાંનો હું છું**" પ્રભુ ઈસુ એ ઉપરથી એમ કહેવા માગતા હતા કે, "તમારો યહોવા હું છું." એટલે યહૂદીઓ તેમને પથ્થરે મારવા તૈયાર થયા. દાઉદ ભક્ત કહે છે; " યહોવા મારો પાળક ( ઘેટાંપાળક) છે" ( ગી શા. ૨૩ : ૧ ). અને પ્રભુ ઈસુ પોતાને માટે પણ એ જ કહે છે; " હું ઉત્તમ ઘેટાંપાળક છું" (યોહાન ૧૦ : ૧૧ ).

(આ જવાબના અનુસંધાનમાં મારા પુસ્તક **'બાઇબલ અભ્યાસ ભાગ ૪થા નો** ૩૧મો જવાબ ( પૃષ્ઠ ૭૯) **'યહોવા' શબ્દ નવા કરારમાં કેમ નથી?** તે જોઈ લેવા વિનંતી છે. )

## ૧૨ 'ઓરડી' કે 'ઓરડીઓ' ?

**પ્રશ્ન :** ગુજરાતી બાઇબલમાં ઉત્પત્તિ ૬ : ૧૪માં આ પ્રમાણે આપ્યું છે. "તું પોતાને સારુ દેવદારના લાકડાનું વહાણ બનાવ;

તે વહાણમાં ઓરડી કરીને તેને અંદર તથા બહાર ડામર ચોપડ." એમાં 'ઓરડી' શબ્દ બરાબર છે?

**જવાબ :** આ પ્રશ્ન કોઈએ પૂછયો નથી, પણ પાઠ સાચી રીતે સમજાય માટે મેં અહીં આ સ્પષ્ટતા કરી છે. મૂળ હિબ્રૂ પાઠમાં તેમ જ અંગ્રેજી આવૃત્તિઓમાં 'ઓરડી'નું બહુવચન છે. રોમન કેથોલિક બાઇબલમાં 'ઓરડીઓ' વાપર્યું છે. આપણાં ગુજરાતી બાઇબલોમાં 'ઓરડીઓ' નહિ કરતાં 'ઓરડી' કેમ મૂકયું હશે એ ખબર નથી. કદાચ ગુજરાતી ભાષામાં મોટે ભાગે બહુવચન વાપરવાનું હોય ત્યાં પણ બહુવચન ન વાપરતાં એકવચન વપરાય છે. એને કારણે હોય ! દા. ત. 'મેં દશ કાગળો લખ્યા,' તેને બદલે 'મેં દશ કાગળ લખ્યા.' એમ વાપરીએ છીએ. પણ આવા કેસમાં વાકયમાં વિશેષણ અને/અથવા ક્રિયાપદ મારફતે બહુવચન સમજાવું જોઈએ. ઉત્પત્તિ ૬ : ૧૪માં એમ સમજાતું નથી.

વળી **'તેને** અંદર તથા બહાર ડામર ચોપડ,' અમાંનો **'તેને'** શબ્દ જાણે કે ઓરડી માટે વપરાયો લાગે છે, અને એટલે પણ એક જ ઓરડી નૂહે બનાવી હોય એમ લાગે છે. પણ 'તેને' શબ્દ ઓરડી માટે નહિ, પણ અગાઉ આવેલા વહાણને બદલે વપરાયેલો સ્પષ્ટ થવો જોઈએ. વહાણને અંદર તથા બહાર ડામર ચોપડવાનો હતો, નહિ કે બારીને. (રોમન કેથોલિક બાઇબલમાં વહાણને અંદર તથા બહાર ડામર ચોપડવાની વાત શરતચૂકથી રહી ગઈ છે એમ લાગે છે.) ઈશ્વરે નૂહને વહાણમાં અનેક ઓરડીઓ બનાવવા કહ્યું હતું. એમાં અનેક બધાં પ્રાણીઓ તથા પંખીઓને રાખવાનાં હતાં.

## ૧૩ નૂહના વહાણમાં આટલાં બધાં પ્રાણીઓ-પંખીઓ સમાઈ શકે ખરાં ?

**પ્રશ્ન :** પૃથ્વી પર લાખોનાં લાખ પ્રાણીઓ તથા પંખીઓ

છે. એ બધાંમાંથી દરેકની એકેક જોડ અને શુદ્ધ પ્રાણીઓ તથા પંખીઓમાંથી સાત સાત લેવામાં આવે, એ કેટલાં બધાં થાય ? નૂહના વહાણમાં એટલાં બધાં સમાઈ શકે ખરાં ? વળી એ બધાંને માટે આખા એક વરસનો ખોરાક સંગ્રહી રાખવાનો. એટલે બીજી વધારાની જગા જોઈએ ! નૂહનું વહાણ આ બધું સમાવી શકે ખરું ?

**જવાબ :** મને અનેક જણે આ પ્રશ્ન વારંવાર પૂછયો છે. જવાબ આપવાનું મેં મોકૂફ રાખ્યું હતું. કારણ, ભવિષ્યમાં જળ પ્રલય વિષેના બહાર પડનાર મારા પુસ્તકમાં આવા બધા પ્રશ્નોની છણાવટ કરવાનું મેં વિચાર્યું હતું. પણ ઘણાને આ જવાબની અધિરાઈ દેખાતી હોઈને જવાબ આપું છું.

ઈશ્વરે નૂહને આ પ્રમાણે વહાણનું માપ આપ્યું હતું : "વહાણની લંબાઈ ત્રણસેં હાથ, ને તેની ચોડાઈ પચાસ હાથ, ને તેની ઊંચાઈ ત્રીસ હાથ."..."તેનો નીચલો તથા બીજો તથા ત્રીજો એવા ત્રણ માળ તું કર." વહાણમાં નૂહ, તેની પત્ની, ત્રણ દીકરા તથા તેમની પત્નીઓ-એમ આઠ માણસ ગયા. ઉપરાંત બધાં જાનવરોમાંથી બબ્બે (એટલે કે એકેક જોડ) વહાણમાં લેવાયાં, અને શુદ્ધ જાનવરોમાંથી સાત સાત (એનો અર્થ એમ થઈ શકે કે સાત જોડ; પણ હિબ્રૂ ભાષા પ્રયોગ જોતાં વધુ વાજબી આ લાગે છે કે, ત્રણ જોડ અને એક વધારાનું મળીને સાત. એક વધારાનું તે અર્પણને માટે) વહાણમાં ગયાં.

"બબ્બે" માટે હિબ્રૂમાં 'સેનાયિમ' વાપરેલા શબ્દોનો અર્થ 'જોડીબંધ,' 'યુગ્મોમાં,' 'જોડામાં,' કે 'જોડખાંમાં' એવો થાય. એટલે 'એકેક જોડી' (અને નહિ કે બબ્બે જોડી) અંદર વહાણમાં લેવાનાં હતાં. ઉત્પત્તિ ૭:૮, ૯માં આ સ્પષ્ટ થયું છે.

આ ઉપરાંત, બધાંને માટે એક વર્ષ ચાલે તેટલો ખોરાક ભરી

લીધો હતો. ખરેખર, આ બધાનો સમાવેશ કરવા માટે બહુ મોટું વહાણ જોઈએ.

'શુદ્ધ-અશુદ્ધ' પ્રાણીઓ અને પંખીઓ એ તફાવત શાને આધારે નક્કી કરવાનો હતો તે વિષે આપણે ચોક્કસ જાણતા નથી. આહાર અંગેના શુદ્ધ-અશુદ્ધ પ્રાણી-પંખીઓના નિયમ (લેવીય ૧૧) તો લાંબા સમય પછી મૂસાને આપવામાં આવ્યા! પાળેલાં કે જંગલી કે ખાઈ શકાય અને ન ખાઈ શકાય તેવાં; કે અર્પણમાં વધેરી શકાય કે ન વધેરી શકાય એવાં-એવો કોઈ અર્થ નીકળતો હશે.

બાઇબલમાં આપેલું માપ "હાથ"ના માપ પ્રમાણે છે. એક હાથ એટલે લગભગ દોઢ ફૂટ થયું. અને એ પ્રમાણે વહાણ ૪૫૦ ફૂટ લાંબું, ૭૫ ફૂટ પહોળું, અને ૪૫ ફૂટ ઊંચું થયું. વહાણને ત્રણ મજલા હતા. ઉપર આપેલા માપ પ્રમાણે એક મજલા પર ૩૩,૭૫૦ ચો. ફૂટ જગા થઈ, અને ત્રણે મજલા પર મળીને ૧,૦૧,૨૫૦ (એક લાખ, એક હજાર, બસો પચાસ) ચો. ફૂટ કુલ જગા થઈ. અને ઘનફૂટની ગણતરી કરીએ તો એક મજલા પર ૧,૬૮,૭૫૦ ઘનફૂટ થાય, અને ત્રણે મજલા પર મળીને ૫,૦૬,૨૫૦ (પાંચ લાખ, છ હજાર, બસો પચાસ) ઘનફૂટ જગા થઈ.

વહાણનું વજન કરવાના નિયમ પ્રમાણે આવું વહાણ લગભગ ૪૩,૩૦૦ ટન જેટલું પાણી ખસેડે; અને એવું વહાણ લગભગ ૧૪,૦૦૦ ટન વજન ઊંચકી લઈ શકે. આજની જંગી મોટી સ્ટીમરો પણ લગભગ આટલું જ વજન ઉપાડી લઈ જઈ શકે છે. આ પ્રમાણેની વહાણમાંની બધી જગા,-ઘેટાંબકરાં ભરી લઈ જતા ભારખાનાના પ્રત્યેક ડબ્બામાં ૬૦ ઘેટાંબકરાં લઈ જઈ શકાય એવા ૨૦૮૮ ડબ્બા જેટલી જગા થઈ! એ પ્રમાણે આ વહાણમાં કુલ ૧,૨૫,૨૮૦ (એક લાખ, પચ્ચીસ હજાર, બસો એંસી) ઘેટાંબકરાં સમાઈ શકે.

વ્હીટકોમ્બ અને મોરીસ નામના પ્રખ્યાત લેખકો ચોક્કસ સંશોધન તથા બહુ ઝીણવટભરી ગણતરી કરીને લખે છે કે પ્રાણીઓ, પંખીઓ, સરીસૃપવંશ (સરપટિયાં, ધરોળી, ઇ.) મંડૂકવંશ (જમીન તેમ જ પાણી, એમ ઉભયમાં રહેનારાં) એ બધાંની આજે જે જે જાતો જાણમાં છે, તે બધી જાતો મળીને ૧૭,૬૦૦ જેટલી થાય છે. એથી વધારે જાતો જળપ્રલયના સમયમાં સંભવી શકે જ નહિ.

એ બધી જાતોમાંથી એકેક જોડ લઈએ તો પ્રાણીઓ, પંખીઓ, સરીસૃપવંશીઓ, અને મંડૂકવંશીઓના કુલ (૧૭,૬૦૦ × ૨=) ૩૫,૨૦૦ જીવ થાય. ઉપરાંત પેલાં શુદ્ધમાંથી સાત સાત લેવાનાં હતાં તેમાંથી ઉપરની ગણતરીમાં બબ્બેની ગણતરી આવી ગઈ. એટલે એવી શુદ્ધોની આશરે ૮,૮૦૦ જાતનાં બાકીનાં પાંચ પાંચને ગણતાં આસરે (૮૮૦૦ × ૫ = ) ૪૪,૦૦૦ બીજા જીવો થયા. એટલે નૂહના કુટુંબ સિવાય વહાણમાં આવનાર કુલ જીવો (૩૫,૨૦૦૦ + ૪૪,૦૦૦=) ૭૯,૨૦૦ થયા. એટલા જીવો નૂહના વહાણમાં આવ્યા હશે. એ ઉપરાત નૂહના કુટુંબનાં ૮ જણ. આ ગણતરીમાં આપણે જળચર જીવોને ગણ્યા નથી, કારણ, ઈશ્વરે તેઓને વહાણમાં લેવાનું નૂહને કહ્યું જ નહોતું, કારણ તેઓ તો જળપ્રલયનાં પાણીમાં જીવતાં રહી શકે.

હવે હાથી, જીરાફ, ગાય, ભેંસ, ઘોડો, એવા મોટા જીવો; ઘેટાંબકરાં, કૂતરાં, શિયાળ અને એવાં મધ્યમ કદના જીવો; અને સાપ, ધરોળી, દેડકાં, ગોકળગાય, ઇત્યાદિ તદ્દન નાના જીવોની સરાસરી કાઢીએ તો સરેરાશ કદમાં ઘેટાંબકરાંનું કદ સરેરાશ કદ જેટલું આવી રહે. આ કુલ ૭૯,૨૦૦ જેટલા જીવો જે વહાણમાં ગયા તેની સરાસરી લેખે એ ૭૯,૨૦૦ ઘેટાંબકરાં જેટલા જીવ વહાણમાં ગયા. આપણે અગાઉ આઠમા પેરેગ્રાફમાં જોઈ ગયા કે વહાણના કદ પ્રમાણે ૧,૨૫,૨૮૦ (એક લાખ, પચ્ચીસ હજાર, બસો એંશી) ઘેટાંબકરાં

તેમાં સમાઈ શકે; જ્યારે આપણે સરાસરી પ્રમાણે ગણ્યું તો ૭૯,૨૦૦ (અગનેએંસી હજાર બસો) ઘેટાંબકરાં જેટલાં જ પ્રાણી–પંખીઓ વહાણમાં હતાં! એટલે વધારાનાં ૪૫,૮૦૦ ઘેટાંબકરાં માય તેટલી જગા ખાલી પડી રહી!–એટલે કે રેલવેના (ઉપર જણાવ્યા તેવા) ભારખાનાના ૨૦૮૮ ડબ્બામાંથી માત્ર ૧૩૨૦ ડબ્બા જ વપરાયા, અને ૭૬૮ ડબ્બા જેટલી જગા હજી ખાલી પડી રહી!

એ બાકીના ૭૬૮ ડબ્બા જેટલી, એટલે કે ૪૬૦૮૦ બીજાં પ્રાણી–પંખીઓ સમાવી શકાય તેટલી જગા, વહાણમાં પડી! એ વધેલી જગા વહાણમાંના બધા જીવો માટે એક વર્ષ માટેનો ભાત-ભાતનો ખોરાક ભરવા માટે, તેમ જ નૂહ તથા કુટુંબના રહેવા–ફરવા માટે, અને પ્રાણી–પંખીઓને અવારનવાર છૂટથી ફરવા માટે ખૂબ પૂરતી થઈ રહે. આમ, નૂહના આ વહાણમાં બધી જાતોનાં પ્રાણી–પંખી ઇત્યાદિનું પ્રતિનિધિત્વ ધરાવતા જીવો બહુ સારી રીતે વહાણમાં સમાઈ શક્યાં હશે, અને આપણે ઉપર જોયું તેમ સારી એવી જગા વધી હશે.

અહીં બીજી એક સ્પષ્ટતા કરવી જરૂરી છે. જુદી જુદી '**જાતો**' (kinds) વહાણમાં લેવામાં આવી તેનો અર્થ એ છે કે સહજીવનમાં રહીને ઓલાદ પેદા કરી શકે અને વંશવૃદ્ધિ થયા કરી શકે એ એક "જાતનાં" ગણાય. (માણસો ફરજિયાત અખતરા કરીને ઘોડા–ગધેડીની સંકર–ઓલાદ એટલે કે ખચ્ચર, સિંહ–વાઘણની સંકર–ઓલાદ એટલે કે "**લાયગર**" પેદા કરે એવું નહિ, કારણ, પ્રાણીઓમાં કે પંખીઓમાં કે વનસ્પતિમાં **કુદરતી રીતે** સંકર–ઓલાદ થતી નથી એ એક વાત; અને બીજી વાત કે સંકર–ઓલાદ બીજી કોઈ પણ ઓલાદ કોઈ કાળે પણ પેદા કરી શકે નહિ. સંકર–ઓલાદની આગળ બાઇબલ **"પોતપોતાની જાત પ્રમાણે"**ની **ઈશ્વર નિર્મિત** દીવાલ ઊભી થઈ જાય છે.

કૂતરાંની અનેક (૪૦૦ જેટલી) જાતો અત્યારે જોવા મળે છે, પણ એ ૪૦૦ જાતો અંદર અંદર ઓલાદ પેદા કરી શકે છે, એટલે એ ૪૦૦ જાતો તે બધી જ એક જ જાત અથવા/કુટુંબ ગણાય. એના પ્રતિનિધિ તરીકે એ જ કૂતરાં (કૂતરો-કૂતરી) વહાણમા લેવાયાં હશે. પણ એથી યે આગળ વધીને પ્રાણીશાસ્ત્રીઓ જણાવે છે કે કૂતરાંની આ ૪૦૦ જેટલી જાત વરુમાંથી નીપજેલી છે. કૂતરાં અને વરુ કુટુંબીઓ છે. એટલે વહાણમાં કૂતરું નહિ, પણ વરુની જોડ ગઈ હશે. અને જળપ્રલય પછી વરુમાંથી કૂતરાંની અનેક જાતો વધવા માંડી હશે. આ લેખે બાઇબલના શબ્દો **"પોતપોતાની જાત પ્રમાણે"** એમાં કૂતરાં, વરુ, અને બીજાં એવાં પ્રાણી એક કુટુંબનાં કે એક જ જાતનાં ગણાય.

કબૂતરોની ખરેખર અસંખ્ય જાતો મૂળ જંગલી ભૂખરાં કબૂતરોમાંથી બની છે, અને કબૂતરોની એ અસંખ્ય જાતો આખરે તો એક જ જાત ગણાય. ફ્રેન્ક લુઈસ માર્શના જણાવ્યા પ્રમાણે ૧૭૦૦ની સાલથી માંડીને વટાણાની ૫૦૦ જેટલી જુદી જુદી જાતો પેદા કરવામાં આવી છે, પણ આખરે તો એ ૫૦૦ જાતો એક જ કુટુંબ અથવા એક જ જાત છે. એમ જ કાળાં, ગોરાં (ઘઉંવર્ણાં) કે પીળાં માણસો આખરે તો એક આદમ-હવાની જ ઓલાદ છે. કીડીઓની જુદી જુદી ૧૦,૦૦૦ જાતો તે એક જ કુટુંબની અને મૂળ એક જાતની પેટા-જાતો છે. કરોળિયાની જુદી જુદી ૩૦,૦૦૦ જાતો પૃથ્વીભરમાં જોવા મળે છે, પણ એ આખરે પેટા જાતો જ ગણાય. મૂળે તો તેઓ એક જ જાતમાંથી થયા. સર્પની બધી મળીને ૨૫૦૦ જેટલી પેટા-જાતો છે. એ બધા ૧૧ કુટુંબોમાં વહેંચાયેલા છે, અને આખરે એ જ મુખ્ય કુટુંબ બને છે, અને તે એક જ મૂળ જાતમાંથી બનેલા છે.

એક જ જાતમાંથી ઘણી બધી પેટા-જાતો કેવી રીતે થતી

હશે ? પણ એ વળી એ જુદી જ વિજ્ઞાન શાખાનો (જીવશાસ્ત્ર –બાયોલોજીનો) વિષય થયો. એમાં શરીરનાં સૂક્ષ્માતીત પિંડ 'જીન' માં ('જીવન રજ, 'જીવન ઘટક' 'ગુણઘટક'માં) હજારો પેઢીઓની ખાસિયતો વારસાગત ઊતરે છે. પણ આ 'ગુણઘટક' (જીન) માં કોઈ વાર આકસ્મિક 'ગુણવિકૃતિ' (mutation) કે 'નવગુણોદ્‌ગમ' થવાથી એ જાતમાં આછું પરિવર્તન થાય છે. એમ 'પરપરાગ સંયોજન' અથવા ક્રોસ-બ્રિડિંગ એવાં mutation (ગુણવિકૃતિ) વારંવાર કરાવીને સંકર–પ્રજા પેદા કરી શકાય છે, અને એ 'સંકર ઓલાદ' આગલી જાત કરતાં ફેરફારવાળી અથવા જુદી જ હોય છે. એમ અમુક પ્રકારનાં કૂતરાંની ઓલાદમાંથી કૂતરાંની બીજી ઓલાદ પેદા કરી શકાય છે. પણ આ ક્રોસ–બ્રિડિંગ ('પર શુક્ર સંયોજન') માત્ર 'એક કુટુંબ'નાં છત્ર નીચે આવતાં પ્રાણીઓ, પંખીઓ કે વનસ્પતિમાં જ થઈ શકે છે, 'પર–કુટુંબમાં આ ક્રોસ–બ્રિડિંગ યા 'પર શુક્ર સંયોજન' યા 'પરપરાગ–સંયોજન' કોઈ કાળે પણ શક્ય નથી; અને એટલે જ ડારવિનનો ઉત્ક્રાંતિવાદ પાયા વગરનો અને જૂઠો ઠરે છે. (આ વિષે એટલે કે 'ગુણઘટક (જીન) વિષે વધુ સ્પષ્ટતા માટે જુઓ લેખકનું પુસ્તક 'બાઇબલ અભ્યાસ, ભાગ ૪થો પૃષ્ઠ ૫૦–૫૭).

નૂહના વહાણ સંબંધી બીજી એક વાત યાદ રાખવાની કે જળની મુસાફરીનાં વહાણો કે સ્ટીમરો જેવું નૂહનું વહાણ નહોતું. બીજાં વહાણો અને સ્ટીમરોને નિર્ધારિત બંદરોએ લઈ જવાનાં હોય છે, અને જળમાં નિર્ધારેલા માર્ગના નકશા પ્રમાણે કપ્તાન તેમને ચલાવે છે. જ્યારે નૂહના વહાણને કોઈ જ ઠરાવેલા સ્થળે લઈ જવાનું હતું નહિ. નૂહે એનું કોઈ સંચાલન કરવાનું નહોતું. તે તો પાણી પર તર્યા કરવાનું હતું, અને પાણી ઓસરતાં વહાણ થંભે

એ જ એનું ઠેકાણું! –એટલે આ વહાણ તરતા ઘર સમાન હતું. એને 'જલ મહેલ' કહો તો ચાલે. *

## ૧૪ ખ્રિસ્તનો અભિષેક ક્યારે થયો ?

**પ્રશ્ન :** **'ખ્રિસ્ત'** એટલે 'અભિષિક્ત' હિબ્રૂમાં **'મસીહ'** એટલે પણ 'અભિષિક્ત', પણ જૂના કરારમાં યાજકોનો કે રાજાઓનો તેલથી અભિષેક કરવામાં આવતો, તેમ નવા કરારમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો અભિષેક કર્યાનો કોઈ ખુલાસો આપવામાં આવ્યો નથી. તો તે અભિષિક્ત (એટલે કે 'ખ્રિસ્ત' અથવા 'મસીહ') ગણાય ખરા?

**જવાબ :** જૂના કરારમાં રાજાઓ અને યાજકોનો તેલાભિષેક (તેલથી અભિષેક કરવામાં) આવતો. અને એ અભિષેક ઈશ્વરને નામે કરવામાં આવતો. અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત **યાજક** છે : પ્રભુ ઈસુ યાજક છે એનો ઉલ્લેખ ગીતશાસ્ત્ર ૧૧૦ : ૪ માં આ પ્રમાણે છે. "યહોવાએ સમ ખાધા, તે પસ્તાવો કરશે નહિ કે, તું મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે **સનાતન યાજક** છે." પ્રભુ ઈસુ **રાજા** છે તેનો ઉલ્લેખ ૨ શમુએલ ૭ : ૧૨, ૧૩માં આ પ્રમાણે છે. "ત્યારે હું તારા (= દાઉદ) પછી તારા પેટમાંથી નીકળનારા તારા સંતાનને (પ્રભુ ઈસુને) ઊભો કરીશ, ને તેનું રાજ્ય હું સ્થાપીશ, તે મારા નામને સારુ ઘર બાંધશે, ને તેનું (પ્રભુ ઈસુનું) રાજ્યાસન હું **સદાને માટે સ્થાપિત કરીશ."** કલમ ૧૬ માં પણ આવું છે. "તારું રાજ્ય તારી આગળ સદા અવિચળ થશે; તારું રાજ્યાસન સદાને માટે કાયમ થશે. ઉપરનાં વાક્યોમાં સુલેમાન વિષે ઉલ્લેખ છે ખરો, પણ ભવિષ્યકથન રૂપે ઈસુ ખ્રિસ્તનો ઉલ્લેખ છે, કારણ, દાઉદપુત્ર ઈસુ ખ્રિસ્તનું રાજ્ય અને રાજ્યાસન અવિચળ તથા

સનાતન છે. પ્રભુ ઈસુ **'પ્રબોધક'** પણ છે. એ વિષે જુઓ પુનર્નિયમ ૧૮ : ૧૫ "યહોવા તારો દેવ તારે સારુ, તારી મધ્યેથી, તારા ભાઈ ઓમાંથી મારા જેવા એક **પ્રબોધક** ઊભો કરશે; તેનું તમારે સાંભળવું.

આ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, રાજા, યાજક, અને પ્રબોધક છે, તેમનો અભિષેક ક્યારે થયો ? જૂના કરારના રાજાઓ અને યાજકોનો પ્રભુને નામે તેલથી અભિષેક થતો. બાઇબલમાં **તેલ** એ **પવિત્રાત્મા**ના પ્રતીક તરીકે વપરાયું છે. (દશ કુમારિકાઓના દૃષ્ટાંતમાં કૂપીમાંનું તેલ પવિત્ર આત્માનું પ્રતીક છે.) પ્રભુ ઈસુ ખ્રિસ્તનો અભિષેક તેલરૂપી પ્રતીકથી નહિ, પણ ખુદ પવિત્ર આત્મા દ્વારા થયો. એ રીતે ખરું : (૧) પવિત્ર આત્મા દ્વારા જ તેમનો ગર્ભ ધારણ કરાયો હતો; અને (૨) બાપ્તિસ્મા પછી અભિષેક રૂપે કબૂતરના રૂપમાં પવિત્ર આત્મા તેમના ઉપર ઊતર્યો હતો. આમ તેમનો એવડો અભિષેક હતો, અને તેલરૂપી પ્રતીક દ્વારા નહિ, પણ સાચોસાચ પવિત્ર આત્માથી થયો હતો. તેલ તો માત્ર પવિત્ર આત્માની ઉપમા છે. (જુઓ માથ્થી ૩ : ૧૬; માર્ક ૧ : ૧૦, ૧૧; લૂક ૩ : ૨૧, ૨૨; યોહાન ૧ : ૩૨, ૩૩).

## ૧૫ મૂસાના શબની શી તકરાર હતી ?

**પ્રશ્ન :** યહૂદા ૧:૮માં લખ્યું છે. "પણ મીખાએલ પ્રમુખ દૂતે જ્યારે શેતાનની સાથે મૂસાના શબ વિષે તકરાર કરીને વિવાદ કર્યો, ત્યારે તેણે (મીખાએલે) નિંદા કરીને તહોમત મૂકવાની હિંમત કરી નહિ, પણ એટલું જ કહ્યું કે, પ્રભુ તને ધમકાવો.'' માણસનું શરીર જે નાશવંત છે, અને ઈશ્વરના રાજ્યમાં તેને કોઈ વારસો

નથી, તો એવા, ખાસ કરીને મૂસાના શબ વિષે પ્રમુખ દૂતે શેતાનની સાથે શા માટે ઝઘડો કર્યો ?

**જવાબ :** જવાબમાં સૌથી પહેલાં તો આ પત્રના લખનારે કરેલી ભૂલને સુધારીએ. પત્રમાં લખ્યું છે. "તો માણસનું શરીર જે નાશવંત છે, અને ઈશ્વરના રાજ્યમાં તેને કોઈ વારસો નથી." પત્રની એ સમજ સાચી નથી. બાઇબલ આત્માના ઉદ્ધારની વાત લખે છે, અને **શરીરના ઉદ્ધારની વાત પણ બાઇબલે જણાવી છે.** 'આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તેના મહિમાવાન શરીર જેવું થાય" (ફિલિપી ૩ : ૨૧); શરીરના પુનરુત્થાન વિષે તો બાઇબલમાં કેટલી બધી જગાએ લખ્યું છે ! ૧ કરિંથી ૧૫ : ૨૦–૫૮; ૧ થેસ્સા ૪.: ૧૩–૧૮; પ્રકટી ૨૦ : ૪–૬, ૧૧–૧૫, ઇત્યાદિ. આત્મા તો અમર છે, મરતો નથી; એટલે આ બધી રેફરન્સમાં શરીરના પુનરુત્થાન તથા રૂપાંતરની વાત છે. વળી આપણા પ્રેરિતોક્ત વિશ્વાસનામામાં આપણે કબૂલ કરીએ છીએ કે "શરીરના પુનરુત્થાનમાં હું માનું છું." એમ શરીરને પણ આખરે ઈશ્વરના રાજ્યમાં લાગભાગ મળશે.

હવે મૂસાના શબ બાબતે મીખાએલ અને શેતાન વચ્ચેના ઝઘડાની વાત જોઈએ. યહૂદા ૧:૯માં આપેલી આ વાતનો (એટલે કે મીખાએલ અને શેતાનના ઝઘડાની વાતનો) ઉલ્લેખ બાઇબલમાં ક્યાંયે નથી. મૂસાના મૃત્યુ વિષે પુનર્નિયમ ૩૪ : ૫, ૬ માં આવું લખેલું છે: "અને ત્યાં મોઆબ દેશમાં, યહોવાના વચન પ્રમાણે, યહોવાનો સેવક મૂસા મરી ગયો. અને મોઆબ દેશના નીચાણમાં તેણે બેથ-પેઓરની સામે તેને દાટયો; પણ આજ સુધી કોઈ માણસ તેની કબર વિષે જાણતું નથી."

બાઇબલમાં તો મૂસાના શબ વિષેની તકરારનો કોઈ ઉલ્લેખ નથી, પણ યહૂદીઓના લખાયેલા સાહિત્યમાં આનો ઉલ્લેખ છે.

'**મૂસાનું ઉદ્‌ગ્રહણ**' નામના યહૂદી લખાણના પરિશિષ્ઠમાં આ તકરાર વિષે લખેલું છે. કદાચ ઈ. સ. ની પહેલી સદીના શરૂઆતના તબક્કામાં આ પુસ્તક લખાયું હશે. મૂસાના મૃત્યુ પછી પ્રમુખ દૂત મીખાએલ અને શેતાન વચ્ચે ઝઘડો થયો. શેતાન મૂસાના શબનો કબજો લેવા માગતો હતો, અને શેતાનની દલીલ હતી કે મૂસા ખૂની હતો, તેણે મિસરીને મારી નાખ્યો હતો (નિર્ગમન ૨ : ૧૧), અને તે ક્રોધી હતો, અને ક્રોધાવેશમાં તેણે મરિબાહ આગળ ખડકને લાકડી મારી હતી (ગણના ૨૯ : ૧૦–૧૩). પણ એ તકરારમાં મીખાએલનો વિજય થયો, અને મૂસાનું ઉદ્‌ગ્રહણ (મૃત્યુ બાદ સદેહે સ્વર્ગમાં જવું) થયું.

મૂસાના શરીરનું ઉત્થાન થયું એ આપણે પ્રભુ ઈસુના રૂપાંતરની વાત (માથ્થી ૧૭ : ૧–૮) પરથી જોઈ શકીએ છીએ. એલિયા તેમ જ મૂસા સદેહે ત્યાં હાજર થયા હતા. "પ્રમુખ દૂતની (મીખાએલની) વાણી સહિત" (૧ થેસ્સા ૪ : ૧૬) ખ્રિસ્તમાં મૂએલાં બધાં ઊઠશે, અને ખ્રિસ્તના જીવતા લોક રૂપાંતર પામીને સ્વર્ગે ચઢી જશે. એ મહિમાવંતા પુનરુત્થાનના પ્રતિનિધિ તરીકે પ્રત્યેક જમાનામાં જુદી જુદી વ્યક્તિ જોવા મળે છે (પિતૃઓના જમાનામાં હનોખ, લેવીય જમાનામાં મૂસા, અને પ્રબોધકોના જમાનામાં એલિયા).

શેતાનની બે મુખ્ય પ્રવૃત્તિ છે : (૧) "આખા જગતને ભમાવવાની (પ્રકટી. ૧૨ : ૯), અને (૨) પ્રભુના લોકો વિષે પ્રભુની આગળ દોષ કાઢવાની (પ્રકટી. ૧૨ : ૧૦). અયૂબનો દોષ કાઢવાની (અયૂબ ૧ : ૮–૧૧; ૨ : ૩–૬). અને આજ સુધી શેતાન એ જ રીતે પ્રભુના લોકોની સામે દોષ કાઢે છે. મીખાએલ આગળ પણ તે મૂસાનો દોષ કાઢે છે, અને એમ મૂસાનું શબ પોતાને સોંપવા તે હક્ક કરે છે, જેથી એને "પહેલા (મહિમાવાન) પુનરુત્થાનમાં ભાગ ન મળે. શેતાને પૃથ્વી પર પાપ અને મૃત્યુ આણ્યાં, એટલે એ પાપીઓના આત્માઓ અને શરીરો માટે હક્ક કરે છે.

# ૧૬ પિત્તળના ઢાળેલા સમુદ્રનું માપ ખોટું ?

**પ્રશ્ન :** મેં બાઇબલની વિરુદ્ધ લખાયેલા એક પુસ્તકમાં બાઇબલમાં આપવામાં આવેલી કેટલીયે બાબતો જૂઠી છે એમ વાંચેલું. એમાં આપેલી કેટલીક બાબતોના ખુલાસા તમારા બાઇબલ-અભ્યાસમાં (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબમાં) આવી ગયા છે. પણ એક અહીં ટાંકું છું. બાઇબલમાં ૨ કાળવૃત્તાંત ૪ : ૨-૬માં યરુશાલેમના મંદિરમાં પિત્તળના **ઢાળેલા સમુદ્રનું** માપ-વર્ણન આપવામાં આવ્યું છે, તેમાં ભૂલ દેખાય છે. દશ હાથ વ્યાસવાળા ગોળ સમુદ્રનો ઘેરાવો (પરિઘ) ૩૦ હાથથી વધુ થવો જોઈએ, કારણ, ગણિતના કોષ્ટક પ્રમાણે પાય (૩·૧૪)×વ્યાસ બરાબર પરિઘ (ઘેરાવો) થાય. પણ બાઇબલનું માપ એ પ્રમાણે બંધબેસતું થતું નથી. તો એ વિષે જણાવશો તથા સમજાવશો ?

**જવાબ :** બાઇબલનું માપ ભૂલ ભરેલું નથી, પણ સાચું છે. જોઈએ બીજો કાળવૃત્તાંત ૪ : ૨માં ત્યાં પિત્તળના સમુદ્રનું માપ આ પ્રમાણે આપ્યું છે. તે ગોળ હતો, એનો વ્યાસ (કાંઠાની એક બાજુથી કાંઠાની બીજી બાજુ સુધીનું સીધું માપ) ૧૦ હાથ (= દોઢ ફૂટ, અથવા ૫૪૦ ઈંચ) હતો. તમારો પ્રશ્ન વ્યાજબી છે, કારણ ૧૮૦ × ૩·૧૪ બરાબર ૫૬૦ ઈંચ થાય, નહિ કે ૫૪૦ ઈંચનો ઘેરાવો. એટલે આમ, બાઇબલનું માપ પહેલી નજરે ખોટું દેખાય છે.

પણ ૨ કાળવૃત્તાંત ૪ : ૫ માં લખ્યું છે. "તેની (એટલે કે પિત્તળના સમુદ્રની) જાડાઈ ચાર આંગળ (એટલે કે ચાર ઈંચ) હતી. પિત્તળના સમુદ્રની દીવાલ ચાર ઈંચ જાડી હતી. ગોળ સમુદ્રની બંને

તરફની દીવાલ મળીને આઠ ઇંચ થાય. માપ આ પ્રમાણે લીધેલું છે. સમુદ્રની એક બાજુની બહારની ધારથી બીજી બાજુની બહારની ધાર સુધી વ્યાસ ગણ્યો છે, જ્યારે ઘેરાવો (પરિધ) સમુદ્રની દીવાલના અંદરના ભાગનો ઘેરાવો લીધો છે.



આમ, દીવાલની બહારની ધારથી અંદરની ધારના ચાર ઈંચ, અને બંને તરફની દીવાલના મળીને આઠ ઈંચ ૧૮૦ ઈંચના વ્યાસમાંથી બાદ કરીએ તો અંદરની દીવાલોનો વ્યાસ ૧૭૨ ઈંચ થાય. હવે વ્યાસ ઉપરથી પરિઘ (અથવા ઘેરાવો) કાઢવાની ગણિતની ફોર્મ્યુલા (સંજ્ઞા યા સૂત્ર) લગાડો, તો આમ થાય: ૧૭૨ અંદરનો વ્યાસ × ૩.૧૪ = બરાબર ૫૪૦ ઈંચ થાય, એટલે કે સમુદ્રનો અંદરનો પરિઘ (ઘેરાવો) થયો. અને બાઇબલમાં એ જ માપ આપ્યું છે. ૫૪૦ ÷ ૧૮ = ૩૦ હાથ ઘેરાવો. એટલે બાઇબલનું માપ બિલકુલ સાચું છે. (જુઓ ચિત્ર).

ગણિતની વ્યાસ પરથી પરિઘ (ઘેરાવો) કાઢવાની ફોર્મ્યુલા આવી છે. વ્યાસ × પાઈ (એટલે કે ૩.૧૪૧૫૯) બરાબર પરિઘ. એક આંગળ = એક ઈંચ. એક હાથ = ૧૮ ઈંચ અથવા દોઢ ફૂટ.

## ૧૭ પ્રભુના પુનરાગમનની હજી વાર છે ?

**પ્રશ્ન :** પ્રભુનું પુનરાગમન થાય એ પહેલાં એક ચિહ્ન હજી બાકી છે. માથ્થી ૨૪ : ૧૪માં આપેલી એક વાત પૂરી થઈ નથી, એ પૂરી થાય એ પહેલાં પુનરાગમન નહિ જ થાય. એ કલમમાં લખ્યું છે કે, "અને સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ **રાજ્યની આ સુવાર્તા** આખા જગતમાં પ્રગટ કરાશે; અને ત્યારે જ અંત આવશે." આખી દુનિયામાં હજી સુવાર્તા પ્રગટ થઈ નથી, એટલે પુનરાગમનને હજી વાર છે. આવું શિક્ષણ અમે સાંભળ્યું છે, એ બરાબર છે? જરા સ્પષ્ટીકરણ કરશો ?

**જવાબ :** ના, એ શિક્ષણ સાચું નથી, અને બાઇબલના શિક્ષણથી ઊલટું છે. પ્રભુ ઈસુ તો ઓચિંતા ચોરની પેઠે આવનાર

છે. સંત પાઉલના સમયમાં પ્રભુ ઈસુ આવ્યા હોત તો યે એ બરાબર હોત, કે આજે આ ઘડીએ આવે, તો પણ એ બરાબર છે. પ્રભુના પાછા આવવા માટે-એટલે કે મંડળીને ગગનમાં લેવા આવવા (**ગગનગમન**) માટે સીધું એક પણ ચિહ્ન યા ભવિષ્યકથનો બાકી છે જ નહિ. જે બધાં ચિહ્નો યા ભવિષ્યકથનો બાકી છે તે પ્રભુ મંડળી (સંતો) સાથે પૃથ્વી ઉપર ઊતરે (**પ્રાગટ્ય**) તે માટે ચિહ્નો અને ભવિષ્યકથનો છે, અને તે બધાં બાકી છે. માત્થી ૨૪ :૧૪ નું આ ચિહ્ન યા ભવિષ્યકથન પણ '**પ્રાગટ્ય**' ને લગતું છે, નહિ કે '**ગગનગમન**' માટે. આ સમજવા કેટલીક બાબતો આપણે જોઈએ :

(૧) સુવાર્તાના ચાર પાસા છે : अ. રાજ્યની સુવાર્તા; **ब**. ઈશ્વરની કૃપાની સુવાર્તા; **क**. સનાતન અથવા અનંતકાળિક સુવાર્તા; અને ड. મહિમાવંત સુવાર્તા. **સુવાર્તા** એટલે ઈશ્વર તરફથી ખુશખબર (શુભ સમાચાર, સુવાર્તા).

**अ. રાજ્યની સુવાર્તા :** માથ્થી ૨૪ : ૧૪. ઈશ્વર **પૃથ્વી પર** રાજ્ય સ્થાપન કરશે, અને આપેલા વચન પ્રમાણે દાઉદના સંતાનને (પ્રભુ ઈસુ ખ્રિસ્તને) તે રાજ્ય પર ગાદીનશીન કરશે, એની સુવાર્તા યા ખુશખબર. દાઉદને એ વિષે ઈશ્વરે વચન આપ્યું હતું, અને દાઉદ સાથે કરાર કર્યો હતો (૨ શમુએલ ૭ : ૧૬). પ્રબોધકોએ એ આકાશના રાજ્ય વિષે પ્રબોધ કર્યો હતો (યશાયા ૯ : ૬, ૭). એ રાજ્યની સુવાર્તાની ઘોષણા યોહાન બાપ્તિસ્તે કરી હતી. (માથ્થી ૩ : ૧-૬. "પસ્તાવો કરો કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે".) પ્રભુ ઈસુએ પણ એ રાજ્યની સુવાર્તાની ઘોષણા કરી હતી (માથ્થી ૪ : ૨૩ "અને ઈસુ તેઓનાં સભાસ્થાનોમાં ઉપદેશ કરતો, ને **રાજ્યની સુવાર્તા** પ્રગટ કરતો,...ગાલીલમાં ફર્યો.") બાર શિષ્યોએ પણ આકાશના રાજ્યની સુવાર્તાની જાહેરાત કરી (માથ્થી ૧૦ : ૫-૭): "તમે વિદેશીઓને માર્ગે ન જાઓ ને સમરૂનીઓના કોઈ નગરમાં

ન પેસો; પણ ઇઝરાયલના ઘરનાં ખોવાયેલાં ઘેટાંની પાસે જાઓ. અને તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ કરો કે, **આકાશનું રાજ્ય** પાસે આવ્યું છે.") સિત્તોર શિષ્યોએ પણ રાજ્યની સુવાર્તાની ઘોષણા કરી, લૂક (૧૦ : ૧-૬). ગાબ્રીએલ દૂતે મરિયમને આ રાજ્ય વિષેનું ભવિષ્યકથન જાહેર કર્યું હતું: "દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે" (લૂક ૧ : ૩૨).

પ્રભુ ઈસુ આ આકાશનું રાજ્ય અને દાઉદની ગાદી પૃથ્વી ઉપર સ્થાપવા આવ્યા હતા. એ વિષે ઝખાર્યા પ્રબોધકે આ પ્રમાણે ભવિષ્યકથન કર્યું હતું : "હે સિયોનની પુત્રી, બહુ આનંદ કર; હે યરુશાલેમની પુત્રી, જય પોકાર કર; **જો તારો રાજા** તારી પાસે આવે છે: તે ન્યાયી તથા તારણ સાધનાર છે; તે નમ્ર છે, અને **ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે."** પ્રભુ ઈસુને લોકો રાજા બનાવવા માગતા હતા ત્યારે પ્રભુ ઈસુ લોકોને ટાળતા હતા. પણ છેલ્લા રવિવારે પ્રભુ ઈસુ પોતે, ઝખાર્યાએ લખ્યું હતું બરાબર તેમ જ ગધેડાના વછેરા પર સવાર થઈને રાજા બનવા આવ્યા યે ખરા. પણ તે પોતાનાંની પાસે આવ્યો, પણ પોતાના લોકોએ તેનો અંગીકાર કર્યો નહિ (માથ્થી ૨૧ : ૧-૧૧ ; લૂક ૧૯ : ૨૯-૪૪; યોહાન ૧ : ૧૧) એમ તેણે રાજ્ય સ્થાપવાનું મોકૂફ રાખ્યું, અને હવે યહૂદીઓની 'ગાડી' મુખ્ય પાટા પરથી 'શન્ટીંગ' થઈ ગઈ, અને 'યાર્ડમાં' ધકેલાઈ ગઈ, અને 'મંડળીરૂપી ગાડી' પચાસમાના દિવસથી મુખ્ય પાટા પર હવે દોડવા લાગી છે.

પ્રભુ ઈસુએ આ સમયે આકાશનું રાજ્ય, એટલે કે દાઉદની રાજગાદી, પૃથ્વી પર યરુશાલેમમાં સ્થાપવાની વાત પડતી મૂકી ત્યારે યરુશાલેમ માટે અને ઇઝરાયલ પ્રજા માટે કેવા હૈયામાંથી રૂદનભર્યા શબ્દો ઉચ્ચાર્યા હતા ! (માથ્થી ૨૩ : ૩૬-૩૯; લૂક ૧૯ : ૪૧-૪૪).

યહૂદીઓની 'ગાડી' હવે યાર્ડમાં 'શન્ટીંગ' થઈ ગઈ છે એવું દર્શાવતા શબ્દો ઉચ્ચાર્યા : "જુઓ તમારે સારુ તમારું ઘર ઉજ્જડ મૂકાયું છે. કેમ કે હું તમને કહું છું કે જ્યાં સુધી તમે એમ નહિ કહો કે, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે, ત્યાં સુધી હવેથી તમે મને નહિ જ દેખશો" (માથ્થી ૨૩ : ૩૮, ૩૯). આ છેલ્લું વાકય પ્રભુ ઈસુના પૃથ્વી પરના **પ્રાગટ્ય** વખતે પૂરું થશે (ઝખાર્યા ૧૨ : ૧૦-૧૪). અને ત્યારે આ આકાશનું રાજ્ય પૃથ્વી ઉપર યરુશાલેમમાંથી સ્થાપવામાં આવશે.

માથ્થી ૨૪ : ૧૪માં **રાજ્યની આ સુવાર્તા:** આખા જગતમાં પ્રગટ કરાશે તે આ સુવાર્તા છે, અને મંડળીના **'ગગનગમન'** પછી અને પ્રભુ ઈસુના પૃથ્વી પરના **'પ્રાગટ્ય'** વચ્ચેના સાત વર્ષના ગાળા દરમિયાન આખી પૃથ્વી પર પ્રગટ કરાશે, એ વિષેનું આ ભવિષ્યકથન છે;-મંડળી ગગનમાં ઊડી જાય તે પહેલાં નહિ.

**ब. ઈશ્વરની કૃપાની સુવાર્તા :** આ સુવાર્તા એટલે શુભ સમાચાર. આ શુભ સમાચાર એ છે કે પ્રભુ ઈસુ દુનિયાનાં પાપોને માટે મુક્તિમૂલ્ય બનવા માટે ક્રૂસ પર બલિદાન બની ગયા, અને આપણને ન્યાયી ઠરાવવા તે મૃત્યુમાંથી પુનઃસજીવન થયા. જે કોઈ વિશ્વાસથી આ સ્વીકારી લે, તે અનંતજીવન પામે છે. યોહાન ૩ : ૧૬; પ્રે. કૃ ૨૦ : ૨૪; રૂમી ૧ : ૧; ૨ : ૧૬. આ સુવાર્તા પસાસમાના દિવસથી માંડીને આજ સુધી પ્રગટ કરાતી આવી છે.

**क મહિમાવંત સુવાર્તા :** (જુઓ રેફરન્સ ૨ કોરિંથી. ૪ : ૪; ૧ તિમોથી ૧ : ૧૧; તિતસ ૨ : ૧૩). ઘણા બધા આત્માઓને મહિમાવંત પ્રભુ ઈસુની પાસે મહિમામાં લાવવામાં આવે છે, એ માટે કે તેઓ પ્રભુ ઈસુના અનંત મહિમાના ભાગીદાર બને. આ સુવાર્તા "ઈશ્વરની કૃપાની સુવાર્તા"નું મહિમાવંતું સ્વરૂપ જ છે.

ડ. **સનાતન/અનંતકાળિક સુવાર્તા :** (પ્રકટી. ૧૪ : ૬)
"પછી મેં બીજા એક દૂતને અંતરિક્ષમાં ઊડતો જોયો, પૃથ્વી પર રહેનારાંઓમાં, એટલે સર્વ રાજ્ય, જાતિ, ભાષા તથા પ્રજામાં પ્રગટ કરવાને, તેની પાસે **સનાતન સુવાર્તા** હતી; તે મોટે સાદે કહે છે કે દેવથી બીહો ને તેને મહિમા આપો; કેમ કે તેનો ન્યાયકરણનો સમય આવ્યો છે; જેણે આકાશ તથા પૃથ્વી તથા પાણીના ઝરાઓને ઉત્પન્ન કર્યાં, તેની આરાધના કરો."

આપણી હાલની **"ઇશ્વરની કૃપાની સુવાર્તા"** સનાતન નથી. પણ પ્રકટીકરણ ૧૪ : ૬, ૭માંની સુવાર્તા **સનાતન સુવાર્તા** છે. સાત વર્ષના ગાળા દરમિયાન સાત પ્યાલાંઓ પૃથ્વી ઉપર કોપ તરીકે રેડવામાં આવે તે પૂર્વે આ "સનાતન સુવાર્તા"ની જાહેરાત કરવામાં આવશે. આપણી 'ઇશ્વરની કૃપાની સુવાર્તા'ની ઘોષણા કરવાનું કાર્ય માણસોને સોંપવામાં આવ્યું છે, દૂતોને નહિ; જ્યારે 'સનાતન સુવાર્તા' દૂતોની મારફતે પ્રગટ કરાશે. એનો વિષય ઇશ્વર હવે ન્યાય કરનાર છે, એ હશે. ઇશ્વરનો ડર રાખવા, તેને મહિમા આપવા, અને ઉત્પન્ન કરનાર તરીકે તેની ભક્તિ કરવા આ જાહેરાત થશે. ઇઝરાયલ લોકો માટે એ શુભ સમાચાર રૂપ બનશે. ઇઝરાયલના ગોત્રપતિઓ અને પ્રબોધકોએ આ સુવાર્તા વિષે જણાવ્યું હતું. અગાઉ જણાવેલી એ સુવાર્તાના ચાવીરૂપ શબ્દો, "પસ્તાવો કરો," અને "વિશ્વાસ કરો" હતા. જ્યારે આ સનાતન સુવાર્તાનો ચાવીરૂપ શબ્દ "બીહો" છે.

**શિષ્યોએ પૂછેલા ત્રણ પ્રશ્નો :** માથ્થી ૨૪ : ૩માં શિષ્યોએ પ્રભુ ઇસુને ત્રણ પ્રશ્નો પૂછ્યા : (૧) "આ બધું (મંદિરનો નાશ થવો, પથ્થરો બિલકુલ ગબડી પડવા, વિગેરે) ક્યારે થશે?" (૨) "તારા આવવાની શી નિશાની થશે?" (૩) "જગતના અંતની શી નિશાની થશે?" **પહેલા પ્રશ્ન**નો જવાબ પ્રભુ ઇસુએ ખુલ્લો નથી આપ્યો. (આડકતરી રીતે ઇ.સ. ૭૦ જણાવ્યું છે.)

**બીજા પ્રશ્નનો** જવાબ સ્પષ્ટ આપ્યો છે. **"તારા આવવાની"** એટલે પ્રભુ ઈસુ મંડળીને લેવા માટે સ્વર્ગથી ગગનમાં ઊતરે એ વાત વિષે નથી, પણ પ્રભુ ઈસુ દાઉદનાં ગાદી સ્થાપવા માટે પૃથ્વી ઉપર કયારે ઊતરશે, એ વિષેની શિષ્યોએ પૃચ્છા કરી છે. મંડળીને લેવા પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે એ વિષે જૂના કરારના પ્રબોધકો કંઇ જાણતા નહોતા. ખુદ મંડળી થશે એ વિષે પણ એ પ્રબોધકો કંઈ જાણતા નહોતા. યહૂદી પ્રજાની 'ગાડી' યાર્ડમાં 'શન્ટીંગ' થઈ, એ પછી જ મંડળી વિષેના મર્મની જાહેરાત થઈ. વળી બધાં મરેલાંમાંથી અમુક જણ બહાર નીકળી આવશે, અને બાકી રહેલા મૃતલોકો એક હજાર વર્ષ થયા પછી ઊઠશે, એ પણ નવા કરારમાં જ—અને 'યહૂદીઓની ગાડી' 'શન્ટીંગ થયા પછી જ જાહેર કરાયું. એમ શિષ્યોનો પ્રશ્ન તો એ હતો કે પ્રભુ ઈસુ પૃથ્વી પર દાઉદની ગાદી યા રાજ્ય સ્થાપન કરવા પૃથ્વી પર કયારે આવશે? એ વિષે પ્રભુ ઈસુએ માથ્થી ૨૪:૪–૫૧માં લંબાણથી સમજાવ્યું છે, અને બનનારા બનાવો વિષે જણાવ્યું છે. આ બનાવો મંડળીના જમાના દરમિયાન બનવાના નથી, પણ મંડળી ગગનમાં ઊંચકાઈ જાય (ગગનગમન થાય) એ પછી જ બનશે. માથ્થી ૨૪ : ૪–૫૧ના બનાવો વખતે મંડળી પૃથ્વી પર નહિ હોય. હા, એમાંના કેટલાક બનાવોની શરૂઆત મંડળીના જમાનામાં થશે ખરી. આમ, માથ્થી ૨૪ : ૧૪ નું વાકય ("રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે") મંડળીના જમાનામાં નહિ, પણ મંડળી ગગનમાં ઊંચકાઈ જાય ત્યાર પછીનાં સાત વર્ષના ગાળામાં બનશે.

**ત્રીજો પ્રશ્ન,** "જગતના અંતની શી નિશાની થશે?" એમાં 'જગત' શબ્દ સંબંધી પહેલાં સમજી લઈએ. નવા કરારની મૂળ ગ્રીક ભાષામાં જો 'કૉસમોસ' શબ્દ હોત તો અહીં જગત;' એવો અર્થ થાત. પણ ગ્રીકમાં 'એયોન' શબ્દ છે,

જેનો અર્થ 'યુગ' થાય છે, શિષ્યો 'યુગ'ના અંતની નિશાની વિષે પૂછે છે,–નહિ કે 'જગતના અંતની. 'મંડળીનો યુગ અને 'વિદેશીઓનો સમય' પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરે અને આકાશનું રાજ્ય સ્થાપન કરે ત્યારે પૂરો થશે. એટલે **'ગગનગમન'** થી માંડીને **'પ્રાગટ્ય'** સુધીમાં (સાત વર્ષના ગાળામાં) શું શું બનશે તે બધાંને નિશાની તરીકે ગણાવ્યાં છે. માથ્થી ૨૪ મા અધ્યાયમાં **મંડળી** વિષે કંઈ જ લખવામાં આવ્યું નથી કે, મંડળીને સ્પર્શતી બાબતો વિષે પણ કંઈ જ આપવામાં આવ્યું નથી. એમાં માત્ર યહૂદી પ્રજા અને અન્ય પ્રજાઓ વિષે જ આપવામાં આવ્યું છે. જો આ મુદ્દો યાદ ન રાખીએ કે સમજી ન લઈએ તો ગોટાળો થવાનો ભારે સંભવ છે.

**મંડળી 'સતાવણી' યા 'મહા વિપત્તિ'માં થઈને પસાર થનાર નથી.** આ વાત પણ બરાબર સમજી લેવાની જરૂર છે. લોકો એ **સમજતા** નથી તેથી જ માથ્થી ૨૪:૪–૫૧ ની બાબતો (માથ્થી ૨૪ : ૧૪ સુદ્ધાં) મંડળીના જમાનાને લાગુ પાડે છે. મંડળી તો સલામત સ્થળે ગગનમાં ઊંચકી લેવાશે, તે પછી જ માથ્થી ૨૪ : ૪–૫૧ના બનાવો પૃથ્વી ઉપર બનશે. જેમ જળપ્રલય આવે તે પહેલાં નુહ અને કુટુંબ સલામતીના વહાણમાં લઈ લેવામાં આવ્યાં અને એ પછી એક અઠવાડિયા બાદ **(સાત દિવસ પછી)** પ્રભુના કોપનો જળપ્રલય આવ્યો; તેમ જ મંડળીને સલામત સ્થળે ઉપાડી લીધા પછી જ સાત વર્ષ માટે પ્રભુના કોપનાં સાત પ્યાલાં રેડવામાં આવશે. અને એ સાત વર્ષ પછી જ યુગનો અંત આવશે. જેમ લૂત તથા કુટુંબને સદોમ-ગમોરાહમાંથી કાઢીને સહિસલામત સ્થળે ખસેડવામાં આવ્યા, એ પછી જ આગ તથા ગંધકથી એ શહેરોનો નાશ થયો, એમ જ કોપ અને યુગના અંત અગાઉ મંડળીને સહિસલામત સ્થળે ગગનમાં લઈ લેવામાં આવશે.

**"કેમ કે તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ"** (માથ્થી ૨૪ : ૨૧). ઉપર જોયું તેમ, મંડળી ગગનમાં લઈ લીધા પછી જ આ **મહા ભયંકર વિપત્તિ** પૃથ્વી ઉપર ઈશ્વરના કોપ તરીકે આવશે. એને જૂના કરારમાં "યાકૂબના સંકટનો સમય" કહ્યો છે. એટલે માથ્થી ૨૪: ૪–૫૧ના (૨૪:૧૪ સુદ્ધાં) બનાવો મંડળીને લાગુ પડતા નથી.

**ખ્રિસ્તવિરોધી મંદિરમાં :** "એ માટે ઉજ્જડની અમંગળપણાની નિશાની જે સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલું છે, તેને જ્યારે તમે પવિત્ર જગાએ ઊભેલી જુઓ...ત્યારે જેઓ યહૂદિયામાં હોય તેઓ પહાડો પર નાસી જાય..." (માથ્થી ૨૪ : ૧૫). દાનિયેલ ૯ ૨૭માં આ ભવિષ્યકથન આપેલું છે. પ્રભુ ઈસુ મંડળીને ગગનમાં તેડાવી લેશે તે પછી જ આ ખ્રિસ્તવિરોધી આવશે, અને તે વખતે મંડળી પૃથ્વી પર નહિ હોય. એટલે આગળ જોયું તેમ આ બધી કલમો (૨૪:૪–૫૧) માં મંડળીની વાત આવતી જ નથી, અને ૨૪:૧૪ તે મંડળીના તબક્કાની વાત છે જ નહિ.

વળી "ત્યારે જેઓ યહૂદિયામાં હોય તેઓ પહાડો પર નાસી જાય," એ શબ્દો સૂચવે છે કે આ યહૂદીઓ માટે જ લખાયેલી બાબતો છે. અને વળી **"પવિત્ર જગાએ"** એ શબ્દો યરુશાલેમના યહૂદી મંદિરનો ઉલ્લેખ કરે છે. એ પણ બતાવે છે કે આ બધી કલમો યહૂદીઓ અંગે જ જણાવે છે, અને મંડળી ગગનમાં ગયા પછી જ એ બનશે.

**"સર્વ પ્રજાઓ તમારો દ્વેષ કરશે"** (૨૪:૯) **:** એ શબ્દો જ સૂચવે છે કે આ અધ્યાયની વિગતો મંડળીના સમયની નહિ, પણ મંડળી ગગનમાં ઊંચકાઈ જશે તે પછી જ એ બનશે, એટલે કે

સાત વર્ષના ગાળામાં યહૂદી પ્રજા વિષે છે. **સર્વ પ્રજાઓ** ખ્રિસ્તી મંડળી યા ખ્રિસ્તી વ્યક્તિઓનો દ્વેષ ન જ કરે, પણ એ બધી પ્રજાઓ, આજે કરે છે તેમ, યહૂદી પ્રજાનો દ્વેષ કરે ખરી. એ વાત પણ બતાવે છે કે ૨૪:૧૪ એ યહૂદી પ્રજા માટે લખાયેલું છે. સર્વ પ્રજાઓ યહૂદીઓ વિરુદ્ધ ઊઠશે અને લડવા આવશે.

કલમ ૨૦માં "તમારું નાસવું શિયાળામાં કે વિશ્રામવારે (સાબ્બાથે) ન થાય, તે માટે તમે પ્રાર્થના કરો,"–એ પણ એ જ સ્પષ્ટતા કરે છે. યહૂદી લોકો સાબ્બાથે (શનિવારે) કંઈ પણ કામ નહોતા કરતા કે મુસાફરી નહોતા કરતા. એટલે આ યહૂદી પ્રજાને ખ્રિસ્તવિરોધીથી નાસી જવું પડશે, અને એ નાસવું સાબ્બાથે ન થાય માટે પ્રાર્થના કરવા પ્રભુ ઈસુ સૂચવે છે, એ બતાવે છે કે આ સમય મંડળી ઉપર લઈ લેવાયા બાદ સાત વર્ષના અધવચના ગાળાનો છે.

કલમ ૨૪ :૩૧ : "અને રણશિંગડાના મોટા અવાજસહિત તે પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી, આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી તેના પસંદ કરેલાઓને એકઠા કરશે." અહીં પણ "તેના પસંદ કરેલાઓ" એટલે યહૂદીઓ. જૂના કરારમાં પણ આવા જ શબ્દોમાં લખેલું છે કે, તે પોતાના લોકોને ઉત્તરથી તથા દક્ષિણથી, પૂર્વ તથા પશ્ચિમથી એકઠા કરશે" વળી જુઓ યશાયા ૧૧ :૧૨; ૨૭ : ૧૨, ૧૩. યહૂદીઓને દૂતો એકત્ર કરશે જ્યારે મંડળીને પ્રભુ ઈસુ પોતે લઈ જશે (૧ થેસ્સા ૪ : ૧૬; પ્રકટી. ૧૪ : ૧૪-૧૬).

**"અને સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, અને ત્યારે જ અંત આવશે"** (૨૪ : ૧૪). આ રાજ્યની સુવાર્તા છે;

ઈશ્વરની કૃપાની સુવાર્તા નહિ. આત્માઓ જીતવાને માટે કે શિષ્યો બનાવવા માટેની સુવાર્તા નહિ, **પણ** સર્વ પ્રજાઓને સાક્ષી રૂપ બનવા માટે આ રાજ્યની સુવાર્તા પ્રગટ કરાશે કે, ઈશ્વર પૃથ્વી પર દાઉદની ગાદી યરુશાલેમમાં ફરીથી સ્થાપના કરશે. આખી પૃથ્વી પર એ રાજ્યની સુવાર્તા પ્રસારિત કરવામાં આવશે. પ્રભુ ઈસુ પૃથ્વી પર આવશે ત્યારે બધી દેશજાતિઓ (બધી પ્રજાઓ) તેમની આગળ એકત્ર કરાશે, અને પ્રભુ ઈસુ એ **જીવતી** પ્રજાઓનો ન્યાય કરશે, અને ભરવાડ જેમ ઘેટાં તથા બકરાંને જુદાં પાડે છે, તેમ તે તેઓને (જીવતી પ્રજાઓને) ડાબે અને જમણે હાથે જુદી પાડશે, અને બકરાં –પ્રજાઓનો નાશ કરીને ઘેટાં–પ્રજાઓને **આ આકાશી રાજ્યમાં** લેશે: "આવો મારા પિતાના આશીર્વાદિતો, **જે રાજ્ય** જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો (માથ્થી ૨૫: ૩૧–૪૫). **આ રાજ્યની** જ સુવાર્તા, સાત વર્ષના ગાળામાં બધી પ્રજાઓને પ્રગટ કરવામાં આવશે. એ પછી (સાત વર્ષને અંતે) પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરીને એ રાજ્ય (એક હજાર વર્ષનું અથવા સહસ્ત્રાબ્દી રાજ્ય) સ્થાપન કરશે.

માથ્થી ૨૪: ૧૩. **"પણ અંત સુધી જે કોઈ ટકશે તે જ તારણ પામશે."** આ વાત પણ યહૂદીઓને આ સાત વર્ષના ગાળા માટે કહેવામાં આવી છે, નહિ કે ખ્રિસ્તીઓને (મંડળીને). આ ભેદ ન સમજવાને લીધે જ કેટલાક આ વાક્ય સમજતા હોતા નથી. તેઓને થાય છે કે 'તારણ' (મુક્તિ, ઉદ્ધાર) વિશ્વાસ કરવાથી જ મળે છે, અને નહિ કે માણસનાં કૃત્યોથી; જ્યારે અહીં આ કલમ તો જણાવે છે કે માણસ પ્રયત્ન કરીને અંત સુધી (પોતાના મૃત્યુ સુધી) ટકી રહે તો જ તારણ પામશે. આવી ગેરસમજૂતી ન થાય માટે જ આ ભેદ પારખવો જરૂરી છે, કે આ વાક્ય સાત વર્ષના ગાળા દરમિયાનના યહૂદીઓ માટે છે. તે

સમયની મહા વિપત્તિના અંત સુધી જે બધા યહૂદીઓ જીવતા રહી શકયા હશે તેઓ જ આ થનાર આકાશના રાજ્યમાં (સહસ્ત્રાબ્દી રાજ્યમાં) પ્રવેશ પામશે. "તારણ પામશે," એટલે કે ખ્રિસ્તવિરોધીની સતાવણીમાંથી તેઓ બચી જશે, જીવતા રહેશે, અને એક હજાર વર્ષના રાજ્યમાં પ્રવેશ પામશે. યહૂદી લોકોમાંથી બે તૃતિયાંશ ભાગ નાશ પામ્યો હશે, અને ⅓ જેટલા શેષ ભાગના, ઈશ્વરના પસંદ કરેલા જ બચશે, અને આ આકાશના રાજ્યમાં (પૃથ્વી પરના પ્રભુ ઈસુના એક હજાર વર્ષના રાજ્યમાં) પ્રવેશ પામી શકશે.

છેલ્લા એકાદ મહિનામાં બહુ જણે આ વિષે મૌખિક અને લેખિત રીતે આ વિષેના પ્રશ્ન પૂછ્યા હતા. અને એમાંના કેટલાક પાસેથી જાણવા મળ્યું કે તાજેતરમાં અમદાવાદમાં મળેલી ડગલાસની સભાઓમા માથ્થી ૨૪: ૧૪ ની કલમ ટાંકીને ઉપદેશમાં કહેવામાં આવેલું કે રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, ત્યારે અંત આવશે, એટલે કે ત્યારે જ પ્રભુ ઈસુનું પુનરાગમન થશે. એટલે પ્રભુ ઈસુનું પુનરાગમન થાય એ પહેલાં આ વાત બનવાની બાકી છે; એટલે પ્રભુ ઈસુના પુનરાગમનને હજી વાર છે. પણ આ બાઇબલના શિક્ષણથી આ ઉલટું શિક્ષણ છે. પ્રભુ ઈસુના પુનરાગમન આડે જ કોઈ જ બીના કે ભવિષ્યકથન બાકી છે જ નહિ. એમનું આવવું ગમે ત્યારે થાય. સાત વર્ષના ગાળામાં, એટલે કે **ગગનગમન** અને **પ્રાગટ્ય** વચ્ચેના ગાળામાં બનનારા કેટલાક બનાવો બનવાની શરૂઆત દુનિયાભરમાં થઈ રહી છે, એટલે જ હવે પ્રભુ ઈસુ "બારણા આગળ" જ છે એમ અણસાર પડે છે. ફરી ભાર દઈને કહુ છું કે માથ્થી ૨૪: ૧૪ અને પ્રભુના પુનરાગમન વચ્ચે કોઈ સીધો સંબંધ નથી; પ્રભુ ઈસુનું ગગનમાં આગમન થયા પછીનાં સાત વર્ષમાં ૨૪: ૧૪ની આ વાત બનશે.

# ૧૮ "અગાઉ થયેલાં પાપ" કયાં ?

**પ્રશ્ન :** રૂમી. ૩:૨૫માં લખેલું છે કે, "...જેથી ઈશ્વરની સહનશીલતાથી અગાઉ થયેલાં પાપની દરગુજર થઈ તે વિષે ઈશ્વર પોતાનું ન્યાયીપણું દેખાડે..."એ વાકયમાં વાપરેલા શબ્દો **"અગાઉ થયેલાં પાપ"** એટલે શું ?

**જવાબ :** "અગાઉ થયેલાં પાપની દરગુજર" શબ્દ જૂથમાંના શબ્દો "અગાઉ થયેલાં પાપ" એટલે લોકોનાં પાપને માટે પ્રભુ ઈસુ ક્રૂસ પર બલિદાન બની ગયા તેની અગાઉ થઈ ગયેલા લોકોનાં પાપ. પ્રભુ ઈસુ ક્રૂસ પર મર્યા તે અગાઉ લોકોએ કરેલાં પાપની દરગુજર ક્રૂસ પરના બલિદાન દ્વારા જ થઈ. યરુશાલેમના મંદિરની વેદી પર બકરા તથા ગોધાઓનાં જે બલિદાનો આપવામાં આવતાં હતાં એ બધાં બલિદાનો માણસોનાં પાપની દરગુજર કરવા કે મુક્તિમૂલ્ય ચૂકવવા સમર્થ નહોતાં. એ બધાં પશુઓનું રક્ત દયાસન પર છાંટવામાં આવતું હતું. અને એ દયાસન પ્રભુ ઈસુની પીઠ સૂચવતું હતું, એટલે કે જેને માટે એ બધાં બલિદાનો ચઢાવાતાં હતાં તેનાં પાપ જાણે કે **'ઈશ્વરના ખરા હલવાન'** પ્રભુ ઈસુની પીઠ પર જ ખડકાતાં હતાં. પ્રભુ ઈસુ ક્રૂસ પર બલિદાન બન્યા, ત્યારે એ અગાઉ થઈ ગયેલા લોકોનાં પાપનું મુક્તિમૂલ્ય ક્રૂસ પર ચૂકવવામાં આવ્યું,—એટલે કે "અગાઉ થયેલાં પાપ"ની દરગુજર થઈ. પશુઓનાં બલિદાનો તો જાણે કે લોકોનાં પાપને ઢાંકતાં હતાં, પણ પાપ દૂર કરતાં નહોતાં. પ્રભુ ઈસુના બલિદાનથી જ લોકોનાં પાપ દૂર કરાયાં.

# ૧૯ પત્નીએ પતિને આધીન રહેવું.

**પ્રશ્ન :** એફેસી ૫ : ૨૨, ૨૪માં આ પ્રમાણે લખેલું છે : પત્નીઓ, જેમ પ્રભુને તેમ પોતાના "પતિઓને આધીન રહો..જેમ મંડળી ખ્રિસ્તને આધીન છે, તેમ પત્નીઓએ સર્વ બાબતમાં પોતાના પતિઓને આધીન રહેવુ. એ વચનો પ્રમાણે શું પત્નીઓએ સર્વ બાબતમાં" પતિઓને આધીન રહેવું જરૂરી છે ?

**જવાબ :** આ બે કલમો બીજી બધી કલમોમાં (એટલે કે આખા અધ્યાયમા) જે બધું કહેવામાં આવેલું છે તેની સાથે જ લેવાની છે; એ બે કલમો એકલી એકલી જ નહિ લેવાવી જોઈએ. ખાસ કરીને ૨૧મી કલમથી માંડીને એ આખો ફકરો સાથે સાથે જ જોવાવો જોઈએ. એ આખા ફકરાનો સાર એવો છે કે પતિઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્તના નમૂનાનું અનુકરણ બધી બાબતોમાં કરવાનું છે. આ ફકરામાં ત્રણ વખત કહ્યું છે કે પતિઓએ પોતાની પત્નીઓ પર પ્રેમ કરવો જોઈએ. અને ૨૫મી કલમ તો કેટલી અદ્ભુત છે કે, : પતિઓ જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાપર્ણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો..." વળી ૨૮મી કલમ કહે છે. "એ જ પ્રમાણે પતિઓએ **જેમ પોતાના શરીર પર તેમ** પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ." આમ ખ્રિસ્તના નમૂના પ્રમાણે ચાલનાર પતિને સંપૂર્ણ રીતે આધીન રહેવાનું તેની પત્નીને કપરું ન જ લાગે; ઊલટું એવા પતિને પ્રેમથી આધીન રહેવાનું પત્નીને ગમતું બને, એમાં તેને આનંદ આવે.

હા, ઈશ્વરમાં નહિ માનનાર અથવા ઈશ્વરથી દૂર રહેનાર

પતિને સર્વ બાબતોમાં આધીન રહેવાનું પત્ની માટે શક્ય ન પણ બની શકે-ખાસ કરીને પ્રભુને રીઝવવામાં, પ્રભુની ઇચ્છા પ્રમાણે વર્તવામાં અને ભજન ભક્તિની અને ઈશ્વરપરાયણતાની બાબતમાં પતિની ઇચ્છાઓ આડે આવતી હોય ત્યાં પતિને સર્વ બાબતોમાં આધીન રહેવું શક્ય ન પણ બની શકે.

જ્યાં પતિ-પત્ની સાંસારિક હોય, અરસપરસ કજિયાખોર હોય ત્યાં પતિનો પ્રેમ કે પત્નીની આધીનતાથી ઊલટું વર્તન પણ જોવા મળે. વળી આ **"છેલ્લા કાળમાં"** સ્ત્રી-સ્વાતંત્ર્ય (અં. લીબરેશન ચળવળ)નું લોલક છેક સામા છેડાની છેલ્લી સરહદે પહોંચતું દેખાય છે, ત્યાં બાઇબલના આ આદેશ પ્રત્યે સન્માન ઓછું અને ઓછું થતું જાય છે. હવે તો આ 'લીબરેશન" ચળવળ એટલી હદે છે કે બાઇબલમાં ઈશ્વર માટે પુરુષવાચક ઉદ્બોધનો વપરાયેલાં છે તે પણ કાઢી-કાપી નાખવા તેઓ માગે છે. ફેબ્રુઆરી '૮૪ માં અમેરિકાથી એક અધિકારી બહેન આવ્યાં હતાં; તેમણે કેટલાક પાળકોની આગળ બોલતાં આવું જ કહ્યું હતું કે, ઈશ્વરને **'પિતા'** તરીકે સંબોધવા ન જોઈએ, કારણ, ઈશ્વર એ પુરુષ નથી; એને બદલે 'ઉત્પન્નકર્તા' કે 'સર્જનહાર' એવાં કંઈક સંબોધન ઈશ્વર માટે વાપરવાં જોઈએ. એની સામે એક પાળકે કહ્યું હતું કે પ્રભુ ઈસુએ પોતે જ ઈશ્વરને 'પિતા' તરીકે સંબોધ્યા છે, તો પછી આપણે કોણ કે પ્રભુ ઈસુના કથનમાં સુધારો કરવા બેસીએ ? ભાંગતાં કુટુંબો, મિથ્યા બકવાસ, અને અરાજકતા એ આ જમાનાની તાસીર આપણામાં વ્યક્ત ન થાય.

## ૨૦ 'મંડળી' એટલે શું ?

**પ્રશ્ન :** આપણે ખ્રિસ્તી લોકના સમૂહને માટે **'મંડળી'**

શબ્દ વાપરીએ છીએ, એ બરાબર છે? '**મંડળી**' એટલે શું તે સમજાવશો?

**જવાબ :** બાઇબલના શિક્ષણ પ્રમાણે '**મંડળી**' એટલે વિશ્વાસ કરનારાં તથા **તારણ** પામેલાં માણસોનો સમૂહ. માત્ર બાપ્તિસ્મા પામેલાં માણસોના સમૂહને માટે ખરી રીતે મંડળી શબ્દ વાપરી શકાય નહિ. બાપ્તિસ્મા લીધું હોય પણ તારણ પામ્યાં ન હોય અને નવા જન્મનો અનુભવ ન પામ્યાં હોય તેવાં માણસોને ઈશ્વરની મંડળીનાં સભ્ય ગણી શકાય જ નહિ.

મંડળી માટે મૂળ ગ્રીક ભાષામાં '**એકલેસિયા**' શબ્દ વાપરવામાં આવ્યો છે, અને એ પરથી ગુજરાતીમાં કોઈ કોઈ વાર મંડળી માટે 'કલિસિયા' શબ્દ વપરાય છે. હિંદીમાં તો તે રૂઢ પ્રયોગ બની ગયો છે. આ 'એકલેસિયા,' અથવા 'મંડળી' એટલે **અલગ કરાયેલા લોકો.** જગત, જેનો અધિકારી, અને દેવ શેતાન છે, એ જગતમાંથી અલગ કરાયેલાં, ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનારાં અને ક્રૂસના ઝંડા નીચે અલગ કરાયેલાં લોકો એટલે મંડળી. મંડળીના ત્રણ ભાગ છે, **પહેલો ભાગ** તે વિશ્વ-મંડળી. દેશ, જાતિ, રંગ કે અન્ય એવા કોઈ પણ ભેદભાવ વગર આખા વિશ્વભરમાં જે બધાં મુક્તિ (તારણ) પામ્યાં છે, અને નવા જન્મના અનુભવમાં આવ્યાં છે તે બધાંની મંડળી. એ વિશ્વ-મંડળી થઈ. એને માટે '**યુદ્ધે ચઢેલી' મંડળી** શબ્દ વપરાય છે, અંગ્રેજીમાં એને 'ચર્ચ ધ મિલિટન્ટ' (Church the Militant) શબ્દપ્રયોગ વપરાયો છે. **બીજો ભાગ** એટલે વિશ્વભરમાંથી જે બધાં યુદ્ધે ચઢેલી મંડળીમાંથી મૃત્યુ પામીને પારાદૈસમાં પહોંચ્યાં છે, તે બધાં આ મંડળીનાં છે, એને માટે '**વિજયવંત મંડળી**' શબ્દપ્રયોગ વપરાય છે, અને અંગ્રેજીમાં એને 'ચર્ચ ધ ટ્રાયંફંટ' (Church the Triamphant) શબ્દ છે.

ત્રીજો ભાગ તે 'સ્થાનિક મંડળી,' નવા કરારમાં કોરિંથની મંડળી, એફેસસમાંની મંડળી, રોમની મંડળી, ફિલિપ્પીની મંડળી, એવા શબ્દપ્રયોગ આ સ્થાનિક મંડળીઓ માટે વપરાયો છે. આજના જમાનામાં આપણે અમદાવાદની મંડળી, સુરતની મંડળી, વલસાડની મંડળી ઇત્યાદિ શબ્દપ્રયોગ એ જ રીતે વાપરીએ છીએ. એ સ્થાનિક મંડળીમાં પણ જેઓ ખ્રિસ્ત પર વિશ્વાસ નહિ કરનારા અને મુક્તિના (એટલે કે નવા જન્મના) અનુભવમાં નહિ આવેલા એવા લોકો ભલે તેઓ બાપ્તિસ્મા પામ્યા હોય, તો પણ-સ્થાનિક મંડળીના કે વિશ્વ મંડળીના સભ્યો નથી.

'ડીનોમિનેશનલ' (સાંપ્રદાયિક અથવા જુદાં જુદાં જૂથોની) મંડળીઓને કઈ કક્ષામાં મૂકી શકાય? નવા કરારમાં એવું કોઈ રૂપ દેખાતું નથી. સંત પાઉલ આવી પરિસ્થિતિ માટે કંઈક આવા શબ્દપ્રયોગ વાપરે છે : "તમારામાં મતભેદ પડયા છે... તમારામાંનો કોઈ કહે છે કે, હું તો પાઉલનો; કોઈ કહે છે કે, હું તો આપોલસનો; કોઈ કહે છે કે, હું તો કેફાસનો, અને કોઈ કહે છે કે, હું તો ખ્રિસ્તનો છું. શું ખ્રિસ્તના વિભાગ થયા છે?" (૧લો કોરિંથી. ૧ : ૧૧-૧૩).

## ૨૧ પ્રાર્થના કોને સંબોધવી?

**પ્રશ્ન :** સામાન્ય રીતે નાનપણથી અત્યાર સુધી આપણે પ્રભુ ઈસુને નામે પ્રાર્થના કરીએ છીએ અને આપણી પ્રાર્થનાઓમાં ઈશ્વર પિતાને સંબોધીએ છીએ (દા.ત, "હે અમારા સ્વર્ગીય પિતા" અથવા "ઓ અમારા આકાશમાંના બાપ"), અને પ્રભુ ઈસુના નામમાં માગીએ છીએ (દા ત. "પ્રભુ ઈસુને નામે" માગીએ છીએ," અથવા

"પ્રભુ ઈસુને નામે" એમ પ્રાર્થનાને અંતે બોલીએ છીએ.) પણ કેટલાક પાળકો અને એકલદોકલ કોઈ લેમેન પ્રાર્થનામાં પવિત્ર આત્માને સંબોધે છે. (દા. ત. "હે પ્રભુ પવિત્ર આત્મા"). તો ખરું શું છે?

**જવાબ :** (૧) મંડળીની શરૂઆતથી જ પ્રાર્થનાનું સંબોધન પિતાને કરવામાં આવ્યું છે. આજે પણ વિશ્વભરની પ્રાર્થનાનું સંબોધન 'પિતાને' કરે છે; દાખલા તરીકે, "હે પિતા" "હે પ્રભુ પરમેશ્વર" "હે દયાળુ અને કૃપાળુ પિતા," ઇત્યાદિ. (૨) વળી દરેક સાંપ્રદાયિક મંડળીઓ, એટલે કે એંગ્લીકન, લ્યુથરન, બેપ્ટિસ્ટ, પ્રોટેસ્ટંટ, રોમન કેથોલિક, તેમ જ અન્ય મંડળીઓનાં પ્રાર્થના-પુસ્તકોમાં કે ક્રિયાકાંડોનાં પુસ્તકોમાં પ્રાર્થનાનું સંબોધન ઈશ્વર પિતાને કરવામાં આવેલું છે. વળી પ્રાચીન સમયની મંડળીથી આજ સુધી ઈશ્વર પિતાને નામે જ પ્રાર્થનાનું સંબોધન કરાતું આવ્યું છે.

(૩) બાઇબલમાં પણ એક અપવાદ બાદ કરતાં પ્રાર્થનાનું સંબોધન પિતાને કરવામાં આવ્યું છે, દાખલા તરીકે, "જેથી તમે મારે નામે જે કંઈ **બાપની** પાસે માગો તે તમને તે આપે" (યોહાન ૧૫:૧૬); તેમ જ "તે દહાડે મારે નામે તમે માગશો;" વળી, "**ઓ બાપ,** તું તેઓને માફ કર...", વળી "**ઓ બાપ,** જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર." તેમ જ, "જો તમે **બાપ પાસે કંઈ માગશો** તો તે મારે નામે તે આપશે" (યોહાન ૧૬:૨૩); અને "હે બાપ, તેં મારું સાંભળ્યું છે, માટે હું તારો આભાર માનું છું..." (યોહાન ૧૧:૪૧,૪૨); તેમ જ, વળી, "હે બાપ, જગત ઉત્પન્ન થયા અગાઉ... મને મહિમાવાન કર" (યોહાન ૧૭:૫), એમ પ્રભુ ઈસુનું અને નવા કરારનું શિક્ષણ પણ એ જ બતાવે છે કે પ્રાર્થનાનું સંબોધન પિતાને કરવાનું છે,–બાપની પાસે માગવાનું છે.

પ્રભુ પવિત્ર આત્માને સંબોધન એ નવા કરારનું શિક્ષણ નથી, કે નથી મંડળીની પ્રણાલિકા.

પ્રાર્થનાઓને અંતે આપણે "પ્રભુ ઈસુને નામે માગીએ છીએ", અથવા "પ્રભુ ઈસુને નામે," એ બરાબર છે. પ્રભુ ઈસુ આપણા મધ્યસ્થ છે. અને તેમને નામે જ આપણે પિતાની પાસે માગવાનું છે.

## ૨૨ શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? શું એમની કબર કાશ્મીરમાં આવેલી છે ?

**પ્રશ્ન :** વારંવાર ભારતનાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, તેમ જ અન્ય ભાષિત સામયિકોમાં લખાણો છપાતાં આવ્યાં છે કે, (૧) પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા; (૨) તેમણે ભારતમાં હિન્દુ તથા બૌદ્ધ ધર્મનું શિક્ષણ મેળવ્યું હતુ; તેમણે કાશ્મીરમાં લગ્ન કર્યું હતું, અને એમના વંશજ આજે પણ કાશ્મીરમાં જોવા મળે છે; (૪) તેમ જ પ્રભુ ઈસુની કબર પણ આજે કાશ્મીરમાં મોજૂદ છે; (૫) વળી તેમની મા મરિયમની કબર તથા મૂસાની કબર પણ કાશ્મીરમાં છે. તો આ લખાણોમાં કેટલું તથ્ય છે તે જણાવશો તો આભાર.

**જવાબ :** આ પ્રકારના કાગળો આજે વર્ષોથી મારી ઉપર આવે છે. વળી કેટલાકે એ લખાણોની કાપલીઓ કે આખાં મેગેઝીન મારી ઉપર મોકલ્યાં છે. એટલે કોઈ એક જ કાગળનો નહિ, પણ આ બધા કાગળોનો અહીં એક સહિયારો જવાબ આપું છું. જો કે આ બધાંની પૃછાઓ અને જીજ્ઞાસાઓને જરાક શાંત પાડવા કે સંતોષવા જ આ જવાબ લખું છું, પણ **બે ત્રણ વર્ષ પછી** આ બધી બાબતોને લગતી અલગ પુસ્તિકા ગુજરાતીમાં તેમ જ અંગ્રેજીમાં છાપી બહાર પાડવાનો નિર્ણય કરી લીધો છે (ઈશ્વર હયાત રાખે તો). જેથી ભારત ભરમાં એ જવાબ ફેલાય અને સૌને સત્ય

હકીકતનું ભાન–જ્ઞાન થાય. આજનો આ જવાબ તો ટૂંકો ને ટચ જ રાખ્યો છે,–બહાર પડનાર પુસ્તિકામાં વિસ્તારથી લખવામાં આવશે.

શરૂઆતમાં જ જવાબ આપી દઉં કે પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા, ભારતમાં હિન્દુ–બૌદ્ધ ધર્મોનું શિક્ષણ મેળવ્યું હતું, કાશ્મીરમાં, તિબેટમાં, વારાણસીમાં, વિગેરે સ્થળે રહ્યા હતા, અને કાશ્મીરમાં એમની કબર છે,–**આ બધી જ વાતો હડહડતું જૂઠાણું છે.** માત્ર સુનસનાટી ભર્યાં લખાણો દ્વારા જગતમાં ચમકવાની વૃત્તિ એમાં છે, અથવા બાઇબલની સાચી હકીકતને જૂઠી અથવા અર્ધ–સત્ય ઠરાવવાનો ઇરાદો એમાં છે. આ બાબતમાં સંડોવાયેલા લેખકો અને લખાયેલાં પુસ્તકોને આપણે વારાફરતી બહુ ટૂંકાણમાં જોઈ લઈએ.

**(૧) નિકોલાસ નટોવિચ અને તેનું પુસ્તક, "અનનોન લાઈફ ઑફ જિસસ"** (અં. 'Unknown Life of Jesus' = ઈસુનું અજ્ઞાત જીવન : લંડન, હચીંગ્સન એન્ડ કંપની, ૧૮૯૫). આ નિકોલાસ નટોવિચ ઓગણીસમી સદીની આખરમાં થઈ ગયો. તે કહેવાતો રશિયન જાસૂસ હતો. તેનું કથન આવું છે. તે કાશ્મીર થઈને ૧૮૮૭માં તિબેટ ગયો હતો. અને તિબેટના પહાડોમાં એનો પગ ભાંગ્યો, એટલે કેટલાક બૌદ્ધ સાધુઓ તેને લડાક વિસ્તારના લેહમાં હેમીસના બૌદ્ધ મઠમાં લઈ ગયા. ત્યાં તે આરામ કરતો હતો તે દરમિયાન હેમીસ મઠના મુખ્ય લામાએ તેને પ્રભુ ઈસુ વિષે પાલી ભાષામાં લખેલા હસ્તલેખો બતાવ્યા, અને પાલીમાંથી એનો અર્થ કરી બતાવ્યો. પાછળથી નિકોલાસે યુરોપ જઈ પ્રથમ ફ્રેન્ચ ભાષામાં અને એ પરથી અંગ્રેજીમાં પુસ્તક છપાવ્યું. પેલા પાલી ભાષાના હસ્તલેખો પરથી પ્રભુ ઈસુ વિષેની વાતો આ પુસ્તકમાં ઉતારી. ઈસુ પોતે કાશ્મીર, બનારસ, તિબેટ, બધે રહ્યા હતા, એવું એ પુસ્તકમાં નિકોલાસ નટોવિચે લખ્યું છે.

પણ તે સમયના (૧૯મી સદીના) વિશ્વ વિખ્યાત વિદ્વાન મેકસ મ્યુલરે પોતાના 'નાઈન્ટીંથ સેન્ચ્યુરી' નામના માસિકમાં નિકોલાસના એવા દાવાની પુષ્કળ ઝાટકણી કાઢી છે, અને હેમીસમાંના પેલા હસ્તલેખો વિષે લખ્યું છે કે એ હડહડતું જૂઠાણું છે. ("નાઈન્ટીંથ સેન્ચ્યુરી," ઑકટો. ૧૮૯૪). વળી કલકત્તાના એક ગોરા કલેકટરે પણ આ હેમીસ મઠના હસ્તલેખો અને નિકોલાસની તિબેટની મુસાફરીને જૂઠાણા તરીકે ગણાવ્યાં છે. એ કલેકટરે જાતે કાશ્મીર અને તિબેટની મુસાફરી કરી હતી, અને જાત-તપાસ કરી હતી. નિકોલાસ નટોવિચ કદીએ તિબેટ કે હેમીસના મઠમાં ગયો જ નહોતો. આવા જૂઠાણાથી તરબોળ તેના પુસ્તકને કેટલાક ઐતિહાસિક અને સાચી હકીકત માને છે; એ કેવું કાવતરું ! ખુદ હેમીસના મઠના લામા પોતે કહે છે કે, ઈસુ ખ્રિસ્ત, વિષે કોઈ પુસ્તક અમારા મઠમાં નથી.

**(૨) ડૉ. સ્પેન્સર અને તેમનું પુસ્તક "મિસ્ટિક લાઈફ ઓફ જીસસ"** Mystic Life of Jesus = ઈસુનું રહસ્યમય જીવન. ડૉ. સ્પેન્સર **"રોસી કૃચુસિયન,,** સંપ્રદાયના સભ્ય છે, અને કેલિફોર્નિયામાં રહે છે. તેઓના મંડળીને "વ્હાઈટ બ્રધરહુડ" (શ્વેત ભાઈચારો) તરીકે ઓળખવામાં આવે છે. તેઓનું લખેલું આ પુસ્તક ઐતિહાસિક દૃષ્ટિએ માત્ર કાલ્પનિક અને ઉપજાવી કાઢેલી વાતોથી ભરેલું છે. ડૉ. સ્પેન્સર લખે છે કે ઈસુ જુવાન વયે ભારતમાં વારાસણી, ગયા, કાશ્મીર અને પછી તિબેટ આવ્યા હતા, અને ભારતીય ધર્મોનું અધ્યયન કર્યું હતું. પછી પાલેસ્તાઈન પાછા જઈને એવો જ ઉપદેશ બધે આપ્યો હતો. ઈસુને ક્રૂસે જડયા ત્યારે ઈસુએ ભારતમાં શીખેલા યોગ દ્વારા પ્રાણ (જીવ) રોકી રાખ્યો હતો. તેમને મરેલા ધારીને કબરમાં મૂકવામાં આવ્યા પણ પ્રાણાયામ દ્વારા તેઓ પુનઃ ચેતનવંતા બન્યા. તેઓ

સાજા થઈને નીકળ્યા એ પછી એક દિવસે તેઓ પોતાના ચેલાઓ સાથે જૈતૂન પર્વત પર ઊભા હતા એવામાં તેઓની વચ્ચે મોટું વાદળું આવ્યું. એનો લાભ લઈને ઈસુ ત્યાંથા સટકી ગયા. શિષ્યોએ માન્યું કે ઈસુનું સ્વર્ગારોહણ થયું. પણ ઈસુ તો ત્યાંથી નીકળીને કાર્મેલ પર્વત ઉપર ઘણાં વર્ષો સુધી છૂપી રીતે રહ્યા અને લાંબા વર્ષો પછી કુદરતી મોત પામ્યા.

આ પુસ્તકમાં બધી કપોળ કલ્પિત વાતો છે. દાખલા તરીકે મરિયમ કુંવારીનાં મા-બાપ યરુશાલેમના પૂર્વ દરવાજે આવેલા સૂર્યમંદિરમાં પૂજારી-પૂજારણ હતાં. મરિયમ જન્મ્યા પછી ત્રણ દિવસની થઈ ત્યારે તેને સૂર્યમંદિરમાં લાવવામાં આવી અને ત્રણ દિવસની થયેલી મરિયમ આપોઆપ ચાલવા લાગી, અને એક દીવાલથી બીજી દીવાલ સુધી ચાલી. ઈસુ વિષે પણ આવી જ કપોળ-કલ્પિત વાતો આ પુસ્તકમાં છે. આ પુસ્તક વજૂદ વગરનું છે.

(૩) **જર્મન સ્કોલર એન્ડ્રુઝ ફેબર-કૈઝર, અને તેમનું લખેલું પુસ્તક "જીસસ ડાઈડ ઈન કાશ્મીર** (Jesus Died in Kashmir=ઈસુ કાશ્મીરમાં મૃત્યુ પામ્યા) (Cox & Wyman Ltd. London Reading and Fakenham 1977). આ આ જર્મન અભ્યાસક્રમ કાશ્મીર આવ્યો હતો. એનું પુસ્તક ઇતિહાસ અને કલ્પનાઓનું સંમિશ્રણ છે. ઈસુ વિષે તેણે લખેલી વાતોનો સાર આવો છે:

ઈસુ યુવાન વયે ભારત આવ્યા અને જ્ઞાન મેળવ્યું, અને પછી પાછા પાલેસ્તાઈન જઈ ધર્મપ્રચાર કર્યો. પણ પાછળથી તેમને ક્રૂસે જડી દેવામાં આવ્યા. એન્ડ્રુઝ-કૈઝરનું કહેવું છે કે ઈસુને ક્રૂસ પરથી ઊતાર્યા ત્યારે તેઓ મૃત્યુ પામ્યા ન હતા. વળી તેમને કબરમાં પણ જીવતા જ મૂકવામાં આવ્યા હતા. અને કબરમાં તેમની સારવાર

કરવામાં આવી હતી. એ પછી ઈસુ પથ્થરને હઠાવીને બહાર નીકળ્યા, અને ગાલીલ જવા ચાલી નીકળ્યા. પાછળથી ઈસુ, તેમનાં મા મરિયમ, અને સંત થોમા પાલેસ્તાઈન છોડીને ભારત–કાશ્મીર આવ્યાં. મરિયમ, રસ્તામાં જ (હાલના પાકિસ્તાન વિસ્તારમાં જ) મરી ગયાં, જ્યાં હાલ મરિયમની કહેવાતી કબર છે. ઈસુ કાશ્મીર આવીને રહ્યા; પાછળથી લગ્ન કર્યું, અને સંતાનો થયાં, જેમનાં વંશજો (સંતાનો) આજે કાશ્મીરમાં જીવતાં છે. ઈસુ પાછળથી ૧૨૦ વર્ષના થઈને મરી ગયા, અને એમની કબર ("યુઝ અસફ"ની કબર) કાશ્મીરમાં હાલ જોવા મળે છે. આવું એન્ડ્રુઝ ફેબર–કૈઝરનું કહેવું છે.

ઈસુ ક્રૂસ પર મરી ગયા નહોતા,–એવું વિધાન તેમણે તૂરીન શહેરમાં રાખેલા "કહેવાતા ઈસુના કફન"ને આધારે કર્યું છે. પણ એ કફન ખરેખર ઈસુનું જ છે એવું કોણે કહ્યું ?–એવું પુરવાર જ થયું નથી. વળી એ 'કફન'ની 'સાયંટીફિક' ચકાસણી પણ કયાં થઈ છે ?

આ ઉપરાંત આ લેખકનું (એન્ડ્રુઝ ફેબર–કૈઝરનું) પુસ્તક કેટલીક વણ–પુરવાર થયેલી માન્યતાઓ પર નિર્ધારિત છે. એમાં ઇતિહાસ અને કલ્પનાઓનું સંમિશ્રણ ભરેલું છે. વળી એમાં જે જે અન્ય પુસ્તકોમાંથી અવતરણો લેવામાં આવ્યાં છે, તે પુસ્તકો પુરાવિદ્યાની ચકાસણી દ્વારા પ્રમાણિત થયેલાં પુસ્તકો નથી. દુનિયામાં આવાં બિન–દસ્તાવેજી અને બનાવટી અનેક પુસ્તકો પ્રગટ થયાં છે, પણ ઇતિહાસની ચકાસણીમાં તે ઊભાં રહી શકે તેમ નથી. લેખકના આ પુસ્તકમાં મૂસા નબીની કબર પણ કાશ્મીરમાં છે એવું કરવામાં આવેલું અનુમાન અને એમાં આ વિષેનાં બાઇબલમાં આપેલાં સ્થળો અને નામ જે મૃત સરોવરની પાસે ઇઝરાયલમાં છે તે બધાંને કાશ્મીરમાં હોવાની કલ્પનાઓ બાલિસ અને હસવા જેવી છે. સાચા સંશોધકની અદા એમાં નથી.

**(૪) મીરઝા ગુલામ અહમદ (૧૮૩૭–૧૯૦૮), એમણે સ્થાપેલા (મુસલમાની) પંથ "અહમદિયા," અને એમનાં લખાણો :** આ મીરઝા ગુલામ અહમદનું કહેવું અને લખવું એવું છે કે 'ફરીથી પાછા આવનાર ઈસુ હું પોતે જ છું.' મીરઝા પોતાને કૃષ્ણ પણ કહેવડાવતા, અને આવનાર ઇમામ 'મહદી' તે પણ પોતે જ છે એમ જણાવતા. કુરાનમાં તો લખેલું છે (સૂરા ૪: ૧૫૬) કે ઈસુ મરી નથી ગયા; પણ અલ્લાએ બીજા કોઈ માણસને ઈસુ જેવો જ બનાવી દીધો, અને એ અજાણ્યા માણસને ક્રૂસ પર મારી નાખવામાં આવ્યો, નહિ કે ઈસુને. ઈસુને તો અલ્લાએ જીવતા સદેહે સ્વર્ગમાં લઈ લીધા, અને એ પૃથ્વી પર પાછા આવશે. આમ જો કુરાન પ્રમાણે ઈસુ મર્યા જ નથી અને સ્વર્ગમાં જીવતા જ લઈ લેવાયા છે, તો એ જ ઈસુ પાછા આવે, અને નહિ કે મીરઝા ગુલામ અહમદ. એટલે આ મીરઝાએ પોતાનાં લખાણોમાં અને પ્રવચનોમાં વાત વહેતી મૂકવા માંડી કે ઈસુ મરી ગયા છે, અને એમની કબર કાશ્મીરમાં છે ("યુઝ અસફ" વાળી કબર). આના અનુસંધાનમાં, ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામ્યા નહોતા, અને કાલ્વરીવાળી યરુશાલેમની કબરમાંથી નીકળીને ચાલીસ દિવસ પછી તેઓ ભારત આવ્યા હતા, અને અહીં કુદરતી મોત પામ્યા હતા; એ બધી વાતોને તેમણે પણ ચગાવી હતી. નિકોલાસ નટોવિચે બનાવટભર્યું જે પુસ્તક લખ્યું છે તેનો આધાર મીરઝાએ લીધો લાગે છે.

આ મીરઝા પંજાબના ગુરદાસપુર જિલ્લાના કાદિયાન ગામના વતની (૧૮૩૭–૧૯૦૮) હતા. તે અરબી અને પર્શિયન ભાષાના અભ્યાસક હતા, અને તેમણે ઇસ્લામી ઈશ્વરવિદ્યાનાં અને પ્રચારનાં પુસ્તકો લખ્યાં હતાં. તેમનો સ્થાપેલો 'અહમદિયા' પંથ શિયા કે સૂન્નીઓને માન્ય નથી. પાકિસ્તાનમાં તો તેઓને મુસલમાન પણ ગણવામાં આવતા નથી.

આ મીરઝા વારંવાર કહેતા કે ઈસુ મૃત્યુ પામ્યા નથી, પણ સ્વર્ગમાં જીવતા લઈ લેવાયા છે, એવી માન્યતા મુસ્લિમો માટે કેટલી શરમજનક અને અપમાનકારક કહેવાય ! એમના પોતાના પયગંબર હઝરત મહમદ મૃત્યુ પામ્યા, જ્યારે ઈસાઈઓના રસૂલ ઈસુ મૃત્યુ ચાખ્યા વગર જીવતા સ્વર્ગે લઈ લેવાયા ! એ મુસલમાનો માટે શરમજનક ગણાય.

ઈસુ કાશ્મીરમાં મરી ગયા, અને એમની કબર કાશ્મીરમાં છે એ મુદ્દાને આ મીરઝા અને એમના 'અહમદિયા' પંથીઓ બહુ અગત્યનો ગણે છે. મીરઝાએ જ પોતાના મરવા અગાઉ કહ્યું હતું કે, હું તમને એક રહસ્ય કહું છું. આ વાત બહુ સારી પેઠે યાદ રાખો કે ખ્રિસ્તીઓ જે કંઈ દલીલો રજૂ કરે તેને તમે તોડી નાખો. તેમની આગળ એ પુરવાર કરો કે મરિયમ-પુત્ર ખ્રિસ્ત ખરેખર કાયમને માટે મરી ગયો છે. આ દલીલ દ્વારા જીત મેળવવાથી ખ્રિસ્તી ધર્મને પૃથ્વીની પીઠ પરથી નાબૂદ કરી શકશો. બીજી બધી થકવી નાખનારી દલીલોની પંચાતમાં પડીને સમય બગાડવાની કોઈ જરૂર નથી. ફક્ત મરિયમપુત્ર ખ્રિસ્તના મૃત્યુ ઉપર જ ભાર મૂકો અને શક્તિશાળી દલીલો દ્વારા ખ્રિસ્તીઓનાં મોં બંધ કરી દો. ખ્રિસ્ત કાયમ માટે મરી ગયેલાંમાંનો એક બની ગયો છે એ વાત જે દિવસે પુરવાર કરવામાં તમે સફળ થશો, અને ખ્રિસ્તીઓનાં મનોમાં એ વિચારને તમે ઠસાવશો તે દિવસે જાણજો કે ખ્રિસ્તી ધર્મે પૃથ્વી પરથી વિદાય લઈ લીધી હશે." Christianity Explained to Muslims, by L Bevan Jones, 1964, Pg. 91).

મીરઝા સારી પેઠે જાણતા હતા કે પ્રભુ ઈસુનું પુનરુત્થાન એ ખ્રિસ્તી ધર્મનું હાર્દ છે, અને એ હાર્દ વિષે શંકાઓ ઊભી કરવાથી ખ્રિસ્તી ધર્મને જડમૂળથી ઊખેડી નાખી શકાય. એટલે જ મીરઝાએ એ હાર્દ ઉપર જ પ્રહાર કરવાનું પોતાના અનુયાયીઓને શીખવ્યું.

માત્ર મીરઝા એકલાએ જ નહિ, પણ ખ્રિસ્તના આવા કેટલાય વિરોધીઓએ આ હાર્દ ઉપર, એટલે કે ઈસુ ખ્રિસ્તના મૃત્યુ અને પુનરુત્થાન ઉપર જ પુસ્તકો મારફતે પ્રહારો કર્યા છે, અને હજી કરે જાય છે.

**(૫) રોમન બાદશાહ તિબેરિયસ ઉપર ઈ. સ. ૩૨માં પિલાતે લખેલો પત્ર :** ખ્રિસ્ત વધસ્તંભ પર મરી નહોતા ગયા પણ કબરમાં તેમને જીવતા મૂકવામાં આવ્યા હતા; ખ્રિસ્ત ભારતમાં, તિબેટમાં તથા કાશ્મીરમાં આવ્યા હતા, અને કાશ્મીરમાં મૃત્યુ પામ્યા હતા—એવી બધી વાતો સામયિકો કે પુસ્તકોમાં આવે છે એમાં પિલાતના આ કહેવાતા કાગળ વિષે કાં તો ઉલ્લેખ કરવામાં આવે છે, અથવા આખો કાગળ છાપવામાં આવે છે; એન્ડ્રુઝ ફેબર-કૈઝરના પુસ્તકમાં આખો ઉતારવામાં આવ્યો છે, જ્યારે **"આસપાસ"** (૩૦–૧૨–૮૪) માં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પણ એ તો બનાવટી કાગળ છે. આ કાગળનો આખો યે પાઠ વાંચતાં જ લાગે કે આ ઉપજાવી કાઢેલો છે. સદીઓ પહેલાં આ બનાવટ કરવામાં આવી હતી. રોમના વાટીકનની લાયબ્રેરીમાં એની અસલ નકલ રાખેલી છે. પણ રોમન બાદશાહ ઉપર ઈ.સ. ૩૨માં લખાયેલો પત્ર પોપના હવાલામાં કયાંથી અને કેવી રીતે આવી શકે? બીજું પિલાતે પસ્તાવો કર્યો અને જીવન-પલટો થયો એ મતલબનો પિલાતનો બીજો એક આવો જ બનાવટી પત્ર પણ અવારનવાર અંગ્રેજીમાં તેમ જ બીજી ભાષાઓમાં છપાતો રહે છે, એ પણ બનાવટી જ પત્ર છે. પિલાતે તિબેરિયસ પર લખેલા પત્રમાં લખેલું છે. "પાછળથી મેં (પિલાતે) તેની (ઈસુની) ઉપર કાગળ લખ્યો અને ફોરમમાં (રોમ શહેરના એક સ્થળમાં) મને મળવા સારુ ઈસુને બોલાવ્યો...નામદાર કૈસર, જે માણસ પાણીને દ્રાક્ષારસમાં પલટી શકે, માંદાઓને સાજાં કરી શકે, મૃત્યુ પામેલાંને સજીવન કરી શકે, અને

તોફાની સમુદ્રને શાંત પાડી શકે તે ગુનાહિત કૃત્યોનો દોષિત ન જ હોઈ શકે. બીજાંઓ કહે છે તેમ આપણે પણ સ્વીકારવું પડે કે એ (ઈસુ) ઈશ્વરપુત્ર છે.'' આવું લખાણ પિલાત કરી શકે જ નહિ. આ બનાવટી પત્ર છે.

આવો કાગળ ઉપજાવી કાઢવાનો હેતુ એટલો જ કે કોઈ રીતે આ પત્ર દ્વારા જાહેર જનતાના મનમાં ઠસાવી શકાય કે ગવર્નર પિલાત ઈસુને ચાહતો હતો, અને ઈસુ મરી જાય એમ તે ઇચ્છતો ન હતો, એટલે ઈસુને ક્રૂસ પર મરી જતાં પહેલાં ઉતારી લેવામાં, તેને જીવતો કબરમાં મૂકીને પછી તેની સારવાર કરાવવામાં અને પછી કબરમાંથી કાઢી લાવવામાં પિલાતનો પૂરો હાથ અને સાથ હતો એમ ઈસુના મૃત્યુ અને પુનરૂત્થાનની હકીકત ઉપર ફટકો મારવા જ આ પત્ર બનાવવામાં આવ્યો હતો.

આ બધા ઉપરાંત હવે પછી બાર્નાબાસની સુવાર્તા, યહૂદી તાલ્મુદો, અને એવાં બીજાં લખાણો તેમ જ કાશ્મીરની કબર વિષે જોઈશું.

## ૨૩ શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? (ચાલુ)

આપણે જોઈ ગયા કે અંગ્રેજી, ગુજરાતી તેમ જ ભારતની અન્ય ભાષાઓમાં વારંવાર લખાણો આવ્યા કરે છે કે પ્રભુ ઈસુના ૧૨ વર્ષથી ૩૦ વર્ષના ગાળા દરમિયાન તે ભારત તથા તિબેટમાં આવ્યા હતા, હિંદુ તથા બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હતો, વળી તે ક્રૂસ પર મૃત્યુ પામ્યા નહોતા, વિગેરે. તેમ જ પ્રભુ ઈસુએ કાશ્મીરમાં આવી લગ્ન કરી ઘરસંસાર માંડયો હતો, અને ઈસુની કબર આજે પણ કાશ્મીરમાં છે, તેમ જ ઈસુના વંશજો આજે પણ કાશ્મીરમાં છે. આ બધી બનાવટી વાતો છે એની થોડીક

દલીલો આ લેખમાળામાં આપણે જોઈએ છીએ. આજે આપણે પ્રથમ કહેવાતા "પિલાતના પત્ર" વિષે જોઈએ.

**કાઈસાર તિબેરિયસને ગવર્નર પોંતિયસ પિલાતે લખેલો પત્ર :** આ પત્ર પિલાતે લખ્યો જ નહોતો, છતાં ઇંગ્લાંડ અને અમેરિકાનાં અંગ્રેજી છાપાંઓમાં, પુસ્તકોમાં અને ચોપાનિયામાં સૈકાંથી એ પત્ર છપાતો આવ્યો છે. યુરોપની બીજી ભાષાઓમાં પણ તે છપાય છે. મને નવાઈ લાગે છે કે મદ્રાસથી નીકળતા 'સાલ્વેશન સ્ટુઅર્ડ'ના તાજેતરના એક અંકમાં પણ આ પત્ર છપાયો હતો. ફરીથી લખું છું કે આ પત્ર એક બનાવટ યા જૂઠાણું છે. છતાં ઈસુવિરોધી લખાણોમાં આ કહેવાતા પિલાતના પત્રનો વારંવાર ઉલ્લેખ આવે છે. તારીખ ૩૦–૧૨–૮૪ના **'આસપાસ'**ના અંકમાં પણ એનો એક અછડતો ઉલ્લેખ છે. એ ઉલ્લેખ જોઈએ. **'આસપાસ'**માં આમ લખેલું છે :

"કહેવાય છે કે પ્રભુ ઈસુનું મૃત્યુ વધસ્તંભ પર નહોતું થયું. તેમ જ તેઓ ફરીથી સજીવન થયા નહોતા, પણ ઈસુ વધસ્તંભ પર માત્ર બેહોશ થઈ ગયા હતા, અને તેમને વધસ્તંભ પરથી ઊતાર્યા બાદ સ્વસ્થ થઈ જતાં તેઓ ભારત આવ્યા હતા."

ઉપરોક્ત દલીલના સમર્થનમાં અનેક પ્રમાણો રજૂ કરવામાં આવ્યાં છે, "જેમ કે એક વાર વિરામ દિન 'સાબ્બાથ' શરૂ થઈ ગયા બાદ કોઈ પણ કેદીને વધસ્તંભ પર લટકાવી ન શકાય તે જાણવા છતાં પિલાતે ઈસુના વધ માટે શુક્રવારે બપોર પછીનો સમય શા માટે નક્કી કર્યો હતો? જો ઈસુ ખરેખર મૃત્યુ પામ્યા હોત તો તેમની કબર ઉપર પથ્થર ગબડાવાની શી જરૂર હતી?"

"બીજું, ઈસુને વધસ્તંભ પર ચડાવનાર પિલાતને ઈસુ પ્રત્યે સહાનુભૂતિ હતી. તેણે ઈ. સ. ૩૨માં તિબેરિયસ સિઝરને લખેલ

પત્રમાં ખુલ્લેઆમ સ્વીકાર કર્યો છે કે ઈસુ પ્રભુના પુત્ર છે. આ અસલ પત્ર આજે પણ રોમ શહેરમાં વેટીકન સીટી લાયબ્રેરીમાં મોજૂદ છે. માટે જ તો પિલાતે ઈસુના વધ માટે શુક્રવાર સુધી વિલંબ કર્યો હતો કે જેથી ઈસુને શુક્રવારે બપોર બાદ લાંબા સમય સુધી વધસ્તંભ પર રહેવું ન પડે."

'આસપાસ'નું ઉપરનું લખાણ જે તદ્દન જૂઠો તર્ક રજૂ કરે છે તેને પહેલાં જોઈ લઈએ, અને ત્યાર પછી **'પિલાતના પત્ર'** વિષે જોઈશું.

પ્રભુ ઈસુને શુક્રવાર બપોરે ક્રૂસ પર જડવાનું પિલાતે નક્કી કર્યું નહોતું. ફરોશીઓ અને સાદુકીઓએ ગુરુવાર રાતે ઈસુને પકડયા. તે પછી સવાર સુધી સાન્હેદ્રિન (ન્યાય સભા)ની આગળ તેમનો ન્યાય ચાલ્યો, અને શુક્રવારે સવારમાં ગવર્નર પિલાતની આગળ તેમને રજૂ કરવામાં આવ્યા. ન્યાય, ઠઠ્ઠા-મશ્કરી એ બધા બાદ સવારમાં નવ વાગે તો તેમને ક્રૂસ પર જડી દેવામાં આવ્યા હતા. કુલ છ કલાક વધસ્તંભ પર રહ્યા પછી બપોર પછી ત્રણ વાગે તેમણે પ્રાણ છોડયો. તે જ શુક્રવારની સાંજના છ વાગ્યાથી 'સાબ્બાથ' દિવસ શરૂ થતો હોઈએ છ વાગ્યા પહેલાં તો ઈસુના મૃત દેહને દફનાવી દેવામાં આવ્યો હતો. આમ, પિલાતે જાણી જોઈને શુક્રવાર "બપોર પછીનો સમય" ઈસુને ક્રૂસે જડવા માટે નક્કી કર્યો હતો, અને એમાં ઈસુને ઉગારી લેવાની પિલાતની દાનત હતી, એ **'આસપાસ'**ના લેખકની દલીલ યા તર્ક બિલકુલ પાયા રહિતનો બની જાય છે. વળી પિલાત તો ઈસુને ઓળખતો જ નહોતો એ વાત પણ પિલાત અને ઈસુની વાતચીત પરથી નક્કી થઈ જાય છે.

'પ્રભુ ઈસુ ક્રૂસ પર મરી નહોતા ગયા'–એ પણ **'આસપાસ'**ની દલીલ પાયા વગરની બની જાય છે, પ્રભુ ઈસુના ક્રૂસ આગળ

ઊભેલા સેનાપતિએ પ્રભુ ઈસુની કૂંખમાં ભાલો માર્યો ત્યારે લોહી અને પાણી નીકળ્યાં, એ મૃત્યુસ્થિતિ સૂચવે છે. પેરીકાર્દિયમમાંથી (હૃદયની આસપાસની કોથળીમાંથી) એ કોથળી ભાલાના ઘાથી ફાટી જતાં એમાં જમા થયેલું લોહી અને સીરમ (=રક્તવર્ણું પાણી) ધસી આવ્યાં. ઈસુ ક્યારના યે મૃત્યુ પામ્યા હતા એટલે સિપાઈઓએ તેમના પગ ભાંગ્યા નહિ, પણ ફક્ત બે ચોરના જ પગ ભાંગ્યા. પ્રભુ ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા ત્યાર પૂર્વે તે મરી ગયા હતા.

પ્રભુ ઈસુએ પ્રાણાયામ અને યોગવિદ્યાથી જીવ ઘૂંટી રાખ્યો હતો, અને મરી ગયા હોય તેવા લાગતા હતા, એટલે કબરમાં સભાન થયા પછી તેઓ બહાર નીકળ્યા, એવી વાત પણ કપોળ-કલ્પિત છે. જેની પીઠ માંસ અને લોહીથી ખરડાયેલી હતી, ભયંકર ફટકાઓથી તે અધમૂઆ બની ગયા હતા, વળી તેમના હાથો અને પગો ઘણ વડે મારેલા મોટા મોટા ખીલાઓથી કાણા થઈ ગયા હતા તે છતાં ઈસુ માત્ર બે દિવસમાં સભાન બની કબર બહાર નીકળી ગયા ! એવી ઉપજાવી કાઢેલી વાત માની શકાય ખરી? વળી કબર ઉપર તોતીંગ ભારે પથ્થર મૂકવામાં આવ્યો હતો, તેને ભયંકર રીતે જખમી અને અધમૂઈ વ્યકિત કેવી રીતે હઠાવી શકે અને પોતે બહાર નીકળી શકે? વળી રોમન સોલ્જરો (૧૬ જણા)નો ચોકી પહેરો કબરની આસપાસ હતો, અને કબર ઉપર મહોર મુદ્રા મારેલી હતી. એ બધું હોવા છતાં પ્રભુ ઈસુ કેવી રીતે મૂર્છામાંથી સભાન બની બહાર નીકળી શકે? આમ, **'આસપાસ'**ના બંને મુદ્દા ઊડી જાય છે.

હવે કહેવાતા **'પિલાતના પત્ર'**ની વાત જોઈએ. આ બનાવટી પત્ર છે. પિલાતે એવો કોઈ કાગળ કાઈસાર તિબેરિયસ ઉપર લખ્યો હોય એવી શક્યતા જ નથી. આ પત્રનો આખો પાઠ નીચે પ્રમાણે છે :

## કાઈસાર તિબેરિયસ પર પિલાતનો પત્ર :

કાઈસાર તિબેરિયસની સેવામાં :

ઈશ્વર તરફથી અભિષિક્ત થઈને મોકલાયેલો એક જવાન માણસ ગાલીલમાં આવીને એના ઈશ્વરને નામે, અને નમ્રપણે, નવો નિયમ શીખવે છે. પહેલાં તો મને મનમાં શંકા થતી હતી કે લોકોની ઉશ્કેરણી કરીને રોમનોની સામે તે બળવો જગાવવા માગે છે કે શું? પણ થોડા જ સમયમાં મારી શંકા અને ભય દૂર થઈ ગયાં. નાઝરેથનો આ ઈસુ જાણે કે યહૂદીઓનો નહિ પણ રોમનોનો મિત્ર હોય એવી રીતે બોલતો હતો.

એક દિવસે જોયું કે એક જુવાન માણસ ઝાડને ટેકો દઈ તદ્દન શાંત દિમાગથી લોકોના સમુદાયને સંબોધી રહ્યો હતો. મને જણાવવામાં આવ્યું કે એ ઈસુ છે. સાંભળનારા લોકો અને તેનામાં જે ભારે તફાવત દેખાતો હતો તે પરથી જ કળી શકાય એમ હતું કે તે ઈસુ હતો. એના સોનેરી સોનેરી વાળ અને દાઢી લઈને જ એ સ્વર્ગીય વ્યક્તિ લાગતો હતો. એ આશરે ત્રીસેક વર્ષનો લાગતો હતો. આજ સુધી એના જેવો સ્નેહાળ અને પ્રસન્ન–ગંભીર ચહેરો મેં બીજો દીઠો નથી. ક્યાં એનો ચહેરો અને ક્યાં એના સાંભળનારાઓની કાળી કાળી દાઢીઓ અને બદામિયાં શરીરો! મારી હાજરીથી રખેને એના બોધપ્રવાહમાં ખલેલ થાય તેથી મેં મારા રસ્તે ચાલ્યે રાખ્યું. પણ મારા સેક્રેટરીને ઈશારો કરીને જણાવ્યું હતું કે તું અહીં થોભી જા અને સાંભળ. પાછળથી એ મારા સેક્રેટરીએ આવીને મને જણાવ્યું કે આ ઈસુએ જે અદ્ભુત બોધવાણી સંભળાવી તેવું મેં કદી યે કોઈ પણ ફિલસૂફનાં લખાણોમાં કદી વાંચ્યું નથી. તેણે એ પણ જણાવ્યું કે ઈસુ રાજદ્રોહી યે નથી, કે બળવાખોર પણ નથી. જેથી અમે, એ ઈસુને કોઈ ઉપદ્રવ ન કરે માટે એના રક્ષણની

ગોઠવણ કરી. એ ટોળાંને એકઠાં કરે, એમને સંબોધે એ માટે અમે એને પૂરી છૂટ આપી. આવી અબાધિત સ્વતંત્રતા અમે ઈસુને આપી એટલે યહૂદીઓ ખીજાઈ ગયા–ગરીબવર્ગના યહૂદીઓ નહિ, પણ માલેતુજારો અને સત્તાધારી યહૂદીઓ.

પાછળથી મેં ઈસુને એક વિનંતી લખી મોકલી કે તે આવીને મને પ્રેતોરિયુમમાં મળી જાય. મારે એની સાથે વાતચીત કરવી હતી. એ આવ્યો. એ નાઝારી આવ્યો ત્યારે હું સવારમાં ચાલવાની કસરત લઈ રહ્યો હતો. મેં ઈસુ તરફ ફરીને જોવું એની સામે જોયું કે હું તો સ્તબ્ધ થઈ ગયો. મારા પગ જાણે કોઈએ લોખંડી કડીઓથી ત્યાં આરસની ફરસબંધી પર જકડી લીધા ન હોય! જાણે હું કોઈ મોટો ગુનેગાર હોઉં એમ મારાં ગાત્રો ધ્રૂજવા લાગ્યાં. ઈસુ તો પરમ શાંત હતા. કેટલાયે સમય સુધી હું મનમાં આ અસાધારણ માણસને બિરદાવતો રહ્યો. એનામાં કે એના ચારિત્ર્યમાં એવું કંઈ જ ન હતું જે આપણને પાછા ધકેલી કાઢે, છતાં એની હાજરીમાં હું ખૂબ લઘુતા અનુભવી રહ્યો. મેં એને જણાવ્યું કે એનામાં અને એના વ્યક્તિત્વમાં ભારે સાદગીભર્યો ચુંબકીય પ્રભાવ હતો, જેને કારણે આ સમયના સર્વ ફિલસૂફો અને પંડિતો કરતાં તે ક્યાંય મહાન લાગતો હતો. એની માયાળુતા, સાદગી, નમ્રતા અને પ્રેમાળપણાને લીધે એણે મારા ઉપર અને બીજા બધા ઉપર બહુ ઊંડી છાપ પાડી.

હવે નામદાર શહેનશાહ, ઈસુ નાઝારી સંબંધીની આ હકીકત છે, અને આ બાબતો સંબંધી તમને વિગતે લખી જણાવવા મેં આ સમય લીધો છે. આવો અદ્ભુત માણસ જે પાણીને દ્રાક્ષારસમાં પલટાવી શકે, મૃત્યુમાંથી જીવન બક્ષે, માંદગીમાંથી સાજાપણું આપે, તોફાની સમુદ્રને શાંત પાડી દે, તે બીજાઓ કહે છે તેમ, ગુનેગાર કે અપરાધી સંભવી શકે જ નહિ એ સાચે જ ઈશ્વરપુત્ર છે એમ આપણે કબૂલવું જ રહ્યું.

તમારો નમ્ર આજ્ઞાધીન સેવક,
પોંતિયસ પિલાત

ઉપરનો પત્ર પોંતિયસ પિલાતે ઈસુનો બાહ્ય દેખાવ કેવો હતો તે જણાવવા કાઈસાર તિબેરિયસને લખ્યો હતો એમ કહેવાય છે. રોમ શહેરના વાટીકનની લાયબ્રેરીમાં આ કાગળની મૂળ નકલ છે.

આ પત્ર બનાવટી છે. પ્રથમ તો રોમન બાદશાહ પર લખેલો પત્ર વાટીકનની (પોપની) લાયબ્રેરીમાં કેવી રીતે આવ્યો? બીજું કે સુવાર્તામાં પિલાત અને ઈસુની જે ટૂંકી વાત આપી છે તે પરથી તો એવું ચિત્ર ઊભું થાય છે કે અગાઉ પિલાત અને ઈસુની કોઈ મુલાકાત થઈ નહોતી. ત્રીજી બાબત કે, એક રોમન ગવર્નર નાઝરેથ ગામમાં ઉછરેલા એક અજ્ઞાત યહૂદી વિષે આવો ભાવ કેળવે જ નહિ, કે પોતાના સૌથી ટોચના અધિકારી (બાદશાહ) ઉપર આવો પત્ર લખે જ નહિ. ચોથી બાબત કે પત્રમાં જે વાતો લખી છે તે પરથી લાગે છે કે ઈસુના જમાના પછી લાંબે ગાળે કોઈએ આ પત્રની બનાવટ કરી છે. મોટે ભાગે આવી બનાવટોનાં લખાણો, છાપો, ઇત્યાદિ ૧૮મી સદીની આખરના ભાગથી માંડીને ૧૯મી સદીમાં જાહેરમાં આવ્યાં. પાંચમી બાબત પિલાતનો ઉદ્દંડ, અક્કડ અને તુમાખી સ્વભાવ આવો કાગળ લખી શકે જ નહિ. રોમન સરકારે પાછળથી, આવા જ એના સ્વભાવને કારણે પિલાતને દેશ-નિકાલ કર્યો હતો, અને કહેવાય છે કે ત્યાં તેણે આપઘાત કરીને જીવનનો અંત આણ્યો હતો. છઠ્ઠી બાબત, આવો જ એક બીજો પત્ર જે **'પિતાલની કબૂલાત અને પશ્ચાત્તાપ'** તરીકે ઓળખાય છે તે ૧૯મી સદીમાં બહાર પડયો. એ પણ બનાવટી જ છે. વળી આ ઉપરાંત ગવર્નર પિલાતની કચેરીમાં ઈસુનો જે ન્યાય થયો તેનું "સાચું" વર્ણન (!) આપતું એક લગભગ ૩૦ પાનાંનું લખાણ ૧૯મી સદીમાં અંગ્રેજીમાં બહાર પડયું, એ પણ બનાવટ જ છે.

**મર્હમ-ઈ-ઈસા :** આપણે જોઈ ગયા તે મીરઝા ગુલામ અહમદ (અહમદિયા પંથવાળા)નું કહેવું એ છે કે ઈસુ ક્રૂસ પર મરી નહોતા ગયા. ઈસુને શિષ્યોએ ક્રૂસ પરથી ઊતારીને તેમની ૪૦ દિવસ સુધી સારવાર કરી. અને મર્હમ-ઈ-ઈસા (ઈસુનો મલમ) નામના જાદુઈ મલમ દ્વારા ઈસુ ૪૦ દિવસમાં ચમત્કારિક રીતે પૂર્ણ તંદુરસ્ત બની ગયા. સાજા થઈ ગયા પછી ઈસુ કાશ્મીર આવતા રહ્યા, જ્યાં તેઓ ૧૨૦ વર્ષના થયા ત્યાં સુધી રહ્યા, અને પછી કાશ્મીરમાં જ કુદરતી મોતે મર્યા, અને કાશ્મીરમાં તેમને દાટવામાં આવ્યા એવું મીરઝાનું કહેવું છે અને શ્રીનગરના ખાન યાર વિસ્તારમાં આવેલી યુઝઅસફની કબર ઈસુની જ છે એમ તે કહે છે. આ કબર ૨૦૦૦ વર્ષ જેટલી જૂની લાગતી નથી. અને એ ઈસુની જ કબર છે, એવું કોઈ પૂરી ખાતરીથી કહી શકતું નથી. ઈસુની ખાલી કબર તો યરુશાલેમમાં જોવા મળે છે, નહિ કે કાશ્મીરમાં. બીજું, ઉપર જોઈ ગયા તેમ ઈસુના શરીરને ક્રૂસ ઉપરથી ઊતારીને શિષ્યો ઘેર લઈ જઈ શકે જ નહિ. શિષ્યો તો ડરના માર્યા સંતાઈ ગયા હતા. અને યહૂદીઓના કોપ અને રોમન સિપાઈઓના પહેરામાંથી શિષ્યો ઈસુના ઘાયલ શરીરને લઈ જઈ શકે જ નહિ. અને સુવાર્તાઓ તો જણાવે છે કે ઈસુ ક્રૂસ પર જ મરી ગયા હતા, અને એમના શબને મુદ્રા અને ચોકીપહેરા નીચે કબરમાં રાખવામાં આવ્યું હતું. (પેલો "ઈસુનો મલમ" આજેય એ નામે ભારતમાં વેચાય છે.) મીરઝાની આ બધી વાતો ઉપજાવી કાઢેલી કલ્પનાઓ છે. મીરઝા જ્યાં સુધી ઈસુને મરી ગયેલા અને કાયમ માટે દટાયેલા પ્રગટ ન કરે, તો પોતે પાછા આવનાર મસીહ છે એવું જાહેર ન કરી શકે. એટલે જ મીરઝાએ આ કાશ્મીરની કબરની બનાવટ કરી.

# ૨૪ પ્રભુ ઈસુ ભારત બે વખત આવ્યા ?

આપણે અગાઉ જોઈ ગયા કે પ્રભુ ઈસુ ભારત કદી યે આવ્યા જ નથી; પણ જૂઠા પ્રચારો ચાલ્યા જ કરે છે કે ભારત આવ્યા હતા. એમાં પ્રચારના બે પ્રવાહ છે : એક કહે છે કે પ્રભુ ઈસુ ૧૨થી ૩૦ની ઉંમર સુધીમાં ભારતમાં તેમ જ તિબેટમાં હતા; અને બીજો પ્રચાર કહે છે કે તે ક્રૂસ પર મર્યા નહોતા, પણ કબરમાંથી તાજા થઈને ભારત, કાશ્મીર, તિબેટ આવ્યા. હવે આ બંને પ્રચારો વિષે કેટલીક વિગતો જોઈએ.

પહેલા પ્રચારમાં કહેવામાં આવે છે કે યુવાન પ્રભુ ઈસુ ખૂબસુરત અને જ્ઞાની તથા તેજસ્વી હતા, એટલે એ નાની ઉંમરે પણ તેમના લગ્ન માટે ઘણાં માગાં આવતાં હતાં. એટલે ઈસુ ઉછરતી યુવાન વયે ભારત આવતા રહ્યા. બીજા કેટલાક એમ કહે છે કે યુવાન ઈસુ શોધક તરીકે મિસર, ભારત, તિબેટ વગેરે સ્થળે લાંબાં સમય સુધી ફર્યા અને જ્ઞાન સંપાદન કર્યું.

આ બધા સામે અનેક દલીલો રજૂ કરી શકાય પણ અહીં એક જ કરું છું. પ્રભુ ઈસુએ પેલેસ્તાઈનમાં ૩૦થી ૩૩½ વર્ષના માત્ર ટૂંકા (૩½ વર્ષના) ગાળામાં બાર શિષ્યો અને સિત્તેર શિષ્યો બનાવ્યા, અને કદી નષ્ટ ન થાય એવો માર્ગ (ધર્મ) સ્થાપ્યો અને ફેલાવ્યો જે આજ સુધી ચાલે છે. અને એના અનુયાયીઓ હાલ આખી પૃથ્વી પર સૌથી વધારે (૧ અબજ, ૨૬ કરોડ જેટલા) છે. તો પ્રભુ ઈસુએ જો આખી યુવાવસ્થા (ઠેઠ ત્રીસ વર્ષના થયા ત્યાં સુધી ભારત તથા તિબેટમાં રહ્યા, ફર્યા, સંસ્કૃત, પાલી શાસ્ત્રોનો અભ્યાસ કર્યો), તો એટલાં વર્ષોમાં તેમના કોઈ ચેલા જ ન થયા ? ભારતમાં તો પ્રાચીનકાળથી

દૃઢ માન્યતા ચાલે છે કે, "ગુરુ વિના જ્ઞાન નહિ." એટલે જો પ્રભુ ઈસુએ ભારતમાં આટલાં બધાં વર્ષ ગાળ્યાં હોત તો એમના થોડાક તો ચેલા થયા જ હોત! મહાવિરને ચેલા હતા, ગૌતમ બુદ્ધના ચેલા હતા, શંકરાચાર્યના ચેલા હતા, એમ ઈસુના પણ હોત. પણ ઈસુ ભારતમાં આવ્યા હોય તો ને!

બીજું કે જો પ્રભુ ઈસુ આટલાં બધાં વર્ષ ભારત-તિબેટમાં રહ્યા હોત તો ભારતનાં કે તિબેટનાં શાસ્ત્રોમાં કે ઇતિહાસમાં એમનો બહુ નહિ તો થોડોકે ય ઉલ્લેખ હોત ને! ભારતના વેદો, ઉપનિષદો, બ્રાહ્મણ ગ્રંથો, ગીતા કે બીજાં શાસ્ત્રોમાં ઈસુનો કોઈ ઉલ્લેખ ન જ હોય એ બને નહિ. પણ પ્રભુ ઈસુ ભારત-તિબેટમાં આવ્યા હોય તો એમનો ઉલ્લેખ હોય ને! અનેક ઋષિ-મુનિઓ, ભાષ્યગ્રંથોના વિવેચકો તથા ધર્મપ્રવર્તકોનાં નામો જોવા વાંચવા મળે છે. પણ પ્રભુ ઈસુનું નામ ક્યાંયે નથી. શું એ બીના એમ પુરવાર નથી કરતી કે ઈસુ ભારત આવ્યા જ નહોતા?

વળી ત્રીજો મુદ્દો આ છે કે પ્રભુ ઈસુના શિક્ષણ કે ઉપદેશમાં ભારતના ધર્મો કે ભારતની ફિલસૂફીનો કોઈ હરફ કે ઉલ્લેખ પણ આવતો નથી. કેટલાક કહે છે કે ઈસુએ ભારત અને તિબેટમાં બૌદ્ધ ધર્મનું ઊંડું શિક્ષણ મેળવ્યું હતું. પણ પ્રભુ ઈસુના શિક્ષણમાં કે જીવનમાં એ બૌદ્ધ શિક્ષણનો કોઈ ઉલ્લેખ જ નથી દેખાતો. બૌદ્ધ ધર્મના જે મૂળભૂત સિદ્ધાંતો છે તેનાંના એકેયની છાંટ સરખી યે પ્રભુ ઈસુના શિક્ષણમાં કે જીવનમાં દેખાતી નથી, કે ઉલ્લેખ સરખો યે નથી. ભારત અને તિબેટનો બૌદ્ધ ધર્મ ચૂસ્ત રીતે અહિંસામાં માનતો હતો, જ્યારે પ્રભુ ઈસુએ તો પોતે માંસ મચ્છીનો આહાર લીધો હતો. એ બધાંનો ઉલ્લેખ એમના ઉપદેશમાં પણ અવારનવાર આવે છે.

બીજો મત એવો છે કે પ્રભુ ઈસુ ક્રૂસ પર જડાયા પછી ભારત અને કાશ્મીરમાં આવ્યા, અને પછી કાયમ માટે કાશ્મીરમાં રહ્યા, લગ્ન કર્યું, સંતાનો થયાં, અને પૂરી પાકટ વયે (૧૦૫ વર્ષના થઈને) તે મરી ગયા. આ મત ધરાવનારા કહે છે કે તેઓ ક્રૂસ પર મરી ગયા નહોતા, પણ ભારતમાં આવેલા ત્યારે યોગ અને પ્રાણાયામ શીખેલા તેના બળે તેમણે ક્રૂસ પર પ્રાણ રુંધી રાખ્યો હતો. એ પછી કબરમાંથી તેઓને કળ વળતાં નીકળી આવ્યા. અને એ પછી ઈસુ તેમને મા મરિયમને લઈને કાશ્મીરમાં આવીને રહ્યા. કાશ્મીરની આગળના પ્રદેશમાં તક્ષશીલાથી ૪૦ માઈલ અને રાવલપીંડીથી ૩૦ માઈલ દૂર હાલ આવેલા મૂરરી નામના ગામ પાસે, માતા મરિયમની કબર આજે પણ બતાવવામાં આવે છે. એ કબર "માઈ મારી દા આસ્થાન" (એટલે કે મા મેરીની આરામગાહ) તરીકે ઓળખાય છે. એટલે કે મરિયમ રસ્તામાં જ મરી ગયાં. ઈસુની કબર કાશ્મીરમાં બતાવવામાં આવે છે એ વિષે આપણે અગાઉ જોઈ ગયા અને આ બધી બનાવટ છે એ વિષે પણ અછડતા ઉલ્લેખ જોયા.

"જીજસ ડાઈડ ઈન કાશ્મીર" પુસ્તકમાં એનો જર્મન લેખક એ ફેબર કૈઝર બીજી કેટલીક બનાવટો વિષે પણ લખે છે. એ લેખક એમ લખે છે કે કાશ્મીરના મોટા ભાગના લોકો યહૂદીઓ (બેની -ઇઝરાયલીઓ) છે, તેમ જ અફઘાનોની શરૂઆત પણ ઇઝરાયલીઓમાંથી થઈ હતી. અને ઈસુ ઇઝરાયલનાં ખોવાયેલાં કુળોને શોધવા કાશ્મીર આવ્યા હતા. આ કૈઝર એમ પણ કહે છે કે મૂસા પયગંબર કાશ્મીરમાં મરી ગયો હતો. શ્રીનગરથી ૩૮ માઈલ દૂર વાયવ્ય ખૂણા તરફ આવેલી એક પુરાણી કબરને મૂસાની કબર તરીકે ઓળખવામાં આવે છે. ત્યાં જવું બહુ કઠણ છે. રસ્તો અને ચઢાણ કપરાં છે. જેનું નામ છે: "પુસ્તકના પયગંબરની વેદી": મૂસાના મૃત્યુ સાથે સંકળાયેલાં કેટલાંક નામો–'પીસગાહ,' 'નબો,' 'મોઆબ,' 'બેથ–પેઓર'

વગેરે સ્થળો (પુનર્નિયમ ૩૪ : ૪–૬) અમુક ઉચ્ચારમાં ફેરફાર કરીને કાશ્મીરમાં પણ બતાવવામાં આવે છે.

હવે મૂસાની કબર વિષે તો કોઈ જાણતું નથી (પુનર્નિયમ ૩૪ : ૪–૬). વળી ઇઝરાયેલના હાલના રાજ્યમાં યરેખોથી યરુશાલેમ આવતા રસ્તા પર યરેખોથી થોડે દૂર જૂના સમયમાં મુસલમાનોએ "મૂસાની કબર" (બનાવટી કબર) ઊભી કરી છે, અને હજ માટે જતા મુસલમાનો મૂસા નબીની આ કહેવાતી કબરે (યરીખો પાસે) પણ જાય છે. તે વળી આ કાશ્મીરમાંની ત્રીજી કબર! આ ભારે બનાવટ છે! હડહડતું જૂઠાણું છે.

હવે પ્રભુ ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામ્યા હતા કે નહિ, એ વિષેના જુદા જુદા મતના અછડતા ઉલ્લેખ કરી લઈએ. આગામી પુસ્તકમાં એ બધું વિસ્તારથી જોવાના છીએ. પ્રભુ ઈસુ ક્રૂસ પર જડાયા જ નહોતા, પણ એમને બદલે એમના જેવા જ કોઈને ક્રૂસ પર જડી દેવામાં આવ્યો, અને ઈસુને અલ્લાએ ઉપર સ્વર્ગમાં લઈ લીધા, એમ મુસ્લિમ ભાઈઓ કહે છે. અહમદિયા પંથીઓનું કહેવું છે કે ઈસુ ક્રૂસ પર મરી ગયા નહોતા, પણ મૂર્છા આવી હતી. તેમના શિષ્યોએ તેમને ક્રૂસ પરથી ઊતારી લીધા, અને 'મર્હમ–એ–ઈસા' નામના મલમ દ્વારા મલમપટ્ટા કરીને ઈસુને સાજા કરી દીધા. અને એ પછી ઈસુ કાશ્મીર વગેરે સ્થળે ગયા. રોઝીક્રુસન મતવાળા કહે છે કે ઈસુએ પ્રાણાયામ કરીને ક્રૂસ પર પ્રાણ રોકી રાખ્યા હતા. અને કબરમાં તેઓ તાજા થયા, અને શિષ્યો તેમને લઈ ગયા. પાછળથી જૈતૂન પહાડ પર શિષ્યો અને ઈસુ ફરતા હતા એટલામાં વાદળું તેઓની વચ્ચે આવ્યું, અને ઈસુ ત્યાંથી સટકીને કાર્મેલ પર્વત પર જતા રહ્યા, અને બાકીનું આયુષ્ય ઈસુએ છૂપી રીતે કાર્મેલમાં ગાળ્યું. જ્યારે જૈતૂનવાળા બનાવથી શિષ્યો માની બેઠા કે ઈસુનું સ્વર્ગારોહણ થયું. (આ રોઝીક્રુસનો એમ માને છે કે ઈસુ

યુવાન વયે મિસર, ભારત વગેરે સ્થળે ગયા હતા.) ચોથો મત એમ માને છે કે ઈસુ કબરમાંથી પ્રાણાયામમાંથી મુક્ત થયા. અને પછી ભારત–કાશ્મીર તરફ આવ્યા. પાંચમો મત એવો છે કે શિષ્યોએ ઈસુના શબને કબરમાંથી ચોરી લીધું. બાઈબલ એમ કહે છે કે પ્રભુ ઈસુ ત્રીજે દિવસે મૃત્યુમાંથી સજીવન થઈ ને કબરની બહાર નીકળ્યા શેતાન દુનિયાના લોકોને બાઈબલની આ સત્ય ઘટના તરફ વળવા ન દેતાં, ઉપર જણાવ્યા તેવા મિથ્યા તર્કવિતર્કો તરફ દોરી લઈ જાય છે, કેમ કે તે ઇચ્છે છે કે લોકોના આત્માઓનો ઉદ્ધાર ન થાય.

યુરોપમાં અંગ્રેજી ભાષામાં આ સદી દરમિયાન બે પુસ્તકો ઈસુના જીવન વિરુદ્ધ છપાયાં છે. આ વિષેનો આધાર 'ઈલસ્ટ્રેટેડ વિકલી' (મે ૬, ૧૯૮૪)માં લેવામાં આવ્યો છે. એ લેખનું નામ "ડીડ જીજસ રીયલી એક્ઝીસ્ટ ?" (=શું ઈસુ ખરેખર થઈ ગયા ?). ઈયાન વિલ્સનના પુસ્તકનો આશરો એમાં લેવામાં આવ્યો છે. આ લેખના બે પ્રવાહ છે. મારિયમના વ્યભિચારમાંથી ઈસુનો જન્મ થયો હતો એ પ્રવાહ વિષે જોઈએ.

અસલના ખ્રિસ્તીઓ ઈસુને ગ્રીકમાં "બેન પાર્થેનોસ" કહેતા હતા. 'બેન' એટલે 'પુત્ર'; અને 'પાર્થેનોસ' એટલે 'કુંવારી'. એટલે કે **કુંવારી પુત્ર**. પણ વિરોધી યહૂદીઓ મશ્કરીમાં ઈસુ માટે હુલામણું નામ વાપરવા લાગ્યા : "બેન પાન્થેરા" (અથવા પાન્દેરા). 'બેન' એટલે 'પુત્ર'; અને 'પાન્થેરા (પાન્દેરા') એટલે (પાન્થર ઉપરથી) 'દીપડો' યા 'બિલાડો'. એટલે કે દીપડાનો કે બિલાડાનો પુત્ર. યહૂદીઓનાં તાલ્મુદ નામનાં પુસ્તકોમાં આ હુલામણા નામનો ઉલ્લેખ છે.

આ વિસમી સદીના એક કહેવાતા અંગ્રેજ સંશોધકે યહૂદીઓનાં તાલ્મુદોમાંથી આ નામનું સંશોધન કર્યું, અને તર્ક લગાવ્યો કે 'પાન્થેરા (પાન્દેરા)' નામ કોઈ યહૂદીનું હોઈ શકે જ નહિ, પણ કોઈ

રોમન માણસનું જ એ નામ હશે. અને ઈસુના જમાનામાં પાલેસ્તાઈન રોમન સરકારના તાબામાં હોઈ રોમન સૈનિકો પાલેસ્તાઈનમાં ઘૂમતા રહેતા હતા. અને એવા કોઈ રોમન સૈનિકનું નામ 'પાન્થેરા (પાન્દેરા)' હશે, અને એ સૈનિક સાથે મરિયમને આડો સંબંધ હશે, અને એમાંથી ઈસુનો જન્મ થયો. એટલે એને તાલ્મુદોમાં "એન પાન્થેરા (પાન્દેરા)" કહ્યો છે! આવાં ખોટાં સંશોધનો (!) અને અનુમાનો પર એ આખું પુસ્તક લખાયું છે. પણ એ બધું હડહડતું જૂઠાણું છે. અને સાચું તો એ છે કે ઈસુ માટે વપરાતાં નામ "એન પાર્થેનોસ" (કુમારી પુત્ર)ને બદલીને યહૂદીઓએ ટીખળ ખાતર ઈસુને "એન પાન્થેરા (પાન્દેરા)" (દીપડાનો દીકરો) કહ્યો, અને એમનાં તાલ્મુદોમાં લખાયું.

આ છેલ્લા સમયોમાં શેતાનની કાતિલ ઉશ્કેરણીથી ઈસુ ખ્રિસ્તની વિરુદ્ધનાં અનેક પુસ્તકો લખાયાં છે. અને ભારતભરમાં અને ગુજરાતમાં પણ અનેક બધા બિન-ખ્રિસ્તી લોકોના હાથમાં આવાં પુસ્તકો આવ્યા કરે છે! આપણે એ બધી પરિસ્થિતિઓ અને પશ્ચાદ્‌ભૂમિકાઓ વિષે કંઈક જાણીએ તો તેમને ઉત્તર આપી શકીએ, એ હેતુથી આ ત્રણ લેખોમાં અછડતી સમજૂતી આપવામાં આવી છે. પણ આ મતોનું ખંડન કરતું પુસ્તક ગુજરાતીમાં તેમ જ અંગ્રેજીમાં એકાદ-બે વર્ષ પછી પ્રસિદ્ધ કરવામાં આવશે, એવી ઈશ્વરકૃપા દ્વારા ઇચ્છા રાખું છું. અહીં આ લેખમાળા પૂરી થાય છે.

## ૨૫ "આદિકરણ" એટલે શું ?

**પ્રશ્ન :** પ્રકટીકરણ ૩:૧૪માં પ્રભુ ઈસુને માટે આ શબ્દો વપરાયા છે : "જે ઈશ્વરની સૃષ્ટિનું આદિકરણ છે, તે આ

વાતો કહે છે." તો આ શબ્દ "આદિકરણ" એટલે શું ? અંગ્રેજીમાં ઓથેરાઈઝડ આવૃત્તિમાં આમ આપ્યું છે : "The begining of God's creation" (ધ બિગીનીંગ ઑફ ગોડસ ક્રિએશન = ઈશ્વરની સૃષ્ટિની શરૂઆત.) તો શું પ્રભુ ઈસુ પણ પ્રથમ ઉત્પન્ન કરાયેલી વ્યક્તિ છે ?

જવાબ : **'આદિકરણ'** શબ્દ ઘણો અપરિચિત શબ્દ છે, અને ભાગ્યે જ થોડાક લોકો એનો અર્થ જાણતા હશે. એનો અર્થ થાય છે : **'આદિકારણ'**, મતલબ કે ઈશ્વરે આદિકાળે સૃષ્ટિ બનાવી, ત્યારે સૃષ્ટિનું 'આદિકારણ' શબ્દ તરીકે પ્રભુ ઈસુ હતા. યોહાન ૧:૩માં કહ્યું છે કે "તેનાથી સઘળું ઉત્પન્ન થયું." **"કરણ"** શબ્દ ઉપરથી **'આદિકરણ'** શબ્દ બનેલો છે. **કરણ** એટલે **કારણ, હેતુ, સાધન**; અને **'કરણહાર'** એટલે **'કરનાર'** એટલે **'આદિકરણ'**ને બદલે "આદિકારણ" શબ્દ એના બદલામાં ચાલે. અંગ્રેજી ઓથેરાઈઝડ આવૃત્તિનો તરજુમો ગેરસમજ ઊભી કરે તેવો છે. પણ "ન્યુ ઇંગ્લિશ બાઇબલ"માં 'ધ પ્રાઈમ સોર્સ ઑફ ઓલ ક્રિએશન' છે, એ બરાબર છે. એમ જ 'ન્યુ ઈન્ટરનેશનલ' આવૃત્તિમાં "ધી રૂલર ઑફ ગોડસ ક્રિએશન" આપ્યું છે તે પણ બરાબર છે. ગુડ ન્યુઝ બાઇબલમાં છે : "હુ ઈઝ ધી ઓરિજિન ઑફ ઓલ ધેટ ગોડ હેઝ ક્રિએટેડ" અને હાંસિયામાં 'ઓરિજિન'ને બદલે 'રૂલર' આપ્યું છે. એ પણ અર્થની દૃષ્ટિએ બરાબર છે. ગુજરાતી ૧૯૦૮ની આવૃત્તિમાં આપ્યું છે : "જે દેવની ઉત્પત્તિનો **અધિકારી** છે." રોમન કેથોલિક 'સંપૂર્ણ બાઇબલ'માં આમ છે: "ઈશ્વરની સૃષ્ટિનું જે **મૂળ** છે..."

આ બધા જ શબ્દોમાં કંઈક કંઈક ફરક છે, છતાં પણ અર્થ સચવાય છે. ગુજરાતીમાં 'આદિકરણ' જેવા અસ્પષ્ટ શબ્દ કરતાં 'આદિકારણ' વાપર્યું હોય તો વાંચનારને અર્થ સમજવો સુગમ પડે.

# ૨૬ 'નાશ' એટલે શું ?

**પ્રશ્ન :** યોહાન ૩:૧૬માં આપેલા **'નાશ'** શબ્દનો શો **અર્થ** થાય છે? "કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે **તેનો નાશ ન થાય** પણ અનંતજીવન પામે." મરણ પછી ભૂંડા લોકોની હયાતી (શરીર અને આત્માની હયાતી) કાયમ માટે ખલાસ થઈ જતી નથી શું ?–નાશ પામતી નથી શું ?

**જવાબ :** યોહાન ૩:૧૬માં આવતા **'નાશ'** શબ્દનો **અર્થ** ખલાસ થઈ જવું કે, હસ્તીલોપ થઈ જવું એવો થતો નથી. જે હેતુને માટે વ્યક્તિ કે વસ્તુને બનાવવામાં આવી છે એ હેતુ એનાથી સરી ન શકે એવી એની હાલત થઈ જાય એને **નાશ** થયો કહેવાય. ગુજરાતી બાઇબલમાં **નાશ** શબ્દ છે, અને અંગ્રેજીમાં 'પેરીશ' (perish) અથવા 'ડીસ્ટ્રોય' (destroy) શબ્દ છે. તેને માટે ગ્રીક નવા કરારમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે. એનો અર્થ હસ્તીલોપ અથવા હયાતી ખલાસ થઈ જવી એવો થતો નથી. બીજો એક ગ્રીક શબ્દ **'ઓલ્યુમી'** શબ્દ એ જ અર્થમાં વપરાય છે એનું જોરદાર રૂપ **'આપોલ્યુમી'** છે.

ઉપર જણાવેલા શબ્દોનો અર્થ 'હસ્તીલોપ' નહિ, પણ **પતન,** પાયમાલી, ખરાબી થાય છે; અથવા હાનિ, નુકસાન ખોટ અને ગુમાવવું પણ થાય છે. આ **'આપોલ્યુમી'** શબ્દનો (અને અન્ય ભાષાઓમાં એનો તરજુમો થયેલો હોય ત્યાં બધે એનો) **અર્થ** 'કલ્યાણનો નાશ,' 'ભલું થવામાંથી પતન', અથવા 'હિત થવું બગડે' તેવો થાય છે. પણ કોઈ કાળે પણ એનો અર્થ હયાતી મટી

જતી કે હસ્તીલોપ થવો એવો થતો નથી. નીચેની કલમો પરથી એ જોઈ શકાશે. નીચે દાખલા તરીકે આપેલી એકેએક કલમમાં **'આપોલ્યુમી'** શબ્દ મૂળ ગ્રીક પાઠમાં વાપર્યો છે.

**લૂક ૫:૩૭** "મશકોનો **નાશ થશે**" (આપોલ્યુમી). જૂની મશકોમાં નવો દ્રાક્ષારસ ભરવાથી મશકોનો હસ્તીલોપ થતો નથી, એટલે કે મશકોની હયાતી ખલાસ થઈ જતી નથી. પણ મશકોને જે હેતુથી બનાવવામાં આવી તે હેતુ હવે ફાટી ગયેલી (નકામી બની ગયેલી) મશકો દ્વારા સરવાનો નથી. તેઓ નિરુપયોગી બની ગઈ છે. મશકોની હયાતી તો ચાલુ જ છે.

**લૂક ૧૫ : ૪** "સો ઘેટાં હોય, અને તેઓમાંનું એક **ખોવાયું** હોય," **'ખોવાયેલું'.** અહીં પણ ગ્રીકમાં "આપોલ્યુમી" શબ્દ વાપર્યો છે. ખોવાયેલા ઘેટાનો હસ્તીલોપ થયો નથી, માત્ર એ ખોવાઈ ગયું છે.

**લૂક ૧૫ : ૨૪** "કેમ કે આ મારો દીકરો મૂએલો હતો, ને પાછો જીવતો થયો છે; તે **ખોવાયેલો** હતો, (અહીં **'આપોલ્યુમી'** વાપર્યો છે) પણ પાછો જડયો છે." અહીં દીકરાની હયાતી મટી ગઈ નથી. પણ તે માત્ર ખોવાઈ ગયો છે.

**યોહાન ૬ : ૨૭** "જે અન્ન **નાશવંત (આપોલ્યુમી)** છે તેને સારુ નહિ. પણ જે અન્ન અનંતજીવન સુધી ટકે છે, જે માણસનો દીકરો તમને આપશે, તેને સારુ મહેનત કરો," અહીં પણ **નાશવંત** માટે **'આપોલ્યુમી'** શબ્દ ગ્રીકમાં વાપર્યો છે.

**૧ પિતર ૧ : ૭** "નાશવંત સોના કરતાં." (અહીં પણ **નાશવંત** શબ્દ માટે મૂળ ગ્રીક **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે). એમાં સોનાની હસ્તી લુપ્ત થવાની વાત જ નથી.

ઉપરના પાંચેય દાખલામાં વસ્તુઓ વિષે આપણે જોયું. હવે

નીચેની કેટલીક કલમોમાં વ્યક્તિ માટે જોઈએ. એ બધામાં પણ ગ્રીકમાં **આપોલ્યુમી** શબ્દ વાપર્યો છે, અને એમાં એકમાં પણ હયાતી મટી જવી કે હયાતીનો લોપ થઈ જવો એવો અર્થ જ નથી.

**માથ્થી ૨ : ૧૩** "બાળકને **મારી નાખવા** સારુ હેરોદ તેની શોધ કરવાનો છે." અહીં પણ **"મારી નાખવા"** માટે ગ્રીકમાં **"આપોલ્યુમી"** શબ્દ વાપર્યો છે. ( નવા કરારમાં 'મૃત્યુ' હયાતીની એ પ્રકારની હાલત જ દર્શાવે છે.)

**માથ્થી ૮ : ૨૫** "એ પ્રભુ, અમને બચાવ, અમે **નાશ પામીએ છીએ**" ડૂબતી હોડીમાંના શિષ્યો આ બૂમ પાડે છે. અહીં પણ "અમે **નાશ પામીએ છીએ**" ત્યાં ગ્રીક શબ્દ **'આપોલ્યુમી'** વાપર્યો છે. અહીં પણ હસ્તીલોપની વાત નથી.

**માથ્થી ૨૨ : ૭** "એથી રાજા ગુસ્સે થયો, ને તેણે પોતાનું લશ્કર મોકલીને તે ખૂનીઓનો **નાશ** કર્યો." અહીં પણ "**નાશ કર્યો**" માટે મૂળ ગ્રીકમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે. એમાં પણ ખૂનીઓનો હસ્તીલોપ દર્શાવ્યો નથી.

**માથ્થી ૨૭ : ૨૦** "ને ઈસુને મારી નંખાવે." અહીં પણ **"મારી નંખાવે"** માટે ગ્રીકમાં "આપોલ્યુમી" શબ્દ વાપર્યો છે, અહીં પણ હસ્તીલોપની વાત નથી.

**માથ્થી ૧૦ : ૨૮** "અને શરીરને જેઓ મારી નાખી શકતા નથી, તેઓથી બીહો મા; પણ એના કરતાં આત્મા તથા શરીર, એ બન્નેનો નાશ નરકમાં જે કરી શકે છે તેનાથી બીહો." આ કલમમાં પણ **"નાશ...કરી શકે છે"** એને માટે ગ્રીકમાં "આપોલ્યુમી" વાપર્યું છે, અહીં શરીર કે આત્માની કોઈની હસ્તી મટી જવાની વાત નથી. શેતાન શરીર તેમ જ આત્માનું ઉપયોગીપણું કાયમ માટે ખલાસ કરી દે છે, એ અર્થમાં **નાશ...કરી શકે છે,** શબ્દો વાપર્યા છે.

**લૂક ૧૩ : ૩, ૫** "પણ જો તમે પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વ તે જ પ્રમાણે **નાશ પામશો.** (કલમ ૫ માં પણ એ જ શબ્દો છે.) અહીં પણ **"નાશ પામશો"** શબ્દો માટે મૂળ ગ્રીકમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે. એમાં હસ્તીલોપ નથી, પણ જે હેતુને માટે વ્યક્તિ ઉત્પન્ન કરવામાં આવી હતી તે હેતુ માટે, તે કાયમને માટે બગડી ગઈ, એવો અર્થ છે.

**યોહાન ૩ : ૧૬.** "તેનો **નાશ ન થાય,** પણ તે અનંત-જીવન પામે." અહીં પણ, આપણે શરૂઆતે જોઈ ગયા તેમ, **'આપોલ્યુમી'** ગ્રીક શબ્દ **"નાશ ન થાય"** માટે મૂળ ગ્રીક પાઠમાં વાપર્યો છે. અને અહીં પણ વ્યક્તિના વિધ્વંસ કે હસ્તી-લોપની વાત નથી.

વળી જુઓ યોહાન ૧૦ : ૨૮; ૧૭ : ૧૨; રોમન ૨ : ૧૨; ૧ કોરીંથી. ૧૫ : ૧૮; ૨ કોરીંથી. ૨ : ૧૫; ૪ : ૩; ૨ થેસ્સા. ૨ : ૧૦; યાકૂબ ૪ : ૧૨; ૨ પિતર ૩ : ૬, ૯. આ બધાં રેફરન્સમાં ગ્રીકમાં **'આપોલ્યુમી'** શબ્દ વાપર્યો છે, અને એમાં ક્યાંયે હસ્તીલોપ, વિધ્વંસ, સત્યાનાશ કે એવી કોઈ ભાવના નથી, આ ઉપરાંત ગ્રીક પાઠમાં ૧ કોરીંથી. ૫ : ૫; ૧ તિમોથી ૫ : ૩; ૨ થેસ્સા. ૧ : ૯; ૧ તિમોથી ૬ : ૯ માં **'ઓલેથ્રોસ'** શબ્દ વાપર્યો છે. પણ તેનો યે અર્થ ક્યારે ય હસ્તીલોપ થતો નથી.

**શરતી અમરપણું :** કેટલાક ખ્રિસ્તી સંપ્રદાયો જેમને દુર્મતો કહેવામાં આવે છે તેમાં **શરતી અમરપણું** માનવામાં આવે છે. એટલે કે આત્મા અમર નથી, પણ જેઓએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો છે તેઓ જ પુનરુત્થાનમાં આત્માનું અમરપણું પામશે; પણ જેઓએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો જ નહિ હોય તેઓ બધાંના આત્માઓ તથા શરીરોનો કાયમને માટે હસ્તીલોપ થઈ જશે. તેઓનાં શરીરો તથા આત્મા કાયમને માટે ખલ્લાસ અથવા લુપ્ત થઈ જશે. આ

દુર્મત માનનારા સાર્વકાલિક સજામાં માનતા નથી, કારણ કે તેઓની માન્યતા પ્રમાણે પ્રભુ ઈસુને નહિ સ્વીકારનાર સર્વનાં શરીરો અને આત્મા કાયમને માટે ખલાસ થઈ જશે, તેમની હયાતી લુપ્ત બની જશે. પણ આ માન્યતાની વિરુદ્ધ નીચેની દલીલો એ મતને જૂઠો ઠરાવે છે.

(૧) પ્રભુ ઈસુએ સાર્વકાલિક સજા અને સાર્વકાલિક અગ્નિ વિષે કહ્યું છે: **માથ્થી ૨૫ : ૪૬** "અને તેઓ સાર્વકાલિક શાસન (સજા)માં જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં જશે," **માર્ક ૯:૪૩–૪૮** "...તને એ હાથ છતાં નરકમાં ન હોલવાનાર અગ્નિમાં જવું, તેના કરતાં ઠૂંઠો થઈને જીવનમાં પેસવું એ તારે માટે સારું છે..તને બે આંખ છતાં નરકાગ્નિમાં નંખાવું, કે જ્યાં તેઓનો કીડો મરતો નથી, ને અગ્નિ હોલવાતો નથી. તેના કરતાં કાણા થઈને ઈશ્વરરાજ્યમાં પેસવું એ તારે માટે સારું છે." **માથ્થી ૨૫ : ૪૧.** "પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, "ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ." (વળી જુઓ **પ્રકટીકરણ ૨૦ : ૧૦**).

**(૨) કુદરતમાં પણ હસ્તીલોપ છે જ નહિ:** થર્મોડાઈનામિકના બંને નિયમો બતાવે છે કે પદાર્થો શકિતમાં અને શક્તિ પદાર્થોમાં ફેરવી શકાય છે, અને શક્તિનો જથ્થો જે શરૂઆતથી હતો તે ઓછો થતો નથી કે, વધારી શકાતો નથી. તો જો કુદરતમાં કશાનો હસ્તીલોપ થતો જ નથી. તો પછી આત્મિક દુનિયામાં પણ હસ્તીલોપ થતો જ નથી. હા, નાશ થાય એટલે કે હેતુ બર આવે નહિ, એટલો જ અર્થ છે.

**(૩) પતિત દૂતોનો હસ્તીલોપ થયો નથી : યહૂદા ૧ : ૬:** "વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું

સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે." તો જો દૂતોનો હસ્તી-લોપ થયો નથી, તો પતિત માણસોનો હસ્તીલોપ સંભવી શકે નહિ.

**(૪) ધનવાન અને ભિખારી લાજરસની વાત હસ્તી-લોપની વિરૂદ્ધ શીખવે છે:** (લૂક ૧૬ : ૧૯-૩૧) આ સત્ય ઘટનામાં ઈશ્વરને નહિ અર્પાયેલો ધનવાન માણસ હસ્તીલોપ પામ્યો નથી પણ હયાત છે, વાત કરે છે, સાંભળે છે, અને **યાદ કરે છે.** (લાઝરસને ઓળખે છે, ને તેનું નામ યાદ છે), પૃથ્વી પરના પાંચ ભાઈઓને યાદ કરે છે; વળી અબ્રાહમ પિતા તેને કહે છે: "દીકરા,...તે સંભાર" (લૂક ૧૬ : ૨૫).

કેટલાક એમ કહે છે કે ધનવાન અને લાજરસની વાત એ માત્ર ઈસુએ કહેલું દૃષ્ટાંત છે, એટલે એને હકીકત તરીકે ન લઈ શકાય. ના આ દાષ્ટાંત નથી. કોઈ પણ દૃષ્ટાંતમાં પ્રભુ ઈસુએ કોઈ વ્યક્તિને નામ આપ્યું નથી; ફક્ત અનેરી બિનામાં જ નામ આપ્યાં છે અને આ ઘટનામાં લાજરસનું નામ આપ્યું છે. વળી બીજી એક પ્રભુ ઈસુની ખાસિયત આ બિનામાં પણ છતી થાય છે. પાપી અથવા ભ્રષ્ટ વ્યક્તિઓનાં નામ વૃત્તાંતમાંથી ટાળ્યાં છે, જેમ કે સૈખારના કૂવાવાળી સ્ત્રીનું નામ નથી આપવામાં આવ્યું; એમ જ વ્યભિચારના પાપમાં પકડાયેલી સ્ત્રી, ઈસુના પગોને ચોટલે લૂછતી પાપી સ્ત્રી; અને એમ જ અહીં ઈશ્વરથી વિમુખ એવા ધનવાન માણસનું નામ નથી આપવામાં આવ્યું.

(૫) અગાઉ આપણે જોયું તેમ મૃત્યુ તેમ જ **'જીવન'** હયાતીની જુદી જુદી હાલત અથવા સ્થિતિ છે. એમાં હસ્તીલોપને સ્થાન નથી. મૃત્યુ હોય તો તેમાં પણ હયાતી તો ચાલુ જ રહે છે.

(૬) **૧ કોરીંથી. ૧૫ : ૫૩માં** આપ્યું છે; "મૂએલાં

અવિનાશી થઈને ઊઠશે. **વિનાશીને** અવિનાશીપણું ધારણ કરવું પડશે; **મર્ત્યને** અમરપણું ધારણ કરવું પડશે." એમાં 'વિનાશીને' એટલે શરીરમાં જે મૃત્યુ પામ્યો છે તેને પુનરુત્થાનમાં અવિનાશીપણું (મહિમાવંતું શરીર) ધારણ કરવું પડશે, અને **'મર્ત્યને'** એટલે કે પ્રભુના પુનરાગમન સમયે જેઓ જીવતાં છે તેઓનાં શરીર 'મર્ત્ય' છે, તેથી પુનરાગમન સમયે તેમનાં શરીરોને **'અમરપણું'** ધારણ કરવું પડશે. આ બે બાબત ફક્ત પહેલા પુનરુત્થાન વખતે ખ્રિસ્તના લોકોને માટે જ છે.

(૭) મૃત્યુ એ છૂટાં પાડનાર તત્ત્વ છે. શારીરિક મરણ શરીરને આત્મા તથા પ્રાણથી જુદું પાડી દે છે. આત્માનું 'મરણ' અથવા **'નાશ'** એટલે ઈશ્વરના પ્રેમ અને પવિત્રાઈથી સદાયે દૂર રખાવું; તેમ જ ઈશ્વરના સ્વરૂપ તથા પ્રતિમા કાયમ માટે ભૂંસાઈ જવાં.

બેસ્વાદ બનેલા નમક સમાન એ બધા કિસ્સામાં છે. બેસ્વાદ બનેલું નમક કશા જ ઉપયોગનું નથી, માત્ર માણસોના પગ તળે ફેંકાવા યોગ્ય છે. એમ ઈશ્વર-વિમુખ વ્યક્તિ પોતાને માટેના હેતુ પ્રમાણે નથી રહેતી, એટલે તે 'નાશ' પામી છે, મીઠું કે આત્માનો એમાં હસ્તીલોપ થતો નથી.

(૮) ઈશ્વરના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે ઘડાયેલો આત્મા અમર છે. એટલે તેનો હસ્તીલોપ કો કાળે પણ નહિ થાય.

(૯) **'નાશ'** (આપોલ્યુમી)નો ઊલટો શબ્દ છે **'અનંતકાળનું જીવન'**. આ **અનંતકાળનું જીવન** કે **'અનંતજીવન'** એ આપણે હાલ જીવીએ છીએ તે કરતાં ગુણધર્મમાં જુદા પ્રકારનું જીવન છે. (**'આયોનિયોસ ઝોએ'**-અનંતજીવન). 'અનંતજીવન' આ પૃથ્વી પરના કુદરતી જીવનકાળમાં શરૂ થઈ શકે છે, એ જેટલું સાચું તેટલું જ **'નાશ'** પણ આ કુદરતી જીવનમાં જ શરૂ થાય છે.

(૧૦) કાયમને માટે હસ્તીલોપ હોય તો નરકમાં અનંતકાળ માટે થનાર ઓછીવત્તી સજા, જે વિષે પ્રભુ ઈસુએ કહ્યું છે તે વાત ખોટી ઠરે. દુષ્ટો અને પાપીઓને અનંતકાળ સુધા નર્કાગ્નિમાં રહેવાનું તો છે જ, પણ એમની સજા, એમનાં કૃત્યોના પ્રમાણમાં, ઓછી-વત્તી એટલે કે સજાની તીવ્રતા કે મૃદુતા જુદા જુદા અંશની હશે. જુઓ માથ્થી ૧૧ : ૨૦–૨૪; લૂક ૧૨ : ૪૭, ૪૮. જો મૃત્યુ પછી વ્યક્તિનો દુષ્ટો અને પાપીઓનો હસ્તીલોપ થતો હોય તો ઓછીવત્તી તીવ્રતાવાળી અનંતકાળિક શિક્ષા દર્શાવતી કલમોનો કોઈ અર્થ રહેતો નથી. ના, મૃત્યુ પછી હસ્તીલોપ નથી, પણ અનંતકાળ સુધી દુષ્ટો તથા પાપીઓની અનંતકાળ માટેની હસ્તી નર્કાગ્નિમાં રહે છે.

# ૨૭ યહૂદીઓના પંથો અને ન્યાયની અદાલતો

**પ્રશ્ન :** બાઇબલમાં ફરોશીઓ, સાદુકીઓ, વિગેરે વિષે (ખાસ કરીને નવા કરારમાં) વારંવાર આવે છે. તો એ બધા પંથો શું છે, અને તેઓ ક્યારે અસ્તિત્ત્વમાં આવ્યા તે જણાવશો તો ખૂબ આભાર. વળી યહૂદીઓમાં ન્યાયની અદાલત વિષે પણ કહેશો.

**જવાબ :** જૂના કરાર અને નવા કરારની વચ્ચેના ૪૦૦ વર્ષના જમાનામાં, એટલે કે મક્કાબીઓના સમયમાં યહૂદીઓમાં જુદાં જુદાં જૂથો અસ્તિત્ત્વમાં આવ્યાં. ખાસ કરીને મક્કાબી જોન હુરકાનસના સમયમાં (૧૩૪–૧૦૪ ઈ. સ. પૂર્વે) આ જૂથો સ્પષ્ટ બન્યા; ફરોશીઓ, સાદુકીઓ, એસેનીઓ અને યહૂદીપંથીઓ.

**૧. ફરોશીઓ :** ઈ. સ. પૂર્વે બીજી સદીની શરૂઆતમાં યહૂદીઓમાં બે સંપ્રદાયો ઊભા થયા. ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક રીત-રિવાજોની તરફદારી કરનારું જૂથ અને યહૂદી સંસ્કૃતિ અને જૂના

કરારની રૂઢિ તથા રીતરસમોને જાળવી-ટકાવી રાખવાની તરફેણ કરતું જૂથ. આ બીજું જૂથ શરૂઆતમાં 'હારીદિમ' (= ધાર્મિક) તરીકે ઓળખાતું હતું. અને એમાંથી જોન હરકાનસના સમયમાં 'ફરોશીપંથ' ઊભો થયો. અંત્યોખસ એપિફાનસે (ઈ. સ. પૂર્વે ૧૬૮) યહૂદી ધર્મને ગેરકાયદે ઠરાવ્યો હતો, ત્યારે આ ફરોશીપંથીઓએ એનો સખત વિરોધ કર્યો હતો, અને 'નિયમશાસ્ત્ર'ને તેઓ ચૂસ્તપણે વળગી રહ્યા હતા. તેઓ પ્રાર્થના, પશ્ચાત્તાપ અને દાનધર્મ ઉપર ખૂબ ભાર મૂકતા હતા. 'ફરોશી' એટલે 'અલગ બનેલા'. આમ, તેઓની શરૂઆત સારી હતી, અને ધર્મના રક્ષકો તરીકે તેમની કામગીરી પણ પ્રશંસનીય હતી. શરૂઆતના ફરોશીઓ પોતાનાં આત્મિક જીવનો પ્રત્યે પણ સારી કાળજી રાખતા હતા. પણ પાછળથી તેઓ શબ્દને વળગી રહેનારા, અભિમાની અને દંભી બની ગયા. પ્રભુ ઈસુના સમયમાં તેમણે પ્રભુ ઈસુનો ખૂબ વિરોધ કર્યો હતો. બધાં જૂથોમાં 'ફરોશીજૂથ' સૌથી મોટું અને પ્રભાવ પાડનારું હતું. સંત પાઉલ પોતે પોતાને ફરોશી તરીકે ઓળખાવે છે (ફિલીપી ૩ : ૫).

**૨. સાદુકીઓ :** આમ તો આ 'સાદુકીપંથ' પણ ઈ. સ. પૂર્વે બીજી સદીમાં અસ્તિત્વમાં આવ્યો, પણ કેટલાકનું માનવું છે કે, સુલેમાન રાજાના સમયમાં તેણે અબ્યાથાર પ્રમુખ યાજકને બદલી નાખીને તેને સ્થાને સાદોકને પ્રમુખ યાજક બનાવ્યો (૧ રાજા ૨ : ૩૫). સાદુકીઓ એ સાદોકના વંશજો હતા. સાદુકીપંથીઓ બહુ થોડા હતા, અને તેઓ યાજક વર્ગના હતા. ફરોશીઓની સંખ્યા સાથે સરખાવતાં સાદુકીઓ તો બહુ જ જૂજ હતા. ફરોશીઓથી ઊલટું તેઓએ ગ્રીક સંસ્કૃતિ અને ગ્રીક રીતરિવાજોની ખૂબ તરફદારી કરી હતી. જો કે તેઓ યાજકવર્ગના હતા, પણ ધર્મથી બહુ દૂર હતા. મક્કાબીકાળમાં રાષ્ટ્રીય મુક્તિની લડતમાં તેઓએ કંઈ પણ ભાગ લીધો નહોતો; ઊલટું, યહૂદી ધર્મના વિરોધીઓની તરફદારી કરી હતી. તેઓ ખૂબ

ધનવાન, લાગવગવાળા અને ધાર્યું પરિણામ લાવવા શક્તિશાળી હતા. પૈસો તેમનો પરમેશ્વર હતો. યહૂદીઓની ૭૦ જણની ન્યાયસભા (સાન્હેદ્રીન) ઉપર તેઓની ભારે પકડ હતી. તેઓ જગતી અને સતા લાલચુ હતા. તેઓ યાજકવર્ગના છતાં દૂતો, આત્માઓ, પુનરુત્થાન અને ન્યાયકાળમાં માનતા નહોતા (પ્રે. કૃ. ૨૩ : ૩). મૂસાના નિયમશાસ્ત્ર પછી ઈશ્વરના થયેલા પ્રકટીકરણને તેઓ શંકાશીલ નજરે જોતા હતા (એમાં પ્રબોધકોને થયેલા પ્રકટીકરણની વાત પણ આવી જાય).

**૩. એસેનીઓ :** ખરું જોતાં સાદુકીઓ અને ફરોશીઓ જેવું આ જૂથ નહોતું. એસેનીઓ તો યહૂદીઓમાં સંન્યાસીઓ કે સાધુપંથી કે મઠવાસીઓ હતા, એટલે કે તેઓ સાધુપંથીઓ હતા. ફરોશીઓના બાહ્યાચારો અને બાહ્યક્રિયાકાંડો, અને સાદુકીઓના જગતીપણાના પ્રત્યાઘાત રૂપે આ એસેનીપંથ ઊભો થવા પામ્યો હતો. તેઓ સમાજથી દૂર મઠમાં રહીને અપરણિત સાધુજીવન ગાળતા હતા. જૂના કરારના વાચન, મનન, અધ્યયનમાં, પ્રાર્થનામાં અને ધાર્મિક વિધિઓ પ્રમાણેના શુદ્ધિકરણમાં બધો સમય ગાળતા હતા. તેઓ પોતાની મિલકત યા સામગ્રી સહિયારી રાખતા હતા. અને લડાઈ તથા ગુલામીની વિરુદ્ધ હતા.

ઈ. સ. ૧૯૪૭ સુધી એસેનીપંથીઓ વિષેની આપણી માહિતી ફિલો, જોસીફસ અને પ્લીની મારફતે જ મળતી હતી. પણ “ડેડ સી સ્ક્રોલ” તરીકે ઓળખાતાં જૂના કરારનાં ઓળિયાં ૧૯૪૭માં મળી આવ્યાં તે સમયે એ સ્થળની પાસેના કુમરાનના મઠની શોધ થઈ. આ એસેનીઓનું કેન્દ્ર હતું. તેઓના પંથની માહિતી અને તેમના બંધારણનું પુસ્તક કુમરાનમાંથી મળી આવ્યાથી હવે આપણે તેમના વિષે વધુ જાણકાર બન્યા છીએ. તેઓની હસ્તી ઈ. સ. પૂ. ૨૦૦ થી

ઈ. સ. ૭૦ સુધી રહી. તેઓ 'મસીહ'ના આવવા વિષે ખૂબ શ્રદ્ધા-પૂર્વક માનતા હતા.

**શાસ્ત્રીઓ :** તેઓ શાસ્ત્રની નકલ કરનારા લહિયા હતા. ઘણા લાબાં જમાનાથી તેઓ શાસ્ત્રની નકલો તૈયાર કરતા હતા. જૂના કરારનાં પુસ્તકોનો અભ્યાસ કરવો અને પાઠનું અર્થઘટન કરવું એ તેમનાં કામગીરી બની ગઈ હતી. તેઓ શાસ્ત્રના ઝીણવટભર્યા જાણકાર તથા અભ્યાસી હોવાથી તેઓ 'શાસ્ત્રીઓ' (Lawyers) કહેવાયા. તેઓ શાસ્ત્રના અર્થઘટનના નિષ્ણાત ગણાતા હતા. કેટલાક આગેવાન શાસ્ત્રીઓનાં અર્થઘટનો મૌખિક 'નિયમ' બની ગયાં. તેઓનાં મંતવ્યો અને વિચારશ્રેણી ફરોશીઓના જેવી હતી. એટલે જ પ્રભુ ઈસુના સમયમાં વારંવાર ફરોશીઓ અને શાસ્ત્રીઓને સાથે સાથે ઉલ્લેખવામાં આવ્યા છે.

**હેરોદીઓ :** સુવાર્તાઓમાં 'હેરોદીઓ' નામના પંથ વિષે પણ ઉલ્લેખ આપવામાં આવ્યો છે. તેઓ રોમન સરકારની તરફેણ કરતા હતા, અને તેમનું માનવું એવું હતું કે યહૂદીઓની સુખાકારી રોમન સરકાર સાથે સહકાર અને સુમેળ રાખીને રહેવામાં સમાયેલી છે. મહાન હેરોદ ઉપરથી તેમને નામ આપવામાં આવ્યું છે. આ મહાન હેરોદ (બેથલેહેમનાં બાળકોને મારી નાખનાર હેરોદ) યહૂદીઓને રોમન સરકાર તરફ સહકારી વલણ રાખવા પ્રેરતો હતો. એને રોમન સરકારે રાજા બનાવ્યો હતો. હેરોદીઓ એક ધાર્મિક પંથ કરતાં રાજકીય પક્ષ હતો એમ કહેવું વધારે બંધબેસતું છે. પણ મોટા ભાગના યહૂદીઓ રોમન સરકારને ધિક્કારતા હતા, અને એના બંધનમાંથી મુક્ત થવા ઝંખતા હતા.

**સાન્હેદ્રીન** (ન્યાયસભા) : પ્રભુ ઈસુના સમયમાં સાન્હેદ્રીન એ યહૂદીઓની વરિષ્ઠ (સુપ્રિમ) અદાલત હતી. એની પાસે ધાર્મિક,

સામાજિક અને અમુક અંશે રાજકીય સત્તા હતી. રાજા યહોશાફાટના સમયથી આવી ન્યાયસત્તા કામગીરી બજાવતી આવી હતી. યહોશાફાટે ગામડાંઓ, શહેરો અને યરુશાલેમમાં આવી ન્યાયસભાઓ સ્થાપી હતી (૨ કાળ. ૧૯ : ૫–૧૧). એઝરા–નહેમ્યાના સમયમાં (૪૫૦–૪૦૦ ઈ. સ. પૂર્વે) જે "મહાસભાગૃહ" તરીકે ઓળખાતું મંડળ હતું તે સાન્હેદ્રીનનું પૂર્વજ ગણી શકાય. એ મંડળનું અસ્તિત્ત્વ ઈ. સ. પૂર્વે ૨૫૦માં મરી ગયું, અને એની જગાએ સાન્હેદ્રોન અસ્તિત્વમાં આવ્યું. સાન્હેદ્રીનમાં ૭૦ જણા ન્યાય તોળવા બેસતા. આરિમથાઇનો યૂસફ પણ આ સભાનો સભ્ય હતો (માર્ક ૧૫ : ૪). 'સાન્હેદ્રીન' શબ્દ ગ્રીક 'સૂનેદ્રિયોન' (= ભેગા બેસવું, યા સભા)નું અરામી ભાષામાં રૂપ છે. પ્રમુખ યાજક એનો પ્રમુખ બનતો. આ સાન્હેદ્રીન તે તમામ યહૂદીઓ માટેની ન્યાયસભા હતી. અને યરુશાલેમમાં મળતી. ગામડે ગામડે પણ આવી નાની નાની ન્યાયસભાઓ સ્થાનિક ચુકાદાઓ માટે પણ હતી. વરિષ્ઠ સાન્હેદ્રીનમાં જે ૭૦ જણ બેસતા તેમાંના મોટા ભાગના યાજકો, સાદુકીપંથી અમીરો, કેટલાક ફરોશીઓ, શાસ્ત્રીઓ અને વડીલો (કુળના અથવા કુટુંબના વડા) હતા.

**સભાસ્થાનો :** (ગ્રીક શબ્દ 'સુનેગોગે'=એકઠા મળવું'), સભા પરથી આ 'સીનેગોગ' (ગુજરાતી : સભાસ્થાન આવ્યો છે.) યહૂદીઓ બાબિલના ૭૦ વર્ષના બંદીવાસમાં હતા ત્યારે ભજન માટે, જૂના કરારના અભ્યાસ માટે ખાનગી ઘરોમાં મળતા, ત્યાંથી આ 'સીનેગોગ' અથવા સભાસ્થાન અસ્તિત્વમાં આવ્યાં (હઝકી. ૮ : ૧; ૨૦ : ૧–૩). શરૂઆતની ખ્રિસ્તી મંડળી શરૂઆતે ખાનગી ઘરોમાં ભજન માટે મળતી, એમ બંદીવાસમાં અને પછી પણ ખાનગી ઘરોમાં યહૂદીઓ ભજન અને અભ્યાસ માટે મળતા. એમાંથી પાછળથી ધીમે ધીમે શિક્ષણ માટે, જાહેર ભજનસેવા માટે અને પ્રાર્થના માટે વ્યવસ્થિત સભાસ્થાનો બંધાવા લાગ્યાં. પ્રભુ ઈસુના સમયમાં પણ આવાં સભા-

ગૃહો અથવા સભાસ્થાનો પાલેસ્તાઈનમાં હતાં. વળી જે યહૂદીઓ પાલેસ્તાઈનની બહાર અન્ય દેશોમાં રહેતા હતા, ત્યાં પણ આવાં સભાસ્થાનો બંધાયાં હતાં. ભારતમાં આજે પણ યહૂદીઓનાં સભાસ્થાનો છે (અમદાવાદમાં પણ છે). લૂક ૪:૧૬–૩૦.

**એપોક્રીફા :** જૂના અને નવા કરારની વચ્ચેના ગાળામાં લખાયેલાં ૧૪ પુસ્તકોને 'એપોક્રીફા' તરીકે ઓળખવામાં આવે છે. એ પુસ્તકો લખાયાં તે અગાઉ જૂના કરારનો **'નિયમગણ'** (અંગ્રેજી : કેનન) બંધ થઈ ગયો હતો. આ એપોક્રીફાનાં પુસ્તકો જૂના કરારના હિબ્રૂ નિયમગણમાં હતાં નહિ. તેઓનો સમાવેશ **'સપ્તતી'**માં અને લાટીન વલ્ગેટમાં કરવામાં આવ્યો હતો, અને એમાં જૂના અને નવા કરારની વચ્ચેના ભાગમાં એ પુસ્તકો મૂકેલાં હતાં. રોમન કેથોલિક મંડળી આ ૧૪માંનાં ૧૧ પુસ્તકોને "બીજા નિયમગણ"નાં પુસ્તકો તરીકે માન્ય રાખે છે. રોમન કેથોલિકોની ઈ. સ. ૧૫૪૬માં 'ટ્રેન્ટની કાઉન્સિલ' મળી તેણે શાસ્ત્રના ભાગ તરીકે એને જાહેર કર્યાં હતાં. પ્રોટેસ્ટંટો આ ૧૪ પુસ્તકોને આંતરિક અને બાહ્ય પુરાવાને આધારે નિયમગણનાં પુસ્તકો તરીકે ગણતા નથી. યહૂદીઓએ આ ૧૪ પુસ્તકોને બાઇબલના ભાગ તરીકે ગણ્યાં નથી. અને પ્રભુ ઈસુએ પણ તેમને બાઇબલના ભાગ તરીકે માન્ય રાખ્યાં નથી. તેમ જ નવા કરારમાં પણ તેમને એ પ્રકારની માન્યતા મળી નથી. વળી સાચી સમજણ પામેલા કોઈ પણ ધર્મપિતૃઓએ પણ તેમને માન્ય રાખ્યાં નથી.

એપોક્રીફાનાં પુસ્તકો આ પ્રમાણે છે : પહેલો એઝ્રાસ, બીજો એઝ્રાસ, તોબિત, જ્યુડિથ (યહૂદીથ), બાજું એસ્તેર, સુલેમાનનું ડહાપણ, સભાશિક્ષણ (ઉપદેશમાળા), પહેલું મક્કાબી, બીજું મક્કાબી, બારુખ, ત્રણ છોકરાંનું ગીત, સુસાન્નાની વાર્તા, બેલ અને ડ્રાગોન અને મનાશ્શેની પ્રાર્થના.

**સ્યુડો–એપોક્રીફા :** 'સ્યુડો' એટલે 'બનાવટી' અથવા 'જૂઠાં'-(સ્યુડો–એપોક્રીફા જૂઠાં અથવા બનાવટી લખાણો). ઈ. સ. પૂર્વે ૨૦૦થી ઈ. સ. ૨૦૦ના ગાળામાં આ પુસ્તકો લખાયાં. કોણે કોણે એ પુસ્તકો લખ્યાં તે વિષેની ક્યાંયે કોઈ માહિતી નથી, પણ જૂના કરારની મહાન વ્યક્તિઓનાં નામ લેખકો તરીકે પુસ્તક સાથે જોડયાં છે : જેવાં કે આદમ, હનોખ, નૂહ, મૂસા, સફાન્યા, બારુખ ઇત્યાદી. પણ એ બનાવટી નામો છે. 'એપોક્રીફા'નાં પુસ્તકો (૧૧ અથવા ૧૪)ને રોમન કેથોલિક મંડળીએ 'નિયમગણ'નાં પુસ્તકો તરીકે માન્યતા આપી છે, પણ 'સ્યુડો–એપોક્રીફા'નાં પુસ્તકને 'નિયમગણ'નાં પુસ્તકો તરીકે સ્વીકારવાની વાત કોઈ દિવસ ઊભી થઈ નથી.

આવાં 'સ્યુડો–એપોક્રીફા'નાં તો ઘણાં બધાં લખાણો છે, પણ એમાંનાં થોડાંક નામ અહીં નોંધીશું. : મૂસાનું સ્વદેહે સ્વર્ગમાં જવું; યશાયાનું સ્વર્ગગમન; હનોખનું પુસ્તક; જ્યુબિલીનું પુસ્તક; સીબિલીન ઓરેકલ્સ (=દેવવાણી); સુલેમાનનાં ગીતો; બાર ધર્મપિતૃઓનો કરાર.

## ૨૮ મૂસાના શબ વિષે તકરાર

**પ્રશ્ન :** યહૂદાના પત્રની ૯મી કલમમાં લખ્યું છે કે, "પણ મીખાએલ પ્રમુખ દૂતે જ્યારે શેતાનની સાથે મૂસાના શબ વિષે તકરાર કરીને વિવાદ કર્યો, ત્યારે......" મારો પ્રશ્ન એ છે કે મૂસાના શબ વિષે આ બે વચ્ચે શી તકરાર થઈ હશે? અને એનું પરિણામ કેવું આવ્યું?

**જવાબ :** ઈશ્વરે ઉત્પન્ન કરેલી પૃથ્વીમાં પાપ અને મૃત્યુ હતાં જ નહિ. પણ શેતાને માણસ પાસે પાપ કરાવ્યું, અને પરિણામે મૃત્યુ પ્રવેશ પામ્યું. શેતાને મૃત્યુ આણ્યું. મૃત્યુનો કર્તા શેતાન છે.

એટલે જ મૃત્યુ એ આપણો શત્રુ છે. બાઈબલ શીખવે છે કે, "જે છેલ્લો શત્રુ નાશ પામશે તે મરણ છે" (૧ કોરીંથી. ૧૫ : ૨૬). વળી શેતાન મૃત્યુ ઉપર સત્તા ધરાવે છે. "...કે જેથી તે (ખ્રિસ્ત) પોતે મરણ પામીને, મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો નાશ કરે" (હિબ્રૂ ૨ : ૧૪). હા, શેતાનને મૃત્યુ પર સત્તાધિકાર છે, તેમ જ પાપી માણસો પર શેતાનને સત્તાધિકાર છે, પાપી માણસોના આત્મા તેમ જ **શરીર ઉપર** પણ શેતાનને અધિકાર છે; એ આત્મા અને શરીર શેતાનના હવાલામાં છે. પાપી માણસ મૃત્યુ પામે ત્યારે એનું શરીર (અને આત્મા પણ) શેતાનના હવાલામાં જાય છે, જીવનના પુનરુત્થાનમાં તેનું પુનરુત્થાન થાય નહિ.

આથી શેતાને મૂસાના શરીરનો હવાલો માગ્યો. શેતાનની દલીલ એવી હતી કે મૂસા પાપી છે, એણે (મૂસાએ) મરિબાહનાં પાણી આગળ ગુસ્સો કર્યો. પહેલાં એક મિસરીને મારી નાખ્યો હતો. મૂસાનાં આ પાપને લઈને શેતાન મૂસાના શબનો કબજો માગે છે. મૂસાનું શરીર પુનરુત્થાન ન પામે માટે શેતાન એનો કબજો માગે છે, પણ પ્રમુખ દૂત મીખાએલની દલીલ છે કે પ્રભુ ઈસુના ક્રૂસ પરના બલિદાન દ્વારા મૂસાનો બચાવ થયો છે, મૂસાનો વિશ્વાસ એના ન્યાયીપણા માટે લાભદાયી બન્યો. મૂસાના વિશ્વાસ વિષે "વિશ્વાસના શૂરવીરોના અધ્યાયમાં હિબ્રૂ. ૧૧ : ૨૪-૨૯, ખાસ કરીને કલમ ૨૪-૨૬ આપવામાં આવ્યું છે.

જો કે આખરે તો શેતાનનો પોતાનો નાશ પણ ઈશ્વર કરવાનો જ છે. એટલે શેતાનનો હવાલો કશા પર પણ રહેવાનો નથી, શેતાન હાલમાં માત્ર પોતાનો હક્ક કરે છે, જ્યારે આત્માઓ તો બધા –ભલા અને ભૂંડાના આત્મા ઈશ્વરને કબજે જ રહે છે.

મૂસાનું પુનરુત્થાન થવાનું હતું તે સમયે મીખાએલ અને શેતાન

વચ્ચે આ તકરાર થઈ. મૂસા વિષે લખવામાં આવ્યું છે કે, "કેમ કે જે ફળ મળવાનું હતું તે તરફ જ તેણે લક્ષ રાખ્યું." મૃત્યુ ઉપર શેતાનને સત્તા છે. તેથી તેણે મૂસાને પાછો ન ઊઠાડવામાં આવે માટે તેણે વાંધો લીધો હતો, પણ શેતાન હારી ગયો, અને પ્રભુ ઈસુને કામે અને નામે મીખાએલની જીત થઈ. મૂસાને ઊઠાડવામાં આવ્યો. રૂપાંતરના પહાડ ઉપર પુનરુત્થાન પામેલો મૂસા પુનરુત્થાનના મહિમાવંત શરીરમાં જોવા મળે છે. એલિયા મૃત્યુ ચાખ્યા વગર જીવતો સ્વર્ગમાં લઈ લેવાયો હતો. એ બંને જણ રૂપાંતરના પહાડ ઉપર જોવા મળે છે. પ્રભુ ઈસુના પુનરાગમન સમયે પ્રભુના લોકો ઊઠનાર છે, તેના નમૂના અથવા બ્યાના સમ દર જમાનામાં એકેએક વ્યક્તિ કાં તો જીવતી ઉપર લઈ લેવાય છે, અથવા પુનરુત્થાન પામે છે, જેમ કે, હનોખ, મૂસા, એલિયા (પહેલો અને ત્રીજો જીવતા લઈ લેવાયા, અને મૂસા પુનરુત્થાન પામ્યો.) હનોખ પિતૃઓના જમાનામાં, મૂસા લેવીય જમાનામાં, અને એલિયા પ્રબોધકોના જમાનામાં. પ્રમુખ દૂત મીખાએલ પ્રભુના લોકોના પુનરુત્થાન સાથે સંકળાયેલો છે. પ્રભુના પુનરાગમન અને તેમના લોકોના પુનરુત્થાન વિષે લખતાં સંત પાઉલ ૧ થેસ્સાલોનિકામાં લખે છે: "કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત **પ્રમુખ દૂતની વાણીસહિત** તથા ઈશ્વરના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે...,"(૧ થેસ્સા. ૪:૧૬) એ જ પ્રમુખ દૂત મીખાએલ અહીં શેતાને મૂસાના શબનું પુનરુત્થાન નહિ થવા દેવા ઉપાડેલી તકરારમાં, શેતાન સાથે વાદવિવાદ કરે છે, અને આખરે પ્રમુખ દૂતનો વિજય થાય છે.

હિબ્રૂ ૨:૧૪નું વાકય ફરી જોઈ લઈએ: "કે જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો નાશ કરે." હાલ તો શેતાન મરણ પર સત્તા ધરાવે છે. પણ પ્રભુ ઈસુએ પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનાર શેતાનનો તેમણે નાશ

કર્યો. ક્રૂસ પરના પ્રભુ ઈસુના મૃત્યુથી શેતાન ખૂબ હરખાયો હશે કે પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા, તેમનો નાશ થયો! પણ પ્રભુ ઈસુનું એ મૃત્યુ જ શેતાનનો નાશ કરનારું બન્યું. શેતાન જાણે કે છેતરાઈ ગયો. પ્રભુ ઈસુનું મૃત્યુ કેવું વિજયવાન! તો વળી તેમનું જયકારી પુનરુત્થાન તો કેટલું વિશેષ વિજયવાન!

હવે થોડીવાર માટે શેતાન સત્તા ભલે ભોગવી લે, પણ પ્રભુ ઈસુના પૃથ્વી પરના પુનરાગમન વખતે શેતાનને બાંધીને બંદીખાને નાખવામાં આવશે, અને ૧૦૦૦ વર્ષના પ્રભુ ઈસુના રાજ્ય પછી પાછો તેને થોડીવાર છોડવામાં આવશે, અને તે આખા જગતના લશ્કરોને પ્રભુ ઈસુની સામે અને યરુશાલેમ સામે એકત્ર કરશે. એ પછી પ્રભુ ઈસુ અનંતકાળિક અગ્નિમાં તેને સદાકાળ માટે નાખી દેશે.

"શેતાનનો **નાશ** કરે" (હિબ્રૂ ૨ : ૧૪) 'ખ્રિસ્તીબંધુ'ના મે ૧૯૮૫ના અંકમાં II પ્રશ્નના ('નાશ' એટલે શું ?) જવાબમાં આનો ખુલાસો જોઈ લેવો. 'નાશ' એટલે હસ્તીલોપ નહિ, પણ સદાને માટે નાકામયાબ બની જવું. એમ શેતાન અનંતકાળ સુધી હયાત રહેશે, અને પીડા ભોગવ્યા કરશે.

બીજો પણ એક ખુલાસો કરી લઉં. પ્રભુના માણસોના આત્માઓ તો પારાદૈસમાં છે જ. પણ દુષ્ટોના આત્માઓનો આખરી હવાલો પ્રભુ પાસે જ છે. તેઓ હાડેસના બીજા ભાગમાં છે. અને હજાર વર્ષના રાજ્ય પછી અને આકાશ તથા પૃથ્વી ટળી ગયા પછી એ દુષ્ટોના આત્માઓને પણ અનંતકાળનાં અગ્નિમાં નાખી દેવામાં આવશે.

## ૨૯ "અંકુર" એટલે શું ?

**પ્રશ્ન :** ઝખાર્યા ૩ : ૮માં 'અંકુર' શબ્દ છે તે કોને માટે વપરાયો છે ? વળી 'તારી આગળ બેસનારા' એ શબ્દો કોને માટે વપરાયા છે ?

**જવાબ :** 'અંકુર' 'મસીહ' માટે એટલે કે પ્રભુ ઈસુ માટે વાપર્યો છે. 'તારી આગળ બેસનારા' એ શબ્દો બીજા યાજકો માટે વાપર્યા છે. ઝખાર્યા અને આ બધા યાજકો, એટલે કે પ્રભુના લોકો બીજાંઓની આગળ ચિહ્નરૂપ બનશે. વળી કલમ ૯ માં આપેલો શબ્દ 'શિલા'એ પણ પ્રભુ ઈસુ માટે છે.

## ૩૦ 'બે પર્વતો વચ્ચેથી ચાર રથો' શું છે?

**પ્રશ્ન :** ઝખાર્યા ૬ : ૧–૮માં જે સંદર્શન છે તે શું છે? એમાં આપેલા રથો શું છે?

**જવાબ :** આ અધ્યાયમાં પ્રભુ પોતાના આગમન સમયે પ્રજાઓનો ન્યાય કરવાનો છે તેનું સંદર્શન સાંકેતિક ભાષામાં આપે છે. સંદર્શનના હાર્દ સમી ૫મી કલમ છે. એમાં આપેલા ખુલાસા પ્રમાણે અર્થ કરવો જોઈએ. 'બે પર્વત' એટલે પવિત્ર મંદિર જ્યાંથી પ્રભુ ઈસુ રાજ કરશે તે શહેરના બે પર્વત, એટલે 'મોરિયા' અને જૈતૂન અથવા 'મોરિયા' અને 'સિયોન.'

## ૩૧ 'શિનઆર' કયો દેશ?

**પ્રશ્ન :** 'શિનઆર' કયો દેશ? ઝખાર્યા ૫ : ૧૧.

**જવાબ :** 'શિનઆર' (જુઓ ઉત્પત્તિ ૧૧ : ૨) યુફ્રેતિસ અને તૈગ્રીસ નદીઓની વચ્ચે આવેલો પ્રદેશ જુદા જુદા જમાનાઓમાં જુદાં જુદાં નામોથી ઓળખાતો આવ્યો છે, જેમ કે શિનઆર, બાબિલોન, મેસોપોતામિયા, આશ્શુર અને આપણા જમાનામાં અત્યારે ઈરાક તરીકે

ઓળખાય છે. આ બધાની સરહદોમાં જમાના પ્રમાણે ઓછોવત્તો ફેરફાર થતો રહ્યો છે.

પ્રભુ ઈસુના પુનરાગમનના સમયમાં આખી દુનિયાનો વેપાર એક સ્થળે કેન્દ્રિત થશે એ વિષેનો ઉલ્લેખ એ કલમમાં છે. આ શિનઆર એટલે બાબિલોન અને એના વિનાશ વિષે પ્રકટી. ૧૮માં આપ્યું છે.

## ૩૨ 'ત્રીજો ભાગ' શું છે?

**પ્રશ્ન :** ઝખર્યા ૧૩ : ૮–૯માં 'બે ભાગ' અને 'ત્રીજો ભાગ' એ શું છે?

**જવાબ :** પ્રભુ ઈસુ ગગનમાં ઊતરે, અને સાત વર્ષ પછી પૃથ્વી પર જૈતૂન પહાડ ઉપર ઊતરે, એ સાત વર્ષના ગાળામાં યહૂદી લોકોના બે ભાગ જેટલા લોકો નાશ પામશે અને ખાસ કરીને પાછલાં સાડા ત્રણ વર્ષમાં માત્ર ⅓ યહૂદીઓ જ બચશે, એ વાતનો ઉલ્લેખ છે. પ્રબોધકોનાં પુસ્તકોમાં જે વારે વારે શેષ ભાગ બચશે એવી વાત આવે છે તે એ જ વાત છે. માથ્થી ૨૪ : ૧૩માં પણ એ જ ઉલ્લેખ છે.

## ૩૩ 'હુસ્સાબ' એટલે શું?

**પ્રશ્ન :** નાહૂમ ૨:૭માં લખ્યું છે. "હુસ્સાબને નગ્ન કરવામાં આવી છે, તેનું હરણ થયું છે." એટલે શું? કોના વિષે એ લખવામાં આવ્યું છે?

**જવાબ :** નાહૂમનું આખું પુસ્તક નિનવેહ સામેની ભવિષ્યવાણી છે. આ 'હુસ્સાબ' શબ્દ સ્પષ્ટ નથી, મૂળ હિબ્રૂ ભાષામાં

કેટલાક જૂના અભ્યાસકો અને પંડિતોનું કહેવું છે કે એ તો નિનવેહની રાણીનું નામ છે. તેઓનું કહેવું છે કે મૂળ હિબ્રૂ ધાતુનો અર્થ નીકળે છે કે તે રાણી રાજાની તહેનાતમાં કે રાજાની પડખે ઊભી રહેનારી (જુઓ ગી. શા. ૪૫ : ૯). બીજા કેટલાકનું કહેવું છે કે ખુદ નિનવેહ પોતે 'રાણી' હોય એવી ઉપમા નિનવેહ માટે વાપરી છે. ત્રીજી માન્યતા એવી છે કે આ કોઈ વ્યક્તિવાચક નામ નથી. એનો અર્થ થાય કે 'એ નક્કી કરવામાં આવ્યું છે,' કે 'એ સ્થાપિત કરવામાં આવ્યું છે' કે 'એ ઠરાવવામાં આવ્યું છે,' (ઉત્પત્તિ ૪૧ : ૩૨). કુલ અર્થ એ થાય કે નિનવેહનો તદ્દન નાશ થવાનો છે, અને તે ઈશ્વરે નક્કી કર્યું છે.

## ૩૪ 'સિયોન ખેતરની પેઠે ખેડાશે.'

**પ્રશ્ન.:** હોશિયા ૩ : ૧૨માંનું ભવિષ્યવચન કયા સમય માટેનું છે? ત્યાં લખ્યું છે : 'એથી તમારે લીધે સિયોન ખેતરની પેઠે ખેડાશે, ને યરુશાલેમના ઢગલા થઈ જશે, ને ઈશ્વરના મંદિરનો પર્વત તે વનમાંની ટેકરીઓના જેવો થઈ જશે.'

**જવાબ :** એ જ ભવિષ્યકથન યિર્મેયા ૨૬:૧૮માં પણ આપવામાં આવ્યું છે. સિયોન યરુશાલેમનો એક ભાગ પણ છે, તેમ જ યરુશાલેમને સિયોન તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ભવિષ્યવચન ઈ. સ. ૧૩૮માં પૂરું પણ થઈ ગયું. ઈ. સ. ૭૦માં રોમન બાદશાહ–પુત્ર તિતસ એક લાખનું લશ્કર લઈ તે યરુશાલેમ પર ચઢી આવ્યો, યરુશાલેમને જીતી લીધું, અને ઘણું બધું લૂટી લીધું. એક લાખ જેટલા યહૂદીઓ મરી ગયા, અને ૯૭ ૦૦૦ને ગુલામ તરીકે વેચી દેવામાં આવ્યા.

એ પછી ઇ. સ. ૧૩૮માં ફરી એકઠા થયેલા યહૂદીઓએ બંડ ઊઠાવ્યું, એટલે હેડ્રિયન બાદશાહ લશ્કર લઈ ચઢી આવ્યો, કેટલાયે યહૂદીઓનો નાશ કર્યો. યરુશાલેમ શહેરનો પૂરો વિનાશ કર્યો, અને 'સિયોન' વિસ્તારની ઉપર ખેડૂતનું હળ ફેરવ્યું, ખેડીને ખેદાનમેદાન કરી નાખ્યું.

## ૩૫ પુનઃસ્થાપના.

**પ્રશ્ન :** યશાયા ૬૧:૪-૫ કોના વિષે લખાયું છે ?

**જવાબ :** યશાયા ૬૧ : ૪-૫ એટલી કલમો જ નહિ, પણ આખો અધ્યાય યહૂદી પ્રજા માટે છે. પ્રભુ ઈસુના પુનરાગમનના નજદીકના સમયમાં એ બધું અક્ષરશઃ બનશે. ઈ. સ. ૧૯૪૮ (મે ૧૪મીએ) ઇઝરાયલનું રાજ્ય સ્થપાયું, ત્યારથી એ વચનો પૂર્ણ થવા લાગ્યાં છે. દુનિયાના ૧૦૪ દેશોમાંથી યહૂદીઓ પાછા આવ્યા છે. જૂનાં પડી ગયેલાં શહેરો-ગામો ફરી બંધાયાં અને બંધાતાં જાય છે, અને નવાં નવાં ગામો અને શહેરો બંધાતાં જ જાય છે.

## ૩૬ સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થા ક્યારે ?

**પ્રશ્ન :** એફેસી. ૧ : ૯-૧૦ આપેલી વાત પ્રભુ ઈસુના પહેલા આગમન વખતની છે કે, બીજા આગમન વિષેની છે ?

**જવાબ :** એ ૯મી કલમમાં જગતના મંડાણની અગાઉ ઈશ્વરે કરેલા ઠરાવ અને પસંદગીની વાત છે. 'મર્મ જણાવ્યો,' એ મંડળીના આ યુગમાં વિદેશીઓમાંથી ખ્રિસ્તની મંડળી સ્થપાય તે વાત છે. અને ૧૦થી કલમ નવાં આકાશ અને નવાં પૃથ્વી થશે ત્યારે આ કલમની વાત પૂર્ણ થશે.

# ૩૭ 'પ્રકટીકરણ'ના સાત આત્મા શું છે ?

**પ્રશ્ન:** પ્રકટીકરણના પુસ્તકમાં ૧:૪માં લખ્યું છે: "તેના રાજ્યાસનની આગળ જે **સાત આત્મા** છે તેઓના તરફથી...," તેમ જ ૪ : ૬માં; "અને રાજ્યાસનની આગળ અગ્નિના સાત દીવા બળે છે તે દેવના **સાત આત્મા** છે," તેમ જ ૫ : ૬માં; "એ આંખો દેવના **સાત આત્મા** છે, જેઓને આખી પૃથ્વી પર મોકલવામાં આવેલા છે;" એ બધે ઠેકાણે **"દેવના સાત આત્મા"** વિષે લખેલું છે. એ શું છે ? એનો શો અર્થ થાય છે ?

**જવાબ : "દેવના સાત આત્મા".** પ્રકટીકરણના પુસ્તકની સાંકેતિક અને ચિહ્નરૂપ ભાષામાં આ શબ્દો–"દેવના સાત આત્મા" એ ત્રૈએકપણાની ત્રીજી વ્યક્તિ, એટલે કે પવિત્ર આત્માને માટે વાપરવામાં આવ્યા છે. પુસ્તકની શરૂઆતમાં કૃપા તથા શાંતિની સલામી (૧ : ૪) આપવામાં આવી છે, તે **ત્રૈએક ઈશ્વરને નામે** આપવામાં આવી છે. એમાં (૧) **પિતાને** માટે નીચેના શબ્દો વાપર્યા છે: "જે હતો ને જે આવનાર છે, **તેના તરફથી;**" (૨) **પવિત્ર આત્માને** માટે નીચેના શબ્દો વાપર્યા છે: "તેના રાજ્યાસનની આગળ જે સાત આત્મા છે **તેઓના તરફથી**" અને (૩) **પુત્રને** માટે નીચેના શબ્દો વાપર્યા છે: "તથા ઈસુ ખ્રિસ્ત જે વિશ્વાસુ શાહેદ, અને મૂએલાંમાંથી પ્રથમજનિત, અને પૃથ્વીના રાજાઓનો અધિપતિ છે **તેના તરફથી;**" એમ પિતા, પુત્ર અને પવિત્ર આત્મા તરફથી–એટલે કે ત્રૈએક ઈશ્વર તરફથી "કૃપા અને શાંતિ" છે."

સાતની સંખ્યા સંપૂર્ણતા સૂચવે છે. અહીં પવિત્ર આત્માના સામર્થ્યની અને સેવાની સંપૂર્ણતા સૂચવવા "સાત આત્મા" એવા સાંકેતિક શબ્દો વાપર્યા છે. યશાયા ૧૧ : ૨માં પવિત્ર આત્માનાં સાત

લક્ષણો બતાવવામાં આવ્યાં છે : (૧) યહોવાનો આત્મા; (૩) સુબુદ્ધિનો આત્મા; (૩) સમજનો આત્મા; (૪) વિવેકબુદ્ધિનો આત્મા; (૫) પરાક્રમનો આત્મા; (૬) જ્ઞાનનો આત્મા; તથા (૭) યહોવાના ભયનો આત્મા; "તેના પર (એટલે કે યિશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે" તે ઈસુ પર) રહેશે." પ્રભુ ઈસુ યર્દનમાં બાપ્તિસ્મા પામ્યા તે પ્રસંગે આ સાત લક્ષણો ધરાવતો પવિત્ર આત્મા તેમના પર ઊતર્યો.

પ્રકટીકરણના પુસ્તકમાં સાંકેતિક ભાષામાં ઘણું બધું આપવામાં આવ્યું છે. જો કે આ બધા સંકેતો અથવા ચિહ્નો બાઇબલમાં કોઈ અને કોઈ સ્થળે આપવામાં આવ્યા છે. અને એ સંકેતો એકબીજાની સાથે સરખાવી જોવાથી ખરો અર્થ મળી રહે છે.

પ્રકટીકરણમાં "સાતની" સંખ્યા ૫૪ વખત વપરાઇ છે. બાઇબલમાં સાતની સંખ્યાને પૂર્ણ થવા માટે, ફલિત થવા માટે અને સંપૂર્ણતા માટે વાપરવામાં આવી છે. (જુઓ ઉત્પ. ૨ : ૨; નિર્ગ. ૨૦ : ૧૦; લેવી ૧૪ : ૭; પ્રે. કૃ. ૬ : ૩). પ્રકટીકરણના પુસ્તકમાં "**સાત** મંડળીઓ (૧ : ૪); **સાત** આત્મા (૧ : ૪); **સાત** દીવીઓ (૧ : ૧૨); **સાત** તારા (૧ : ૧૬); ઓળિયા પર **સાત** મુદ્રા (૫ : ૧); સાત શિંગડાં (૫ : ૬); અને **સાત** આંખો (૫ : ૬); **સાત** દૂત (૧ : ૨૦); **સાત** રણશિંગડાં (૮ : ૨); **સાત** ગર્જનાઓ (૧૦ : ૩); અજગરનાં **સાત** માથાં (૧૨ : ૩); શ્વાપદનાં **સાત** માથાં (૧૩ : ૧); સોનાનાં **સાત** પ્યાલાં (૧૫ : ૭); અને **સાત** રાજાઓ (૧૭ : ૧૦).

## ૩૮ સ્વર્ગમાં ત્રૈએક ઈશ્વરને જોઈશું ?

**પ્રશ્ન :** આપણે સ્વર્ગમાં જઈશું ત્યારે ઈશ્વર પિતાને તથા

ઈશ્વર પુત્રને, તેમ જ ઈશ્વર પવિત્ર આત્માને જોઈ શકીશું ?–કે પછી એકલા પ્રભુ ઈસુ ખ્રિસ્તને જ જોઈશું ?

**જવાબ :** બાઈબલમાં આ વિષે કંઈ સ્પષ્ટ આપવામાં આવ્યું નથી. પ્રભુ ઈસુ તો કહે છે કે, "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે" (યોહાન ૧૪ : ૯). એટલે કે પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એક જ સ્વરૂપમાં એક જ વ્યક્તિમાં દેખાશે ? કલોસી. ૨ : ૯માં આપ્યું છે; "કેમ કે ખ્રિસ્તમાં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે." ("હતા" એમ નહિ, પણ "છે,"–ભૂતકાળમાં, વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં). વળી હિબ્રૂ ૧:૩માં લખ્યું છે. "તે (એટલે કે ઈસુ) તેના (એટલે કે ઈશ્વર પિતાના) ગૌરવનું તેજ તથા તેના સત્વની આબેહૂબ પ્રતિમા છે."

દાનિયેલ ૯:૯માં જાણે કે ઈશ્વર પિતાની છબી આપવામાં આવેલી દેખાય છે; અને ૭ : ૧૩, ૧૪માં ઈશ્વર પુત્રની છબી આપી છે. આ ઈશ્વર પુત્ર ઈશ્વર પિતાના રાજ્યાસન પાસે લવાય છે. અને પિતા તરફથી તેને રાજ્ય, સત્તા, મહિમા આપવામાં આવ્યાં. તો અહીં પિતા અને પુત્રની છબી જાણે અલગ અલગ છે. ૧૩ મી કલમમાં "મનુષ્ય પુત્ર" (ઈસુ ખ્રિસ્ત) આપ્યો છે, અને "વયોવૃદ્ધ પુરુષ" (સરખાવો કલમ ૯) (ઈશ્વર પિતા) બંને દર્શાવ્યા છે. વળી પ્રકટીકરણના ૫મા અધ્યાયમાં રાજ્યાસન પર બેઠેલા પિતાને યોહાન જુએ છે, તેમ જ પિતાના હાથમાંનું ઓળિયું "હલવાન" (એટલે કે પ્રભુ ઈસુ) લે છે તે દૃશ્ય પણ યોહાન જુએ છે. (જુઓ પ્રકટી. ૫ : ૧, ૫–૭).

ગમે તેમ, પણ ભક્ત દાઉદ કહે છે: "પરંતુ હું તો ન્યાયપણે વર્તીને **તારું મુખ જોઈશ;** હું જાગીશ (મૃત્યુરૂપી ઊંઘમાંથી જાગીશ) ત્યારે **તારી પ્રતિમાથી સંતોષ પામીશ**" (ગી. શા. ૧૭ : ૧૫).

# ૩૯ યાકૂબનાં કુટુંબનાં કેટલાં માણસ મિસરમાં ગયાં ?

**પ્રશ્ન :** યાકૂબ સાથે મળીને કેટલાં માણસો મિસર દેશમાં ગયાં ? ઉત્પત્તિ ૪૬:૨૬, ૨૭માં આ પ્રમાણે આપ્યું છે : "યાકૂબના દીકરાઓની સ્ત્રીઓ સિવાય તેનાથી (યાકૂબથી) જન્મેલાં જે સર્વ માણસ યાકૂબ સાથે મિસરમાં આવ્યાં તેઓ **છાસઠ** જણ હતાં; અને યૂસફના દીકરા જે મિસર દેશમાં તેને થયા તે બે હતા; અને યાકૂબના ઘરનાં સર્વ માણસ જે મિસરમાં આવ્યાં **તેઓ સિત્તેર** હતાં." અને પ્રેરિતોનાં કૃત્યો ૭:૧૪માં આ પ્રમાણે આપ્યું છે: "ત્યારે યૂસફે સંદેશો મોકલીને પોતાના **બાપ યાકૂબને** તથા **પોતાનાં સઘળાં સગાંને, એટલે પોણોસો માણસને** પોતાની પાસે તેડાવ્યાં." આમ, ૬૬, ૭૦ અને ૭૫ + ૧ એટલે કુલ કેટલાં મિસર ગયાં ? આટલું સમજાવો.

**જવાબ :** ઉત્પત્તિ ૪૬માં એ બધાં માણસોની ગણતરી આ પ્રમાણે છે :

રેઉબેન અને તેના દીકરા મળીને ૫ જણ
શિમયોન અને તેના દીકરા મળીને ૭ જણ
લેવીય અને તેના દીકરા મળીને ૪ જણ
યહૂદા અને તેના દીકરા મળીને ૪ જણ (બે દીકરા કનાનમાં મરી ગયા હતા.)
યહૂદાનો દીકરો પેરેસ અને તેના
દીકરા મળીને ૩ જણ
યિસ્સાખાર તથા તેના દીકરા મળીને ૫ જણ
ઝબૂલુન તથા તેના દીકરા મળીને ૪ જણ
યાકૂબની દીકરી દીનાહ ૧ જણ

૩૩ જણ ૩૩ જણ(લીયાહનાં સંતાન)

| | |
|---|---|
| ગાદ અને તેના દીકરા મળીને | ૮ જણ |
| આશેર અને તેના દીકરા અને દીકરી મળીને | ૬ જણ |
| આશેરના દીકરા બરિયાહના બે દીકરા | ૨ જણ |
| ૧૬ જણ (ઝીલ્પાહનાં સંતાન) | ૧૬ જણ |
| (યૂસફ અને તેના બે દીકરા તેઓ મિસરમાં જ હતા.) | ૩ જણ |
| બિન્યામીન અને તેના દીકરા મળીને | ૧૧ જણ |
| ૧૪ જણ (રાહેલનાં સંતાન) | ૧૪ જણ |
| દાન અને તેના દીકરા મળીને | ૨ જણ |
| નાફતાલી અને તેના દીકરા મળીને | ૫ જણ |
| ૭ જણ (રિબકાહનાં સંતાન) | ૭ જણ |
| | ૭૦ જણ |

ઉત્પત્તિ ૪૬ : ૨૭માં આખરે આપ્યું છે :

યાકૂબના ઘરનાં સર્વ માણસ જે મિસરમાં આવ્યાં તેઓ સિત્તેર હતાં.

આમાં યાકૂબના ૯ દીકરાઓની ૯ સ્ત્રીઓની ગણતરી કરવામાં આવી નથી. યાકૂબના બાર દીકરાઓમાંથી યહૂદા અને શિમયોનની પત્નીઓ કનાનમાં જ મરી ગઈ હતી, અને યૂસફની સ્ત્રી મિસરમાં જ હતી. બાકીના નવ ભાઈઓની પત્નીઓ આ ગણતરીમાં મૂકી નથી.

હવે ઉત્પત્તિ ૪૬:૨૬માં ૬૬ જણ લખ્યાં છે, તેમાં યાકૂબને તથા યૂસફ અને તેના બે દીકરાને (તેઓ મિસરમાં હતા તેથી) ગણ્યા નથી. આ ચારને ૬૬માં ઉમેરો તો ૭૦ની સંખ્યા થઈ જાય.

હવે પ્રેરિતોનાં કૃત્યો ૭:૧૪માં યાકૂબને અલાહિદો ગણ્યો છે ( જુઓ અંદર ), એટલે તેને ન ગણતાં આ પ્રમાણે ૭૫ માણસ થાય. ઉત્પ. ૪૬:૨૬નાં ૬૬ જણ + ૯ પત્નીઓ મળીને ૭૫ની સંખ્યા થઈ, (યૂસફ અને તેના બે દીકરા તો મિસરમાં જ હતા). આમ, ઉત્પત્તિની હકીકત તથા પ્રેરિતોનાં કૃત્યોની હકીક્ત એકબીજાને સંપૂર્ણ રીતે મળતી છે; કોઈ વિરોધાભાસ નથી.

## ૪૦ યહોશાફાટનું બે પ્રકારનું વર્તન?

**પ્રશ્ન :** યહૂદિયાના રાજા યહોશાફાટ વિષે ૧ રાજા ૨૨:૪૩માં લખ્યું છે કે, "તોપણ ઉચ્ચસ્થાનો કાઢી નાખવામાં આવ્યાં નહિ, હજુ લોકો ઉચ્ચસ્થાનોમાં યજ્ઞ કરતા અને ધૂપ બાળતા હતા," પણ ૨ કાળવૃત્તાંત ૧૭:૬માં એથી ઊલટું આપ્યું છે : "વળી તેણે ( યહોશાફાટે ) યહૂદિયામાંથી ઉચ્ચસ્થાનો તથા અશેરીમ ( મૂર્તિઓ) કાઢી નાખ્યાં" તો એ બે પ્રકારનાં વર્તનમાં ખરું કયું ?

**જવાબ :** યહોશાફાટે યહૂદિયા ઉપર ઈ. સ. પૂર્વે ૮૭૨થી ૮૪૮ સુધી એટલે કે ૨૫ વર્ષ સુધી રાજય કર્યું. એના રાજ્યકાળની શરૂઆતે એણે પોતાના પિતા આસાની માફક યહોવાને પસંદ પડે એવું બધું સારું જ કર્યું ( જુઓ ૨ કાળવૃત્તાંત ૧૭ : ૪-૯). લોકો અને આગેવાનોનો તેને સાથ હતો. તેણે ઉચ્ચસ્થાનો તથા અશેરીમની મૂર્તિઓ કાઢી નાખ્યાં. યહોશાફાટ રાજા બન્યો તેના ત્રીજા વર્ષના આસપાસના ગાળામાં તેણે આ બધાં કાર્યો કરાવ્યાં ( ઈ.સ. પૂર્વે ૮૬૯ ). પણ તેના જીવનના પાછલા સમયમાં આ બધાં સારાં કામ વિસારે પડયાં. પાછલા સમયમાં તેણે ઉત્તરના ઇઝ્રાયલ રાજ્ય સાથે મૈત્રી કરી. પૉલિટીકસમાં પડયો. એના પોતાના

દીકરા યહોરામે ઉત્તરના ઇઝરાયલ રાજ્યના રાજા આહાબ તેમ જ ભૂંડી અને મૂર્તિપૂજક રાણી ઇઝબેલની દીકરી સાથે લગ્ન કર્યાં (૨ કાળ. ૧૮ : ૧ અને ૨૧ : ૬). આમ, મૂર્તિપૂજક અસરો નીચે યહોશાફાટ આવ્યો, અને તેણે ફરી બંધાવા લાગેલાં ઉચ્ચસ્થાનો પ્રત્યે દુર્લક્ષ સેવ્યું, અને ફરી સ્થપાયેલી અશેરીમ મૂર્તિઓ તોડી પાડી નહિ. એટલે ૧ રાજા ૨૨ : ૪૩ માં લખ્યું છે કે "તો પણ ઉચ્ચસ્થાનો કાઢી નાખવામાં આવ્યાં નહિ, હજુ લોકો ઉચ્ચસ્થાનોમાં યજ્ઞ કરતા અને ધૂપ બાળતા હતા." એ વાત યહોશાફાટના પાછલા કાળમાં બની. એ જ વાત ૨ કાળવૃત્તાંત ૨૦:૩૩માં પણ આપી છે; "પરંતુ ઉચ્ચસ્થાનો કાઢી નાખવામાં આવ્યાં નહિ; તેમ જ લોકો હજુ સુધી પોતાના પિતૃઓના દેવ પર ખરા અંતઃકરણથી શ્રદ્ધા રાખતા નહોતા.'' ખોટી સોબત અને અનુચિત સગપણને લીધે આ બન્યું. એને લીધે યહોશાફાટને ઈશ્વરનો શાપ વેઠવો પડયો (૨ કાળ. ૨૦ : ૩૭).

## ૪૧ યૂસફને ઈસુની પૂર્વછાયા ગણી શકાય ?

**પ્રશ્ન :** બાઇબલમાં ઇસ્હાકને પ્રભુ ઈસુની પૂર્વછાયા (પ્રતિછાયા) તરીકે દર્શાવ્યો છે, પણ યૂસફ વિષે એવો ખાસ ઉલ્લેખ નથી. તો યૂસફને પ્રભુ ઈસુની પૂર્વછાયા ગણી શકાય? સમજાવશો.

**જવાબ :** બાઇબલમાં યૂસફ પ્રભુ ઈસુની પૂર્વછાયા તરીકે સ્પષ્ટ દર્શાવ્યો નથી, એ વાત ખરી, એમ છતાં એ બંને જીવન વચ્ચે ઘણું સામ્ય છે. એટલે યૂસફમાં પ્રભુ ઈસુના જીવનનો પડઘો ઊઠે છે, અને પ્રભુ ઈસુની પૂર્વછાયા યૂસફમાં પ્રતિબિંબિત થાય છે. નીચે કેટલીક સરખામણી જોઈએ :

(૧) બંને પોતાના પિતાના ઘણા વહાલા હતા. યાકૂબે યૂસફ પરના પ્રેમને લઈ ને એને રંગબેરંગી ડગલો સીવડાવી આપ્યો હતો. "હવે ઇઝરાયલ (યાકૂબ) તેના સર્વ દીકરાઓ કરતાં યૂસફ પર વિશેષ પ્રીતિ કરતો હતો" (ઉત્પ. ૩૭ : ૩). પ્રભુ ઈસુ બાપ્તિસ્મા પામીને યર્દનમાંથી નીકળી આવ્યા ત્યારે આકાશી પિતા તરફથી આકાશવાણી થઈ કે, "આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું" (માથ્થી ૩ : ૧૭). (સરખાવો યોહાન ૩ : ૩૫ ; ૫ : ૨૦).

(૨) બંને ઉપર તેઓના ભાઈ ઓ દ્વેષ કરતા હતા. "અને તેના (યૂસફના) ભાઈ ઓએ જોયું કે તેઓનો બાપ તેના સર્વ ભાઈ ઓ કરતાં તેના પર વિશેષ પ્રીતિ રાખે છે; અને તેઓ (ભાઈ ઓ) તેનો દ્વેષ કરતા ને તેની સાથે મીઠાશથી વાત કરી શકતા નહોતા" (ઉત્પત્તિ ૩૭ : ૪). ઈસુ વિષે પણ લખેલું છે : "તે પોતાનાંની પાસે આવ્યો, પણ પોતાના લોકોએ તેનો અંગીકાર કર્યો નહિ" (યોહાન ૧ : ૧૧). "જો જગત તમારા પર દ્વેષ રાખે છે તો તમારા અગાઉ તેણે મારા પર દ્વેષ રાખ્યો છે" (યોહાન ૧૫ : ૧૮).

(૩) તેઓ બંનેના ઊંચા પ્રકારના હક્કદાવા ભાઈ ઓએ સ્વીકાર્યા નહિ. યૂસફે 'પૂળીઓ નમી,' 'તારાઓ નમ્યા,' એવી પોતા સંબંધીની આગાહી વિષે જણાવ્યું ત્યારે ભાઈ ઓએ એ માન્ય ન રાખતાં કહ્યું, "શું તું ખચીત અમારા પર સત્તા ચલાવશે ? શું તું ખરેખર અમારો ધણી થશે ?" (ઉત્પત્તિ ૩૭ : ૮). ઈસુએ કહ્યું, "હું તથા બાપ એક છીએ." ત્યારે યહૂદીઓએ તેને મારવાને ફરીથી પથ્થર હાથમાં લીધા" (યોહાન ૧૦ : ૩૦, ૩૧). વળી જુઓ યોહાન ૧૦ : ૩૨–૩૩; માથ્થી ૨૧ : ૩૭–૩૯; યોહાન ૧૫ : ૨૪-૨૫.

(૪) બંનેના ભાઈ ઓએ અંદર અંદર સંતલસ કરીને તેમને મારી નાખવા સારુ નક્કી કર્યું. "અને તેઓએ (યૂસફના ભાઈ ઓએ)

તેને (યૂસફને) આઘેથી દીઠે', ત્યારે તેઓની પાસે તેના આવી પહોંચ્યા અગાઉ તેને મારી નાખવાને તેઓએ મસલત કરી" (ઉત્પત્તિ ૩૭ : ૧૮). ઈસુ માટે : "ત્યારે મુખ્ય યાજકો તથા લોકોના વડીલો કાયાફા નામે પ્રમુખ યાજકની કચેરીમાં એકઠા થયા; અને ઈસુને કપટથી પકડીને મારી નાખવા માટે તેઓએ મનસૂબો કર્યો" (માથ્થી ૨૬ : ૩–૪).

(૫) ખ્રિસ્તને, તેમ યૂસફને પણ તેના ભાઈઓએ તેમના ઇરાદાઓમાં તો તેને લગભગ મારી જ નાખ્યો હતો. યૂસફને : "અને તેઓએ તેને પકડયો, ને તેને ખાડામાં નાખી દીધો; તે ખાડો ખાલી હતો, ને તેમાં પાણી નહોતું" (ઉત્પત્તિ ૩૭ : ૨૪). ઈસુને : "અને તેને વધસ્તંભે જડયા પછી તેઓએ ચિઠ્ઠી નાખીને તેનાં લૂગડાં માંહોમાંહે વહેંચી લીધાં" (માથ્થી ૨૭ : ૩૫).

(૬) બંને જણ વિદેશી પ્રજાઓને આશીર્વાદરૂપ બન્યા, અને યૂસફે તેમ જ ઈસુએ વિદેશીઓમાંથી કન્યા લીધી. ઉત્પત્તિ ૪૧માં અધ્યાયમાં આપ્યું છે તેમ યૂસફ મિસરની પ્રજા અને આસપાસની પ્રજાઓને આશીર્વાદ સમાન થઈ પડયો, અને ઉત્પત્તિ ૪૧ : ૪૫ માં આપ્યું છે તેમ વિદેશી યાજક પોટીફેરાની દીકરી આસનાથ સાથે તેનાં લગ્ન કરાવ્યાં. એમ જ પ્રભુ ઈસુના મૃત્યુથી વિદેશીઓમાં તારણ આવ્યું, અને વિદેશીઓમાંથી બનેલી મંડળીરૂપી કન્યા પ્રભુ ઈસુની કન્યા બની. (જુઓ એફેસી. ૫ : ૨૫–૩૨).

(૭) યૂસફને યૂસફના ભાઈઓ સાથે સુમેળ થયો, અને તેઓ આખરે સારી સ્થિતિમાં આવ્યા, અને આબાદાની પામ્યા. તેમ જ ઈસુ ખ્રિસ્તના ભાઈઓ યહૂદીઓ પણ આખરે પ્રભુ ઈસુને ઓળખીને તેમનો સ્વીકાર કરશે, અને ખ્રિસ્તમાં આશીર્વાદિત અને મહિમાવાન બનશે (રોમન ૧૧ : ૧, ૧૫, ૨૫–૨૬).

# ૪૨ યિર્મેયા કે ઝખાર્યા?

**પ્રશ્ન :** માથ્થી ૨૭ : ૯માં આમ લખ્યું છે : "ત્યારે **યિર્મેયા** પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થયું કે, "જેનું મૂલ્ય ઠરાવવામાં આવ્યું, એટલે જેનું મૂલ્ય ઇઝરાયલપુત્રોએ ઠરાવ્યું તેના મૂલ્યના ત્રીસ રૂપિયા તેઓએ લીધા; અને જેમ પ્રભુએ મને હુકમ કર્યો, તેમ કુંભારના ખેતરને સારુ મેં તે આપ્યા." પણ આ પ્રસંગ યિર્મેયામાં આવતો જ **નથી**, **પણ** ઝખાર્યા ૧૧ : ૧૨–૧૩માં આવે છે. તો શું માથ્થીની સુવાર્તાના લેખકે ભૂલ કરી છે?–અને ભૂલથી યિર્મેયાનું નામ આપ્યું છે?

**જવાબ :** જૂના કરારના અને પ્રભુ ઈસુના સમયમાં જૂના કરારના ત્રણ ભાગ હતા : (૧) **મૂસા,** જેમાં મૂસાનાં લખેલાં પાંચ પુસ્તક આવી જતાં હતાં : ઉત્પત્તિથી પુનર્નિયમ સુધી. એને **પંચગ્રંથ** તરીકે પણ ઓળખવામાં આવતાં; (૨) બીજો ભાગ **પ્રબોધકો** તરીકે યા **યિર્મેયા** તરીકે પણ કવચિત, ઓળખાતો. યિર્મેયા તરીકે એ માટે કે એ ભાગનું પહેલું પુસ્તક યિર્મેયા હતું. આપણા બાઇબલમાં અને અમુક હિબ્રૂ બાઇબલમાં યશાયા પ્રથમ પુસ્તક છે, પણ તે સમયોમાં યિર્મેયા પહેલું હતું. એટલે આ આખા **પ્રબોધકો-વિભાગને** યિર્મેયા તરીકે ઓળખવામાં આવતું.

યહૂદી તાલ્મુદમાં આ વાતનો ઉલ્લેખ મળે છે. એટલે પ્રભુ ઈસુ આખા વિભાગને 'યિર્મેયા' તરીકે ઓળખાવે છે. આ વિભાગમાં યિર્મેયા, યશાયા હઝકીએલ...ઝખાર્યા...આવી જાય છે. ગુજરાતીમાં "યિર્મેયા પ્રબોધકે કહેલું" એમ લખ્યું છે, પણ મૂળમાં "યિર્મેયાએ લખેલું" એવું છે, એટલે કે 'યિર્મેયા વિભાગે લખેલું' એવું થાય.

(૩) જૂના કરારનો ત્રીજો ભાગ તે **"લખાણો."** હિબ્રૂમાં એને **'મગ્ગીલોથ'** કહે છે. એમાં 'ગીતશાસ્ત્ર', 'અયૂબ', 'ગીતોનું ગીત', 'નીતિવચન', 'સભાશિક્ષક', ઇત્યાદિ આવે છે. એને 'મગ્ગીલોથ' (લખાણો) તરીકે ઓળખવામાં આવે છે. 'નીતિવચન'ની કોઈ કલમ વિષે કહેવાનું હોય તો **મગ્ગીલોથ**માં આમ લખેલું છે, એમ બોલાતું. એટલે માથ્થીની સુવાર્તાના લેખકે કોઈ ભૂલ કરી નથી.

ઉપર કહ્યું તેનો દાખલો બાઇબલમાંથી જ મળે છે: "તેણે (પ્રભુ ઈસુએ) તેઓને કહ્યું કે, હું તમારી સાથે હતો ત્યારે મેં એ વાતો તમને કહી હતી કે **મૂસાના નિયમશાસ્ત્રમાં** (બાઇબલનાં પહેલાં પાંચ પુસ્તકોમાં) તથા **પ્રબોધકોમાં** (અર્થ સ્પષ્ટ કરવા ગુજરાતીમાં કૌંસમાં મૂકયું છે કે [નાં **પુસ્તકોમાં**] તથા **ગીતશાસ્ત્ર**માં ('મગ્ગીલોથ'ના પહેલા પુસ્તક પરથી એ આખા વિભાગને **'ગીતશાસ્ત્ર'** એમ લખ્યું છે) મારા સંબંધી જે લખેલું છે તે બધું પૂરું થવું જોઈએ." (લૂક ૨૪ : ૪૪ અને વળી જુઓ લૂક ૨૪ : ૨૫–૨૭).

## ૪૩ સિરકો શું છે?

**પ્રશ્ન :** માથ્થી ૨૭ : ૩૪ અને ૪૮માં સિરકો આપ્યું છે તે શું છે? કલમ ૩૪માં તો "પિત્ત ભરેલો સિરકો" લખ્યું છે તે શું છે?

**જવાબ :** આપણે હાલમાં વાપરીએ છીએ એવો સિરકો નહિ, પણ એવા જ પ્રકારનો હલકા પ્રકારનો દારૂ તે જમાનામાં વપરાતો અને ગરીબ લોકો તથા સિપાઈઓ વાપરતા હતા. આપણો સિરકો અને તે વખતનો દારૂ ફળ અને અનાજમાંથી બનાવતા હતા. આવા દારૂમાં પિત્ત ભેળવીને ક્રૂસે જડાયેલા અથવા ખૂબ વેદના

ભોગવતા ગુનેગારને આપવામાં આવતો જેથી ઘેન અને નશામાં તેને ઝાઝા દુઃખનું ભાન ન રહે, પીડા યા વેદનાનું પ્રમાણ તેને તદ્દન નજીવું લાગે.

કલમ ૩૪ આગળ જણાવે છે તેમ "પણ ચાખ્યા પછી તેણે તે પીવાની ના પાડી." લોકોનાં પાપની શિક્ષા ખમતા પ્રભુ ઈસુએ સભાન અને સંપૂર્ણ સાનભાનપૂર્વક એ શિક્ષા ખમવી હતી.

## ૪૪ નિકોલાયતીઓ અને બલઆમ શું છે?

**પ્રશ્ન :** પ્રકટીકરણ ૨ : ૬માં **"નિકોલાયતીઓનાં કામ"** વિષે લખ્યું છે, અને ૨ : ૧૫માં **"નિકોલાયતીઓના બોધ"** વિષે લખ્યું છે એ શું છે? વળી ૨ : ૪માં **"બલઆમના બોધ"** વિષે પણ આપ્યું છે. એ શું છે તે સમજાવશો?

**જવાબ :** પ્રેરિતોનાં કૃત્યો ૬ : ૫માં મંડળીએ સાત માણસોને સેવાને માટે ચૂંટી કાઢ્યા તેમાં સાતમા વિષે આમ લખ્યું છે : "તથા અંત્યોખના યહૂદી થયેલા નિકોલાસને તેઓએ ચૂંટી કાઢ્યા." કેટલાક અભ્યાસીઓનું કહેવું છે કે આ જ નિકોલાસે પાછળથી દુર્મત ફેલાવ્યો. આપણી પાસે કોઈ સબળ પુરાવો નથી.

શરૂઆતની મંડળીના કેટલાક ધર્મપિતૃઓના (ઈગ્નેશિયસ, આઈરેનિયસ, એલેકઝાન્ડ્રિયાના કલેમેન્ટ, તર્તુલિયન અને હિપ્પોલિટસના) કહેવા પ્રમાણે કેટલાક ખ્રિસ્તીઓ ખ્રિસ્તી હોવા છતાં અનૈતિક જીવન જીવતા હતા. કુટુંબની બહાર અન્ય છોકરીઓ કે પરણિત સ્ત્રીઓ સાથે શરીર–સંબંધ કરતા હતા. અને બીજાં ઘણાં અનૈતિક કામો કરતા હતા. આ કામોને પ્રકટીકરણ ૨ : ૬ **"નિકોલાયતીઓનાં કામો"** તરીકે ઓળખાવવામાં આવ્યાં છે. પાછળથી

એ માન્યતા એક ભ્રષ્ટ સિદ્ધાંત અથવા 'બોધ' બની ગયો. આ માન્યતા આવી હતી કે, તમારો આત્મા ખ્રિસ્તને સોંપ્યો છે એટલું બસ. તમે ઉમર પ્રમાણેનું ભ્રષ્ટ શરીર-જીવન જીવો, પણ તેથી આત્માને આંચ આવતી નથી. આ મત પાછળથી ઠીક ઠીક ફેલાયો. એને જ પ્રકટી. ૨ : ૧૫ **''નિકોલાયતીઓનો બોધ''** કહ્યો છે. આજના આપણા વિસમી સદીના જમાનામાં જેને **'મુક્ત પ્રેમ'** (free love) તરીકે ઓળખવામાં આવે છે, અને પશ્ચિમ તેમ જ પૂર્વની દુનિયા સમૂહ આંધળકિયાં કરે છે, એ જ 'નિકોલાયતીઓનો બોધ અને કામો' છે. આજના **'સ્વીંગીંગ'** અડ્ડાઓ (પતિ-પત્નીઓની રાત માટે અદલાબદલી કરવાની કલબો), લગ્ન વગર કે લગ્ન બહાર શરીર-સંબંધ બાંધવા, સજાતીય (પુરુષ પુરુષ સાથે અને સ્ત્રી સ્ત્રી સાથે) શરીર-સુખ માણવું-ચેનચાળા કરવા, એ બધું આ નિકોલાયતીઓના બોધમાં અને નિકોલાયતીઓનાં કામોમાં ખપે છે. (હું અહીં ખ્રિસ્તમાં માનનારાંઓ વિષે લખું છું; બહારની દુનિયા વિષે નહિ).

**બલઆમનો બોધ** (પ્રકટી. ૨ : ૧૪) અને **બલઆમનો માર્ગ** (૨ પિતર ૨ : ૧૫). બલઆમની વાત ગણના ૨૨થી ૨૫મા અધ્યાય સુધીમાં આપી છે. મિસરથી નીકળેલા યહૂદીઓએ (હિબ્રૂઓએ) કનાન પહોંચતાં અગાઉ મોઆબના મેદાનમાં છાવણી કરી, ત્યારે મોઆબનો રાજા ગભરાયો. તેણે શિનિયાર પ્રદેશથી (બાબિલોન, મેસોપોતામિયા આશ્શુર કે આજના ઇરાકથી) બલઆમ નામના પ્રબોધકને બોલાવ્યો, અને પુષ્કળ સોનું અને દ્રવ્ય આપવાની લાલચ આપી, જેથી તે આવીને યહૂદીઓને શાપ આપે. પણ ઈશ્વરે તેને શાપ આપતાં વાર્યો. આથી બલઆમે યહૂદીઓને શાપ તો ન આપ્યો. પણ (ગણના ૨૫મા અધ્યાય પ્રમાણે) તેણે યહૂદીઓને ભ્રષ્ટ માર્ગમાં દોર્યા, જેથી તેઓ ઉપર ઈશ્વરનો કોપ આવે અને ઈશ્વર તેઓનો વિનાશ કરે. શાપ દ્વારા જે કરવું હતું તે ભ્રષ્ટતા દ્વારા અમલી બનાવ્યું.

યહૂદીઓ ઉપરની દોરવણી અને પરીક્ષણ પ્રમાણે મોઆબી કન્યાઓ અને સ્ત્રીઓ સાથે પરણ્યા, ભેળસેળ બન્યા અને ઈશ્વરનો કોપ પોતા ઉપર ઊતાર્યો. આવા 'દીકરી-વ્યવહાર'થી તેઓએ મોઆબી દેવ-દેવાઓના પૂજા પણ કરી હતી, (જુઓ ગણના ૨ : ૧-૯). આથી ઈશ્વરના કોપને કારણે ચોવીસ હજાર યહૂદીઓ માર્યા ગયા !

બલઆમ યહૂદીઓને શાપ ન જ આપી શકયો, કારણ, ઈશ્વરે તેને સખ્ત રીતે વાર્યો હતો, પણ તેણે યહૂદીઓને ભ્રષ્ટતાનો બોધ આપ્યો. એ જ **"બલઆમનો બોધ"**.

**બલઆમનો માર્ગ** (૨ પિતર ૨ : ૧૫). **"ખરો માર્ગ** મૂકીને તેઓ **અવળે માર્ગે** ગયા છે, અને બેઓરનો [દીકરો] **બલઆમ,** જે અન્યાયના ફળ પર મોહ પામ્યો, **તેને માર્ગે** ચાલનારા થયા." બલઆમ યહૂદીઓને શાપ તો ન દઈ શકયો, પણ રાજા બાલાકે ઘર ભરીને ધન (ગણના ૨૪ : ૧૩) આપવા કહ્યું હતું તે ધન માટે તેનું (બલઆમનું) મન મોહ્યું હતું. એટલે રાજા બાલાક જેને શત્રુઓ ગણતો હતો તેમને બલઆમે **બઆલ-પેયોરના પંથમાં** (ગણના ૨૫ : ૩) ભેળવ્યા. આ પંથ મૂર્તિપૂજાનો અને નૈતિક ભ્રષ્ટતાનો પંથ યા માર્ગ હતો. એ દ્વારા યહૂદીઓ મોઆબી કન્યાઓ પરણીને ભ્રષ્ટ બન્યા. એટલું જ નહિ, પણ ભયંકર વ્યભિચારની ભ્રષ્ટતામાં પડી ગયા. બઆલ-પેયોરની મૂર્તિપૂજામાં આ ભ્રષ્ટતા સાંકળેલી હતી.

પૈસાને ખાતર અને લોભની દૃષ્ટિએ ધર્મનાં કામકાજ કરવાને પણ **બલઆમનો માર્ગ** કહ્યો છે. એ બધાં "ભાડૂતી ધર્માચારીઓ" છે.

**"બલઆમની ભૂલ'** : "તેઓ કાઈનને માર્ગે ચાલ્યા, તેમ જ દ્રવ્યલાલસાને માટે **બલઆમની ભૂલમાં** ધસી ગયા, અને કોરાહના બંડમાં નાશ પામ્યા (યહૂદા ૧ : ૧૧) "બલઆમના માર્ગ"માં આનો ખુલાસો આવી જાય છે.

## ૪૫ પ્રભુ ઈસુએ કયારે બાપ્તિસ્મા આપ્યું ?

**પ્રશ્ન :** લૂક ૩:૧૬માં યોહાન બાપ્તિસ્ત પ્રભુ ઈસુ માટે આ પ્રમાણે કહે છે : "હું તો પાણીથી તમારું બાપ્તિસ્મા કરું છું; પણ મારા કરતાં જે બળવાન છે તે આવનાર છે,......તે પવિત્ર આત્માથી તથા અગ્નિથી તમારું બાપ્તિસ્મા કરશે." તો પ્રશ્ન એ થાય છે કે પ્રભુ ઈસુએ આ બાપ્તિસ્મા કયારે અને કોને આપ્યું ?

**જવાબ :** પ્રભુ ઈસુએ પૃથ્વી પર હતા ત્યારે કોઈને પણ બાપ્તિસ્મા આપ્યું નથી (યોહાન ૪ : ૨). પણ પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી તેમણે પચાસમાના દિવસે પવિત્ર આત્મા મોકલી આપ્યો, અને શરૂઆતની મંડળી યરુશાલેમમાં એકત્ર મળી હતી ત્યારે તે સમયે પવિત્ર આત્મા તેમના પર ઊતર્યો, અને તે દ્વારા પવિત્ર આત્માથી તેમનું પ્રત્યેકનું બાપ્તિસ્મા થયું, વળી અગ્નિરૂપી જીભો તેમના ઉપર ઊતરી, આમ, તેઓ બધાને પવિત્ર આત્મા તથા અગ્નિ દ્વારા પ્રભુ ઈસુએ બાપ્તિસ્મા આપ્યું. ત્યારથી પવિત્ર આત્મા તેમના પ્રત્યેકમાં કાયમ માટે રહ્યો. પ્રભુ ઈસુએ પવિત્ર આત્મા મોકલી આપવા વચન આપ્યું હતું (જુઓ યોહાન ૧૪:૧૬-૧૭).

આજના જમાનામાં પણ, તેમ જ મંડળીની સ્થાપના પછીના હરેક જમાનામાં પ્રભુ ઈસુ પોતાની પાસે આવનારને પવિત્ર આત્માનું બાપ્તિસ્મા આપતા આવ્યા છે, ને આપે છે. અગ્નિનું બાપ્તિસ્મા એટલે, પ્રભુ ઈસુ એનાં પાપ માફ કરીને તેને પરીશુદ્ધ કરે છે, પચાસમા દિવસના ઐતિહાસિક બનાવની પેઠે આજે પવિત્ર આત્મા આવનાર ઉપર અગ્નિની જીભો ઊતરતી નથી, પણ પવિત્ર આત્મા તેનામાં વાસો કરે છે. પચાસમાને દિવસે પવિત્ર આત્મા આકાશથી

ઊતર્યો; પણ આજે પવિત્ર આત્મા આકાશથી ઊતરતો નથી, કારણ, પવિત્ર આત્મા ઈશ્વરની ખરી મંડળી મધ્યે અને પ્રત્યેક વિશ્વાસીના હૃદયમાં વાસો કરે છે. એટલે આજે જ્યારે કોઈ પણ માણસ ખ્રિસ્તનો સ્વીકાર કરીને તેમની પાસે આવે છે, ત્યારે મંડળી મધ્યે વસતો પવિત્ર આત્મા તે વ્યક્તિના હૃદયમાં પ્રવેશે છે અને તેનો કબજો લે છે. પવિત્ર આત્માનું મુખ્ય કામ, અગ્નિ જેમ, પ્રભુના લોકોને શુદ્ધ અને પવિત્ર કરવાનું છે, અને એનું ચિહ્ન તે અગ્નિ છે.

## ૪૬ સ્વર્ગમાં જમવાનું હશે?

**પ્રશ્ન :** પુનરુત્થાનમાં આપણને આત્મિક શરીર મળશે. ૧ કોરિંથી. ૧૫ : ૪૨–૪૪માં અને ૫૨–૫૪ કલમો શીખવે છે કે 'પ્રાણી શરીર', કે 'વિનાશી શરીર,' કે 'મર્ત્ય શરીર' પલટાઈ જઈને આપણને 'આત્મિક શરીર,' 'અવિનાશી શરીર,' કે 'અમર શરીર' મળશે. તો એવા પલટાયલા શરીરને ખોરાક યા પોષણની જરૂર રહેશે? હાલનું આપણું ભૌતિક કે પ્રાણી શરીર ખોરાક લેવાય તો જ ટકે, નહિ તો એ શરીર મૃત્યુ પામે. પણ આત્મિક શરીર તો અમરપણું ધારણ કરેલું હશે. તો એવા શરીરને ખોરાકની જરૂર પડવાની ખરી? વળી પ્રકટીકરણ ૭ : ૧૬ જણાવે છે કે "તેઓને ફરી ભૂખ લાગશે નહિ અને ફરી તરસ પણ લાગશે નહિ." તો સ્વર્ગમાં ખોરાકની જરૂર રહેશે નહિ; બરાબર ને?

**જવાબ :** હા, આત્મિક શરીર કે અમરપણું ધારણ કરેલા શરીરને પોષણની જરૂર નથી. મર્ત્ય કે ભૌતિક શરીરોને જીવંત રાખવા પોષણ પૂરું પાડવું પડે છે; પણ અમર શરીરોને ખોરાક કે પોષણની જરૂર નથી રહેતી. એ વાત તદ્દન ખરી. છતાં બીજી એક વાત પણ

ધ્યાન ખેંચે છે. (૧) પ્રભુ ઈસુ પોતાના પુનરુત્થાન પછી મહિમાવંત શરીર દ્વારા ખાય છે : "તેઓએ તેને શેકેલી માછલીનો એક કકડો આપ્યો. તે લઈને તેણે તેઓની આગળ ખાધો" (લૂક ૨૪ : ૪૨, ૪૩ ). પ્રભુ ઈસુ 'અમર' અને 'આત્મિક' શરીર પામ્યા હતા. એમને એ અમર તથા આત્મિક શરીરના પોષણ માટે ખોરાકની જરૂર નહોતી. છતાં એમણે આ ખોરાક ખાધો ! (૨) અબ્રાહમે રોટલી, માખણ, દૂધ તથા પકાવીને તૈયાર કરેલું વાછરડું ત્રણ સ્વર્ગીય પુરુષોની આગળ પીરસ્યું, ત્યારે તેઓએ તે વાનગીઓ ખાધી. બાઇબલમાં આપ્યું છે : " ને તેઓએ ખાધું." (જુઓ ઉત્પત્તિ ૧૮ : ૧-૮ ). વળી આ ત્રણમાંનો એક તો યહોવા (નવા કરાર પ્રમાણે 'ઈશ્વરનો શબ્દ' અથવા ઈસુ ખ્રિસ્ત) હતો (જુઓ ઉત્પત્તિ ૧૮ : ૧૭,૨૨). (૩) ઉત્પત્તિ ૧૯:૧માં આપ્યું છે કે એ ત્રણમાંના બાકી રહેલા બે દૂત સદોમમાં આવ્યા, અને લોટે તેમને પોતાને ઘેર પરોણા રાખ્યા, અને ત્રીજી કલમમાં લખ્યું છે : "અને તેણે તેઓને સારુ ભોજન તૈયાર કર્યું, ને બેખમીર રોટલી કરી, ને તેઓએ ખાધું." તેઓને ભૂખ લાગી હતી માટે ખાધું, એમ તો નહિ. તેઓ દૂત હતા, ને તેમને અમર, આત્મિક શરીરો હતાં એટલે ભૂખ તો લાગે જ નહિ. (૪) પાપ કર્યા પહેલાં આદમ અને હવાના શરીરો 'અમર' હતાં; મરવાની વાત તો પાપને કારણે આવી. આવાં અમર શરીરોમાં રહીને આદમ અને હવા વાડીનાં ફળો ખાતાં ( ઉત્પત્તિ ૨:૯,૧૫). ( આદમ અને હવાની વાતમાં કંઈક વધુ સમજી લેવાની જરૂર છે, પણ તે અત્યારે નહિ ). (૫) પ્રકટી. ૨૨ : ૨માં આપ્યું છે કે નવા યરુશાલેમમાં ઈશ્વરના રાજ્યાસનમાંથી "નીકળતી સ્ફટિકના જેવી ચળકતી જીવનના પાણીની નદી નગરના રસ્તા મધ્યે દેખાડી. એ નદીના બંને કિનારે જીવનનું ઝાડ હતું. તેને બાર પ્રકારનાં ફળ લાગતાં હતાં; દર માસે તેને નવીન ફળ આવતાં હતાં. વળી તે ઝાડનાં

પાંદડાં સર્વ પ્રજાઓને નિરોગી કરવા સારુ હતાં." (૬) વળી પ્રકટી. ૨ : ૧૭ માં પેર્ગામમની મંડળીને પ્રભુ ઈસુએ વચન આપ્યું છે કે, "...... તેને હું ગુપ્ત રાખેલા માન્નામાંથી આપીશ." (૭) વળી પ્રભુ ઈસુએ પોતે કહ્યું કે તેમના પુનરાગમન પછી તે તેમના લોકોની સાથે નવો દ્રાક્ષારસ પીશે. "અને હું તમને કહું છું કે, હું મારા પિતાના રાજ્યમાં તમારી સાથે નવો દ્રાક્ષારસ નહિ પીઉં, તે દિવસ સુધી હું હવેથી તે પીનાર જ નથી" ( માથ્થી ૨૬ : ૨૯ ).

આમ, નવા યરુશાલેમમાં "ભૂખ લાગશે નહિ," અને આત્મિક શરીરને પોષણની જરૂર પડશે નહિ, તેમ છતાં ખાઈ શકાશે.–ઉપરના દાખલાઓમાં જોયું તેમ.

## ૪૭ લગ્નના પોશાક વગરનો માણસ

**પ્રશ્ન :** લગ્નનો પોશાક પહેર્યા વગરનો માણસ લગ્નમાં આવ્યો, એ માણસ વિષે ખુલાસો આપશો કે એને કેમ કાઢી મૂકવામાં આવ્યો ? માથ્થી ૨૨ : ૧૧.

**જવાબ :** સ્વર્ગીય પિતા પરમેશ્વરના પુત્ર પ્રભુ ઈસુનું લગ્ન મંડળી રૂપી કન્યા સાથે થવાનું છે, તેમાં આમંત્રિતો સર્વને ખાસ પોશાક આપવામાં આવે છે, એટલે કે પ્રભુ ઈસુનો ન્યાયીપણાનો ઝભ્ભો. એ પોશાક એટલે કે ખ્રિસ્તનું ન્યાયીપણું ધારણ કર્યા સિવાય એ લગ્નમાં કોઈ ભાગ લઈ શકે નહિ. પોતાનાં સદ્‌કૃત્યો (સારાં કામો)નો અંચળો ઓઢી–પહેરીને કોઈ એમાં આવી શકે નહિ; ગમે તેવા મહાન કે મહાત્મા હોય કે ધર્મી હોય, પણ પોતાનાં સુકૃત્યો દ્વારા એ લગ્નમાં ભાગ લઈ શકે જ નહિ.

લગ્નના પોશાક વગર આવેલો માણસ તે માત્ર નામધારી

ખ્રિસ્તી કે નામનો ખ્રિસ્તી છે. તેણે પ્રભુ ઈસુના મૃત્યુ યા લોહી દ્વારા મળેલું ન્યાયીપણું સ્વીકાર્યું નથી, પોતે ખ્રિસ્તને સોંપાયેલો નથી, તેનો નવો જન્મ થયો નથી. એવા ઘણાનાં નામ મંડળીના દફતરે હશે, અને બધો જ બહારનો ધર્માચાર કરતો હશે, પણ એવા માણસનું નામ હલવાનના જીવન-પુસ્તકમાં નોંધાયેલું નહિ હોય, તો તે હલવાનના લગ્ન જમણમાં નહિ પ્રવેશી શકે. ખ્રિસ્તમાં તેને કોઈ લાગભાગ નથી. તે ખ્રિસ્તનો નથી જ. તે બહારના અંધકારમાં ફેંકાશે, જ્યાં અનંતકાળ માટે રડવું તથા દાંત પીસવું થશે.

## ૪૮ આકાશના રાજ્યની ચાવીઓ

**પ્રશ્ન :** માથ્થી ૧૬:૧૯માં આમ લખ્યું છે: "આકાશના રાજ્યની કૂંચીઓ હું તને આપીશ." તો આ વાક્યનો શો અર્થ થાય છે?

**જવાબ :** પ્રભુ ઈસુ કાઈસારિયા ફિલિપ્પીની સીમમાં પોતાના શિષ્યો સાથે એકાંતમાં હતા, ત્યારે મંડળી વિષેની કેટલીક અંગત વાતચીત તેઓને થઈ હતી. એ પ્રસંગે આ ઉચ્ચારણ પ્રભુ ઈસુએ પિત્તરને ઉદ્દેશીને કહ્યું હતું. અહીં શરૂઆતમાં ચારપાંચ ખુલાસાની જરૂર છે એ ખુલાસા આપણે કરી લઈએ.

**પહેલો ખુલાસો :** "આકાશના રાજ્યની કૂંચીઓ," નહિ કે 'સ્વર્ગની કૂંચીઓ." ઘણી વખતે આ ભૂલ ભરેલી સમજૂતી કરવામાં આવે છે કે, સ્વર્ગના દરવાજાની ચાવી પિતરની પાસે છે,-પિત્તર સ્વર્ગનો દરવાજાદાર છે, અને તે જેને સ્વર્ગમાં પ્રવેશવા દે તે જ સ્વર્ગમાં પ્રવેશી શકે; અને તે જેને ન પ્રવેશવા દે, તે સ્વર્ગમાં ન પ્રવેશી શકે. આ ખોટી માન્યતા છે. સ્વર્ગદ્વારનો કોઈ એવો

દરવાજાદાર છે જ નહિ, પ્રભુ ઈસુએ કહ્યું છે કે, "હું બારણું છું" (યોહાન ૧૦ : ૯)." નૂહના બચાવરૂપી વહાણનું બારણું–નૂહ, કુટુંબ, અને અન્ય જીવોના અંદર આવી ગયા પછી યહોવાએ, એટલે પ્રભુ ઈસુએ, "તેને તેમાં બંધ કર્યો." (ઉત્પ ૭ : ૧૬) બચાવરૂપી વહાણનું દ્વાર પ્રભુ ઈસુએ જ બંધ કર્યું. પાંચ ડાહી કુમારિકાઓ વરરાજા જોડે અંદર ગઈ, એ પછી "બારણું બંધ કરવામાં આવ્યું" (માથ્થી ૨૫: ૧૯). કુમારિકાઓએ નહિ, પણ વરરાજાએ પોતે (એટલે પ્રભુ ઈસુએ) બારણું બંધ કર્યું. સ્વર્ગનો દરવાજાદાર પિતર છે જ નહિ, અને અહીં 'સ્વર્ગની ચાવીઓ' છે જ નહિ.

**બીજો ખુલાસો**: અહીં 'મંડળીની ચાવીઓ' શબ્દ નથી, પણ 'આકાશના રાજ્યની ચાવીઓ' શબ્દો છે. **મંડળી** અને **આકાશનું રાજ્ય** એક જ વાત નથી. (એ વિષે અગાઉના ખુલાસા જોઈ જવા, જેમ કે, "બાઇબલ અભ્યાસ" ભાગ ૧લો ૩૯મો પ્રશ્ન, ખ્રિસ્તીબંધુ, જાન્યુ. ૮૫ અંક પ્રશ્ન iii, ડિસે. ૮૪ અંક, પ્રશ્ન i). અહીં "આકાશના રાજ્યની કૂંચીઓ" છે. 'મંડળી' એ નવો જન્મ પામેલાંનો સમૂહ; 'આકાશનું રાજ્ય' એટલે ખ્રિસ્તી સમાજ (જમાત, ક્રિશ્ચન્ડમ).

**ત્રીજો ખુલાસો**: વ્યક્તિગત એકલા પિતરને જ આ કૂંચીઓ સોંપવામાં આવી નથી, પણ બારેય શિષ્યોના સાથમાં આગેવાન પિતરને આપવામાં આવી છે. બીજા શિષ્યો કરતાં પિતર એકલાને આવો અધિકાર આપવામાં આવ્યો નથી. પિતરે પોતે એવો કોઈ હક્ક કર્યો નથી. પિતરને સંબોધીને જે કંઈ અધિકાર આપવામાં આવ્યો તે બારેય જણને હતો (જુઓ માથ્થી ૧૮ : ૧૮ અને યોહાન ૨૦:૨૩).

**ચોથો ખુલાસો**: કોઈ એક 'ગુરુ ચાવી' અહીં નથી; "ચાવીઓ (કૂંચીઓ) એવું બહુવચન વપરાયલું છે. એક ચાવી નહિ, પણ ચાવીઓનો ઝૂમખો. પિતરે આ ચાવીઓ (આકાશના રાજ્યની

કૂંચીઓ), ત્રણ વખત વાપરેલી બાઇબલમાં બતાવવામાં આવી છે.

(૧) પચાસમાને દિવસે પિતરે, પ્રભુ ઈસુને નામે, **ઇઝરાયલ પ્રજાની આગળ** સુવાર્તાની જાહેરાત કરીને આકાશના રાજ્યમાં પ્રવેશવા ખુલ્લું મૂક્યું ( પ્રે. કૃ. ૨ : ૧–૧૬ ).

(૨) ફરીથી પિતરે આકાશના રાજ્યની ચાવી દ્વારા સુવાર્તાનું દ્વાર **સમરૂનીઓ આગળ** ખુલ્લું કર્યું ( પ્રે.કૃ. ૮ : ૧૪–૨૪ ).

(૩) ત્રીજી વાર પિતરે આ ચાવી કર્નેલિયસના ઘરમાં એકત્ર થયેલાં વિદેશીઓ ( યહૂદી ધર્મ પાળનાર સિવાયનાં અન્ય આગળ) વાપરી સુવાર્તાનું દ્વાર ખુલ્લું મૂક્યું. (પ્રે.કૃ. ૧૦).

પ્રભુ ઈસુની આજ્ઞાના ક્રમ પ્રમાણે જ આ થયું. શરૂઆત યરુશાલેમથી, આખા યહૂદિયામાં એ પછી સમરૂનમાં, અને ત્યાર પછી પૃથ્વીના છેડા સુધી સર્વ વિધર્મીઓ (અન્ય ધર્મીઓમાં ). એ કામ પ્રેરિત પાઉલે ઉપાડી લીધું.

## લેખકનાં પુસ્તકો

* બોલતા આંકડા (અનુવાદ)
* ગ્રબગુફાનો શહીદ (અનુવાદ)
* ગાંધીજીને ગમતાં ગીતો
* વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ)
* ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
* બાઇબલ કોણે લખ્યું ? (ડ્રામા)
* ખ્રિસ્તી શિષ્યપણું–કઠણ માર્ગે (અનુવાદ)
* ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
* ઈસુ જીવનદર્શન (બાળકો માટે સચિત્ર)
* અનોખી ઇઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૧ લો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૨ જો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૩ જો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૪ થો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* બાઇબલ–અભ્યાસ ભાગ ૫ મો (બાઇબલના મૂંઝવતા પ્રશ્નો)
* માનવોનાં દુ:ખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રેક્ટ)
* યરૂશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ?
(બીજી આવૃત્તિ તૈયાર થાય છે)
* અજાયબ ભવિષ્યવચનો–(મુક્તિયોજનાનાં સાત પર્વ)
* દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી–૧
* પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી–૨
* રશિયા, ઇઝરાયલ અને બાઇબલ : પુનરાગમન : ગ્રંથાવલી–૩
* મૂળભૂત હકકો પર તરાપ મારતું બિલ (ટ્રેક્ટ)
* અન્ય ટ્રેક્ટો
* ચાર્ટો દ્વારા સળંગ બાઇબલ શિક્ષણ (પ્રેસમાં છપાય છે)

## આગામી પુસ્તકો

* પ્રકટીકરણનું પુસ્તક અને પુનરાગમન : પુનરાગમન–ગ્રંથાવલી–૪
* વિશ્વ બનાવો અને પ્રભુ ઈસુનું પુનરાગમન : પુનરા. ગ્રંથાવલી–૫
* મૃત્યુને પેલે પાર
* બાઇબલ અને સાયન્સ : ઉત્પત્તિના પહેલા ૧૧ અધ્યાય પર વિવરણ
* દુ:ખનો પ્રશ્ન


– પ્રાપ્તિસ્થાન –

ગુજરાત ટ્રેક્ટ એન્ડ બુક સોસાયટી

તેમ જ

ગુજરાતના ખ્રિસ્તી પુસ્તક–ભંડારો